અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : ૨૬ ફેબ્રુઆરી ૨૦૨૪, સોમવાર | વર્ષ : ૧૫ | તંત્રી : પટેલ સુરેશ રમણલાલ | કિંમત : રૂા. ૨.૦૦
વિક્રમ સંવત ૨૦૮૦, મહા વદ બીજ | અંક : ૨૦૬ | અમદાવાદ | પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. ટેલિફોન : ૦૭૯-૨૬૭૬૫૭૩૩ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886

### પીએમ મોદીએ દ્વારકામાં પબુભાની કરી પ્રસંશા

## હું સીએમ હતો ત્યારથી પબુભા બ્રિજ અંગે રજૂઆત કરતા હતા

। (એજન્સી) દ્વારકા, તા.૨૫ ।

દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદી ગુજરાતના પ્રવાસે છે, રવિવારે દ્વારકામાં પીએમ મોદીએ સિગ્નેચર બ્રિજનું ઉદઘાટન કર્યુ હતું. ખાસ વાત છે કે, અહીંના લોકોની માંગને ધ્યાનમાં રાખીને સિગ્નેચર બ્રિજનું નવુ નામ સુદર્શન સેતુ રાખવામાં આવ્યુ છે. વડાપ્રધાન મોદીએ બપોરે દ્વારકામાં એક જંગી જનસભાને સંબોધી હતી, જેમાં દ્વારકાના દિગ્ગજ બાહુબલી નેતા પબુભા માણેકની ખુબ જ પ્રસંશા કરી હતી. આજે બપોરે પીએમ મોદીએ જનસભાને સંબોધતા દ્વારકાના ધારાસભ્ય પબુભા માણેકની ભરપુર પ્રસંશા કરી હતી, પીએમ મોદી દ્વારકામાં સુદર્શન સેતુનું લોકાર્પણ પ્રસંગે કહ્યું કે, મને આ બ્રિજ અંગે પબુભા માણેક અનેકવાર રજૂઆત કરતા હતા, પીએમે કહ્યું કે, હું




મુખ્યમંત્રી હતો ત્યારે પબુભા માણેક બ્રિજ અંગે જ રજૂઆત કરતા હતા, પબુભા માણેકે સંકલ્પ લીધો હતો કે બ્રિજનું કામ કરવું જ છે, અને આજે જ્યારે આ બ્રિજનું કામ છે ત્યારે પબુભા સૌથી વધારે ખુબ છે. દ્વારકાથી સતત આઠમી વખત ધારાસભ્ય બનેલા પબુભા માણેકે આ બ્રિજ અંગે અનેકવાર પીએમ મોદીને વાત કરી હતી. પીએમ મોદી સુદર્શન સેતનું લોકાર્પણ કરી દીધું છે. આ અત્યાધુનિક બ્રિજનું નિર્માણ રૂ.૯૭૯ કરોડના ખર્ચે થયું છે. ૨.૩ કિમી લંબાઈના બ્રિજની સાથે ૨.૪૫ કિમીનો એપ્રોચ રોડ પણ બનાવાયો છે. સુદર્શન સેતુ દ્વારા બેટ દ્વારકા જતા દર્શનાર્થીઓની સુવિધામાં વધારો થશે.

વડા પ્રધાન નરેન્દ્ર મોદી દ્વારકા જાહેર સભામાં પહોંચ્યા હતા. તે સમયે મોટી જનમેદની એ મોદી મોદી નાં નારા લગાવ્યા હતા. મોદી ને સાંભળવા આતુર લોકો એ ભારત માતા કી જયનાં પણ નારા લગાવ્યા હતા. પીએમ મોદીએ કહ્યું, દ્વારકાની ભૂમિને નમન. ભગવાન શ્રીકૃષ્ણને મોરપીંછ અર્પણ કરી ધન્યતા અનુભવી. અનેક વર્ષોની ઈચ્છા આજે પૂરી થઈ. સુદર્શન સેતુના લોકાર્પણની તક મળી. સુદર્શન સેતુ એ એન્જિનિયરિંગનો કમાલ છે. પીએમ મોદીએ સંબોધનમાં કહ્યું, દ્વારકામાં આસ્થાના અનેક કેંદ્રો આવેલા છે. આજે દ્વારકાધામમાં દિવ્યતાનો અનુભવ થયો. આજે દરિયામાં પ્રાચીન દ્વારકાના દર્શન કર્યા. અહીં જે થાય છે તે દ્વારકાધીશની ઈચ્છાથી થાય છે. આ પહેલા દ્વારકાના દરિયામાં પીએમ મોદીએ ખાસ સ્કૂબા ડાઈવિંગ કર્યુ હતુ, પીએમ મોદીએ લક્ષદ્વીપ બાદ દ્વારકાના દરિયામાં સ્કૂબા ડાઈવિંગની મજા માણી હતી. પીએમે દ્વારકા દરિયામાં જઈને પૌરાણિક કૃષ્ણ નગરીના દર્શન કર્યા હતા, તેમને આ દરિયામાં દ્વારકાના દર્શનને દિવ્ય અનુભવ ગણાવ્યો હતો.

### મોદીએ બેટ દ્વારકા-ઓખાને જોડતા સુદર્શન સેતુને ખુલ્લો મૂક્યો

## સુદર્શન સેતુનું લોકાર્પણ ભગવાને મારા ભાગ્યમાં લખ્યું હતું: પીએમ મોદી

### વડાપ્રધાન મોદીએ સુદર્શન સેતુને લઈ કહ્યું કે આ એક ફક્ત બ્રિજ નથી પરંતુ એન્જિનિયરીંગનો કમાલ છે, આ સેતુ ભારતીયો માટે મોટી ભેટ છે

। (એજન્સી) દ્વારકા, તા.૨૫ ।

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે બેટ દ્વારકા અને ઓખાને જોડતા સિગ્નેચર બ્રિજનું ઉદ્‌ઘાટન કર્યું છે જેને સુદર્શન સેતુ નામ આપવામાં આવ્યું છે. આ પુલ ભારતમાં સૌથી લાંબો કેબલ આધારિત બ્રિજ છે જેના નિર્માણ માટે ૯૭૯ કરોડ રૂપિયાનો ખર્ચ થયો છે. આ બ્રિજ બનવાથી બેટ દ્વારકા અને ઓખા વચ્ચે રોજના હજારો લોકો કોઈ પણ જાતના જોખમ વગર સહેલાઈથી અવરજવર કરી શકશે. અત્યાર સુધી અહીં લોકોએ બોટનો ઉપયોગ કરવો પડતો હતો જેમાં કેપેસિટી કરતા અનેક



ગણા વધુ પ્રવાસીઓને બેસાડવામાં આવતા હોવાથી લોકો માટે જીવનું જોખમ સર્જાતું હતું. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ઓક્ટોબર ૨૦૧૭માં ૨.૩ કિમી લાંબા પુલનું ઉદ્‌ઘાટન કર્યું હતું. તેમણે કહ્યું હતું કે આ પુલ જૂની અને નવી દ્વારકા વચ્ચે એક સેતુ તરીકે કામ કરશે. આ પુલ ફોર લેનનો છે અને તેની પહોળાઈ ૨૭.૨૦ મીટર છે. પુલની બંને તરફ ૨.૫૦ મીટર પહોળી ફૂટપાથ છે. આ એક વિશિષ્ટ ડિઝાઈનથી બનેલો પુલ છે અને તેના પર ભગવદ ગીતાના શ્લોક તથા વાંચવા મળે છે તથા બંને તરફ ભગવાન શ્રીકૃષ્ણની ઈમેજ જોવા મળે છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી આજે પુલનું ઉદઘાટન કરતા પહેલા દ્વારકાધિશના મંદિરે આવ્યા હતા અને ભગવાનની મૂર્તિના દર્શન કર્યા હતા. સુદર્શન સેતુ પર બંને ફૂટપાથ પર સોલર પેનલ લગાડવામાં આવી છે જે એક મેગાવોટ વીજળીનું ઉત્પાદન કરશે. આ સેતુ દેવભૂમિ દ્વારકા કોરિડોરનો હિસ્સો છે જેના દ્વારા અહીં ધાર્મિક પર્યટનને ઉત્તેજન આપવામાં આવશે.

વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ રવિવારે દ્વારકાની મુલાકાત લીધી હતી. તેમણે દ્વારકાથી બેટ દ્વારકા જવા માટે બનાવેલા સુદર્શન સેતુનું લોકાર્પણ કર્યુ છે. ત્યાર બાદ એક જાહેર સભા સંબોધી છે.

### પીએમ મોદીએ દ્વારકાના દરિયામાં લગાવી ડુબકી

## મોદીએ દ્વારકાના પંચકુઈ બીચ પર મધદરિયે જઈને નિરીક્ષણ કર્યું

### મોદી દરિયાના ઊંડા પાણીમાં ઉતર્યા હતા અને તે ઠેકાણે પૂજા અર્ચના કરી જે ઠેકાણે સોનાની દ્વારકા નગરી ડૂબી હોવાનું કહેવાય છે



। (એજન્સી) દ્વારકા, તા.૨૫ ।

દ્વારકા નગરીએ આજે ઐતિહાસિક ઘડી બની છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે સવારે દ્વારકા, બેટદ્વારકાના દર્શન કરીને સુદર્શન સેતુ લોકો માટે ખુલ્લો મૂક્યો. જેના બાદ તેઓ દ્વારકાના દરિયે પહોંચ્યો હતો. પીએમ મોદીએ પંચકુઈ બીચ પર દરિયામાં અંદર જઈને નિરીક્ષણ કર્યું હતું. દ્વારકાના દરિયા કિનારાને પર્યટન તરીકે વિકસાવવાની કામગીરી ચાલી રહી છે. જેને પગલે પ્રધાનમંત્રી મોદીએ દરિયામાં જઈને નિરીક્ષણ કર્યું. તેઓએ વિકાસ કામગીરી અંગે અધિકારીઓ સાથે ચર્ચા કરી હતી. ઉલ્લેખનીય છે કે, દરિયા કિનારાને પર્યટન સ્થળ વિકસાવવા પીએમ મોદીનો ધ્યેય છે. આ સાથેજ પ્રધાનમંત્રી મોદીએ દ્વારકાના દરિયામાં ડૂબકી લગાવી હતી.

દરિયામાં ડૂબકી લગાવવાના અનુભવને વડાપ્રધાને અનન્ય ગણાવ્યો. દરિયામાં ડૂબેલી દ્વારકાના વડાપ્રધાન મોદીએ દર્શન કર્યા હતા. આ અદભૂત ક્ષણની તસવીરો તેમણે પોતાના ટ્વિટર પર શેર કરી હતી. તેમણે ટ્વિટર પર લખ્યું કે, પાણીમાં ડૂબેલા દ્વારકા શહેરમાં પ્રાર્થના કરવી એ ખૂબ જ દિવ્ય અનુભવ હતો. હું આધ્યાત્મિક ભવ્યતા અને કાલાતીત ભક્તિના પ્રાચીન યુગ સાથે જોડાયેલ અનુભવું છું. ભગવાન શ્રી કૃષ્ણ આપણા સૌનું ભલું કરે. પીએમ મોદી માટે દરિયાકાંઠે ટેન્ટ હાઉસ પણ તૈયાર કરવામાં આવ્યું હતું. સુદામા બ્રિજ નજીક આ તમામ વ્યવસ્થા ગોઠવવામાં આવી હતી. દરિયાના નિરીક્ષણ માટે થોડો સમય રિઝર્વ રાખવામાં આવ્યો હોવાની માહિતી પણ મળી હતી. પ્રધાનમંત્રીના આગમને પગલે અહીં નેવીની ટીમ સતત પેટ્રોલિંગ કરી રહી હતી. ચુસ્ત પોલીસ બંદોબસ્ત ખડકી દેવાયો હતો. ઓખા - બેટદ્વારકા વિસ્તારમાં પોલીસનું કડક બંદોબસ્ત ગોઠવી દેવાયો હતો. સાથે જ મેરીટાઈમ બોર્ડ તરફથી ફેરીબોટને પણ બંધ રાખવામાં આવી હતી. આ સાથે જ ૨૫ ફેબ્રુઆરી બાદ ફેરી સેવા સામાન્ય રૂપથી શરૂ કરી દેવાશે તેવુ જણાવાયુ હતું.

પ્રધાન મંત્રી મોદી આજે દ્વારકાના દરિયાના ઊંડા પાણીમાં ઉતર્યા હતા અને તે ઠેકાણે પૂજા અર્ચના કરી જે ઠેકાણે સોનાની દ્વારકા નગરી ડૂબી હોવાનું કહેવાય છે. પીએમ મોદી પોતાની સાથે મોરપંખ પણ લઈ ગયાં હતા અને શ્રદ્ધાસુમન અર્પણ કર્યા હતા. પીએમ મોદીએ કહ્યું, ’હું ભગવાન શ્રી કૃષ્ણની કર્મભૂમિ દ્વારકાધામને શ્રદ્ધાપૂર્વક નમન કરું છું. દેવભૂમિ દ્વારકામાં ભગવાન શ્રીકૃષ્ણ દ્વારકાધીશના રૂપમાં બિરાજમાન છે. અહીં જે પણ થાય છે તે દ્વારકાધીશની મરજીથી જ થાય છે. મેં દરિયામાં ઊંડે સુધી જઈને પ્રાચીન દ્વારકાજીને જોયા. પુરાતત્ત્વવિદોએ સમુદ્રમાં તે દ્વારકા વિશે ઘણું લખ્યું છે. કહેવાય છે કે ભગવાન વિશ્વકર્માએ પોતે આ દ્વારકાનગરીનું નિર્માણ કર્યું હતું. આજે મારું હૃદય અહોભાવથી ભરાઈ ગયું છે. હું અભિભૂત થઈ ગયો છું. દાયકાઓથી જે સપનું સેવવામાં આવ્યું છે અને આજે તે પવિત્ર ભૂમિને સ્પર્શ કરીને પૂર્ણ કરવામાં આવ્યું છે.

### ઈંગ્લેન્ડ બીજી ઈનિંગમાં માત્ર ૧૪૫ રનમાં ઓલ આઉટ થયું

। રાંચી, તા.૨૫ ।

ભારત અને ઈંગ્લેન્ડ વચ્ચે રાંચીમાં રમાઈ રહેલી ચોથી ટેસ્ટ મેચ જીતવા માટે ભારતે હવે ૧૫૨ રનની જરૂર છે. ઈંગ્લેન્ડ બીજી ઈનિંગમાં માત્ર ૧૪૫ રનમાં ઓલ આઉટ થઈ જતા ભારત સામે ૧૯૨ રનનો લક્ષ્યાંક આવ્યો હતો. ત્યાર પછી ભારતીય ટીમ બેટિંગમાં ઉતરી છે જેમાં દિવસના અંતે ભારતે કોઈ પણ વિકેટ ગુમાવ્યા વગર ૪૦ રન બનાવ્યા હતા. ત્રીજા દિવસની રમતના અંતે રોહિત શર્મા ચાર બાઉન્ડ્રી સાથે ૨૪ રનના સ્કોર પર હતો જ્યારે યશસ્વી જયસ્વાલ ૧૬ રન પર નોટ આઉટ હતો.

### સંસદની કેન્ટીનમાં મોદી સાથે લંચ કરતા જોવા મળ્યા હતા

## બહુજન સમાજ પાર્ટી છોડી બીજેપીમાં સામેલ થયા સાંસદ રિતેશ પાન્ડે

। (એજન્સી) લખનૌ, તા.૨૫ ।

યુપીની આંબેડકર નગર બેઠક પરથી લોકસભા સાંસદ રિતેશ પાન્ડેએ રવિવારે બહુજન સમાજ પાર્ટી (BSP)માંથી રાજીનામું આપી દીધું છે. હવે તેઓ ભાજપમાં જોડાયા છે. હાલમાં જ તેઓ સંસદની કેન્ટીનમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી સાથે લંચ કરતા જોવા મળ્યા હતા. માયાવતીની આગેવાની હેઠળની બસપાને લોકસભા ચૂંટણી પહેલા મોટો ઝટકો લાગ્યો છે. તેમણે માયાવતીને પત્ર લખીને કહ્યું છે કે પાર્ટીમાં તેમની જે ઉપેક્ષા થઈ રહી છે તેના કારણે તેમણે તેને છોડવાનો નિર્ણય લીધો છે.

રવિવારે બપોરે રિતેશ પાન્ડે ઉત્તર પ્રદેશના ડેપ્યૂટી સીએમ બ્રિજેશ પાઠક અને બીજેપીના અન્ય નેતાઓની હાજરીમાં પાર્ટીમાં જોડાયા હતા. છેલ્લા ઘણા દિવસોથી તેઓ બસપા છોડીને ભાજપમાં જોડાશે તેવી ચર્ચા ચાલી રહી હતી. ભાજપમાં જોડાયા બાદ બસપા સાંસદ રિતેશ પાન્ડેએ કહ્યું કે હું છેલ્લા ૧૫ વર્ષથી બસપા સાથે કામ કરી રહ્યો છું. હું તેમની (માયાવતી) વિચારસરણી અને પ્રવૃત્તિઓ પર ટિપ્પણી કરવા માંગતો નથી. મેં મારા રાજીનામા પત્રમાં આ વિશે વિગતવાર



લખ્યું છે. મારા મતવિસ્તારમાં જે કંઈ થઈ રહ્યું છે તે છેલ્લા પાંચ વર્ષમાં થયું છે. તેમણે કહ્યું કે મેં જમીન પર થઈ રહેલી તમામ બાબતોનું મૂલ્યાંકન કર્યા પછી આ નિર્ણય લીધો છે, પછી તે મતવિસ્તારના બે ઔદ્યોગિક વિસ્તારો હોય, પૂર્વાંચલ એક્સપ્રેસવે હોય, ગોરખપુર લિંક એક્સપ્રેસવે હોય, શાળાઓ હોય, ફોર લેન રોડ હોય, જે આંબેડકરે બનાવ્યો હતો જે શહેરને જોડે છે. અયોધ્યાના રામ મંદિર માટે. જે રીતે લોકો, ખેડૂતો, મહિલાઓ, દલિતોની આર્થિક સ્થિતિ બદલાઈ છે અને તેમનું જીવનધોરણ વધ્યું છે.



### એફઆઇએમ એશિયા રોડ રેસિંગ ચેમ્પિયનશિપ

## ઈન્ડિયન ઓઈલે તૈયાર કરેલું કસ્ટમાઈઝડ ઈંધણ સ્ટ્રોમ લોન્ચ

। અમદાવાદ, તા.૨૫ ।

કેન્દ્રીય પેટ્રોલિયમ અને કુદરતી ગેસ તથા આવાસ અને શહેરી બાબતોના મંત્રી હરદીપસિંહ પુરીએ આજે જવાહરલાલ નેહરુ પોર્ટ ટ્રસ્ટ (જેએનપીટી) નાવા શેવા ખાતેથી એફઆઈએમ એશિયા રોડ રેસિંગ ચેમ્પિયનશિપ (એઆરઆરસી) ૨૦૨૪ સીઝન માટે ઈન્ડિયન ઓઈલ દ્વારા ખાસ તૈયાર કરાયેલ કસ્ટમાઈઝ્ડ ઈંધણ ’સ્ટોર્મ’ ને વર્ચ્યુઅલ રીતે લીલી ઝંડી બતાવી હતી. ઈન્ડિયન ઓઈલ દ્વારા આ હાઈ-ઓક્ટેન અલ્ટીમેટ રેસિંગ ફ્યુઅલ ખાસ કરીને રેસિંગ સર્કિટમાં પ્રીમિયમ સુપરબાઈક્સ માટે વિકસાવવામાં આવ્યું છે અને તેને વૈશ્વિક સ્તરે રેસિંગ ઈવેન્ટ્સમાં ચેમ્પિયન્સ માટેના ઈંધણ તરીકે પ્રસ્થાપિત કરાશે. આ સમારોહમાં પંકજ જૈન, સચિવ, પેટ્રોલિયમ અને કુદરતી ગેસ મંત્રાલય; શ્રીકાંત માધવ વૈદ્ય, ચેરમેન અને વી સતીશ કુમાર, ડિરેક્ટર (માર્કેટિંગ) ઈન્ડિયન ઓઈલ સહિતના મહાનુભાવો પણ ઉપસ્થિત રહ્યા હતા. પ્રીમિયમ ઈંધણને લીલી ઝંડી બતાવ્યા બાદ હરદીપ સિંહ પુરીએ જણાવ્યું હતું કે, ઈન્ડિયન ઓઈલ દ્વારા ગુજરાત રિફાઈનરીમાંથી પ્રથમ વખત સ્ટ્રોમનામના કેટેગરી ૨ રેસ ઈંધણનું ઉત્પાદન શરૂ કરવામાં આવ્યું છે.

આ રેસ ફ્યુઅલ, એવી ગેસ ૧૦૦ એલએલ, રેફરન્સ ફ્યુઅલ વગેરે જેવી અન્ય ઓફર સાથે, કડક આંતરરાષ્ટ્રીય માપદંડોનું પાલન કરે છે અને આત્મનિર્ભરતા તરફના ભારતના વર્તમાન પ્રયત્નોને અનુરૂપ છે.

જૈને ચોક્કસ ધોરણોની જરૂર હોય તેવા વિશિષ્ટ ઉત્પાદનો વિકસાવવા અને ઉત્કૃષ્ટ કામગીરી પ્રદાન કરવાની ઈન્ડિયન ઓઈલની ક્ષમતાઓની પ્રશંસા કરી હતી. તેમણે કહ્યું કે આ પ્રોડક્ટ પોર્ટફોલિયો દર્શાવે છે કે ઈન્ડિયન ઓઈલ એક વિશ્વકક્ષાની કંપની છે જે ગ્રાહકોની વિકસતી અને ભવિષ્યની માંગ મુજબ ઉકેલો ઉપલબ્ધ બનાવી શકે છે.

### ડિંગુચા પરિવાર કેસનો છે સૌથી મોટો પુરાવો

# ગુજરાતીઓને મોતના રસ્તે અમેરિકા પહોંચાડતો હર્ષ પટેલ અંતે પકડાયો

## લોકોને કેનેડા બોર્ડર ક્રોસ કરાવતો અને ડિંગુચા પરિવાર ડેથ કેસમાં આરોપીની અમેરિકા પોલીસ દ્વારા ધરપકડ

। (એજન્સી) કલોલ, તા.૨૫ ।

અમેરિકા-કેનેડા બોર્ડર પર ઘૂસણખોરી કરવાના પ્રયાસ દરમિયાન કલોલનો ડિંગુચાના પટેલ પરિવાર મોતને ભેટ્યો હતો. કેનેડામાં ડિંગુચા ગામના પટેલ પરિવારના ૪ સભ્યોના મોત થયા હતા. ત્યારે આ કેસમાં હવે મોટો પુરાવો હાથ લાગ્યો છે. ભારતીયોને અમેરિકામાં ગેરકાયદે પ્રવાસ કરાવનાર આરોપીની ધરપકડ કરવામાં આવી છે. અમેરિકાની પોલીસે હર્ષ પટેલ નામનાં વ્યક્તિની ધરપકડ કરી હતી. હર્ષ ભાગવાની તૈયારીમાં હતો, તે પહેલા જ શિકાગોનાં ઈન્ટરનેશનલ એરપોર્ટ પરથી તેની ધરપકડ કરવામાં આવી છે.

યુ.એસ. બે વર્ષ પહેલાં યુનાઈટેડ સ્ટેટ્સ સાથેની મેનિટોબાની દક્ષિણ સરહદ નજીક થીજી જવાથી મૃત્યુ પામેલા ગુજરાતના ડિંગુચા પરિવારના ચાર લોકોના મોત થયા હતા. તે સંબંધે એક વ્યક્તિની ધરપકડ કરાઈ છે. આ આરોપીની ઓળખ હર્ષકુમાર રમણલાલ પટેલ તરીકે થઈ છે, જેને ડર્ટી હેરી તરીકે પણ ઓળખવામાં આવે છે. અધિકારીઓના જણાવ્યા અનુસાર, હર્ષ પટેલ ભારતીય પરિવારના મૃત્યુ પામેલા મળી આવ્યાના કલાકો પહેલા સરહદ પાસે મેસેજની આપલે કરી રહ્યો હતો. ૧૯ જાન્યુઆરી, ૨૦૨૨ ના રોજ સવારે યુ.એસ. સીમા પેટ્રોલિંગ એજન્ટોએ મિનેસોટાના એક બરફીલા હાઈવે પર, મેન, ઈમર્સન નજીક કેનેડિયન સરહદની દક્ષિણે, ભાડે લીધેલી ૧૫-સીટર પેસેન્જર વાનમાં શાન્ડ અને બે સ્થળાંતર કરનારાઓની ધરપકડ કરાઈ હતી. પાંચ અન્ય સ્થળાંતર કરનારાઓ ટૂંક સમયમાં જ તે જ હાઈવે પર સરહદ પેટ્રોલિંગ દ્વારા પકડાયા હતા. વાતચીતમાં મેસેજમાં હર્ષ પટેલે જણાવ્યું હતું કે, બોર્ડર ક્રોસ કરનારા તમામ લોકોએ ઠંડીથી બચવા માટે પૂરતા ગરમ કપડા પહેર્યા છે કે નહી તેની તપાસ કરવી. તેમજ તેઓને કઈ જગ્યાએથી પીકઅપ કરવાનાં છે તેનું લોકેશન તેમજ બે મોબાઈલ નંબર પણ શેર કર્યા હતા. હર્ષ પટેલનાં ગુનાહિત ઈતિહાસ પર નજર કરીએ તો હર્ષ પટેલ અમેરિકા સિવાય કેનેડાની જેલમાં પણ જઈ આવ્યો છે. ૨૦૧૮ માં હર્ષ પટેલની કેનેડિયન બોર્ડ સર્વિસ એજન્સી દ્વારા ધરપકડ કરવામાં આવી હતી. પરંતુ તેને છોડી મુકાયા બાદ તે બોર્ડર ક્રોસ કરીને અમેરિકામાં ઘૂસી ગયો હતો. અમેરિકામાં ગેરકાયદે ઘૂસવાની લ્હાયમાં ૪ પટેલ નાગરિકો કેનેડા બોર્ડર પર થીજીને મોતને ભેટ્યા. આ ઘટનાથી ચકચાર મચી ગઈ હતી. ૨૦૨૨માં જ કેનેડાની સરહદેથી અમેરિકામાં પ્રવેશતી વખતે કલોલ તાલુકાના ડિંગુચા ગામના પટેલ પરિવારના ચાર સભ્યોએ જીવ ગુમાવ્યા હતા.

## સ્પાઈન ફાઉન્ડેશન દ્વારા અમદાવાદ ખાતે આર્ટ એક્ઝિબિશનનું આયોજન



। અમદાવાદ, તા.૨૫ ।

સ્પાઈન ફાઉન્ડેશનની સ્થાપના ડૉ. શેખર ભોજરાજ દ્વારા ૧૯૯૮ માં કરવામાં આવી હતી. તેમના ક્ષેત્રમાં અગ્રણી, ડૉ. ભોજરાજ દેશના પ્રથમ વિશિષ્ટ સમર્પિત સ્પાઈન સર્જન છે, જે ૧૯૮૮માં બોમ્બેની કેઈએમ હોસ્પિટલમાં દેશના પ્રથમ સ્પાઈન સર્જરી વિશેષતા યુનિટની સ્થાપના માટે જવાબદાર છે. સ્પાઈન ફાઉન્ડેશન ટીમમાં મુંબઈ, પુણે, કોલ્હાપુર અને ભારતના અન્ય ઘણા શહેરોના કેટલાક ટોચના વરિષ્ઠ સ્પાઈન સર્જનોનો સમાવેશ થાય છે. સ્પાઈન ફાઉન્ડેશનની છત્રછાયા હેઠળ, આ ડોકટરો ગરીબોને ફ્રી સારવાર અને સર્જરી આપે છે. આર્થિક રીતે વંચિત લોકો માટે ખાસ કરીને સ્પેઈન ફાઉન્ડેશ દ્વારા ‘‘આર્ટ એક્ઝિબિશન’’નું આયોજન કરવામાં આવ્યું હતું. ૨૪ અને ૨૫ ફેબ્રુઆરી, ૨૦૨૪ દરમિયાન યોજાયેલ આ એક્ઝિબિશનમાં ડૉ. શેખર ભોજરાજ, ડૉ. તારક પટેલ, ડૉ. તેજસ્વી અગ્રવાલ, ડૉ. ભરત સરકાર અને ડૉ. પ્રિયાંક પટેલ વગેરે પ્રખ્યાત સ્પાઈન સર્જનની આર્ટ કલા પ્રદર્શિત થઈ હતી. આ એક્ઝિબિશનમાં ૧૦૦ જેટલા ફોટોગ્રાફ્સ અને પેઈન્ટિંગ્સ પ્રદર્શિત થયા હતા. આ એક્ઝિબિશનના કારણે આશરે રૂ. ૫૦ લાખનું ફંડ એકત્રિત કરવાની આશા ફાઉન્ડેશ દ્વારા સેવાઈ રહી છે. સ્પાઈન ફાઉન્ડેશન દ્વારા ભારતમાં ૬ઠ્ઠી વાર અને અમદાવાદમાં પ્રથમવાર આર્ટ એક્ઝિબિશનનું આયોજન કરાયુ હતું. અગાઉના એક્ઝિબિશનથી ૧.૫ કરોડનું ફંડ એકત્રિત થયેલું છે. અમદાવાદ ખાતેનું આર્ટ એક્ઝિબિશન ધ સ્પાઈન ફાઉન્ડેશન માટે ભંડોળ ઊભું કરનાર સાબિત થશે. જો કોઈ વ્યક્તિ ૫૦૦૦ રૂપિયાનું દાન કરો છે, તો તેમને ડૉ. શેખર ભોજરાજની આર્ટ બુકની એક કોપી ભેટમાં આપવામાં આવશે.

જો કોઈ વ્યક્તિ ૨૫,૦૦૦ રૂપિયાનું દાન કરે છે છો તો તેઓ આ એક્ઝિબિશનમાં પ્રદર્શિત આર્ટવર્કમાંથી કોઈ આર્ટ પસંદ કરી શકે છે. તેમના દાનનો ૧૦૦% સીધો દર્દી કલ્યાણ માટે ઉપયોગ કરવામાં આવશે. સ્પાઈન ફાઉન્ડેશન દ્વારા કરવામાં આવી રહેલા કાર્યને પ્રોત્સાહન આપવા માટે કોઈપણ રકમનું દાન કરી શકાય છે જે સમાજ ઝાલ્યાં માટે છે. સ્પાઈન ફાઉન્ડેશનને તમામ દાન માટે IT એક્ટ, ૧૯૬૧ની કલમ ૮૦૮ હેઠળ ૫૦% કરમુક્તિ છે.

સ્પાઈન ફાઉન્ડેશન ગઢચિરોલી, કોલ્હાપુર, નંદુરબાર, દેહરાદૂન, સિટિલિંગી, અકોલા, અંબાજોગાઈ, રત્નાગીરી, ધુલે, ઔરંગાબાદ, ધરમપુર, રાંચી અને ગોવામાં 13 RSCCનું સંચાલન કરે છે. અત્યાર સુધીમાં, TSF એ ૬૦,૦૦૦ થી વધુ દર્દીઓની સારવાર કરી છે અને સમગ્ર ભારતમાં ૧૮૦૦ થી વધુ સર્જરીઓ કરી છે.

## મંત્રીશ્રી ભાનુબેન બાબરીયાના અધ્યક્ષસ્થાને રાજકોટના વોર્ડ નંબર ૧૧માં ‘વિકસિત ભારત સંકલ્પ યાત્રા’નો કાર્યક્રમ યોજાયો




। રાજકોટ, તા.૨૫ ।

ગુજરાતના મહિલા અને બાળ કલ્યાણ તેમજ સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી ભાનુબેન બાબરીયાના અધ્યક્ષસ્થાને રાજકોટ મહાનગરપાલિકા દ્વારા વોર્ડ નંબર ૧૧માં બીજા તબક્કાનો ‘વિકસિત ભારત સંકલ્પ યાત્રા’નો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. જેમાં મંત્રીશ્રીએ શહેરીજનોને વધુમાં વધુ સરકારી યોજનાઓનો લાભ લેવા અનુરોધ કર્યો હતો. તેમજ મંત્રીશ્રીના હસ્તે આયુષ્માન કાર્ડ સહિતની સહાય અરજદારોને આપવામાં આવી હતી. ‘આપણો સંકલ્પ, વિકસિત ભારત’ની નેમ સાથે આર.એમ.સી. સ્કુલ નં. ૯૩ વિનોબા ભાવે સ્કુલ ખાતે મહાનુભાવોએ દીપ પ્રાગટ્યથી કાર્યક્રમની શરૂઆત કરી હતી. કાર્યક્રમમાં લોકોને પ્રજા કલ્યાણકારી યોજનાઓ વિષયક જાણકારી આપવામાં આવી હતી. તથા સરકારી યોજનાઓ અંગે વ્યક્તિગત પ્રશ્નોનો ત્વરિત ઉકેલ લાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. આ તકે ધારાસભ્યશ્રી દર્શિતાબેન શાહ, મેયરશ્રી નયનાબેન પેઢડીયા, શ્રી લીલુબેન જાદવ, શ્રી મનીષભાઈ રાડીયા, સંગઠનના હોદ્દેદારો સહિતના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યાં હતા. ઉલ્લેખનીય છે કે સરકારની વિવિધ યોજનાઓની પાત્રતા ધરાવતા તથા જરૂરિયાતમંદ વર્ગના લોકોને લાભ મળી રહે, તે માટે ભારત સરકાર દ્વારા જનમાનસ સુધી વિકસિત ભારત સંકલ્પ યાત્રા’ના બીજા તબકકાનું આયોજન કરવામાં આવ્યું છે. જે અન્વયે રાજકોટ મહાનગરપાલિકા દ્વારા દરેક વોર્ડમાં ’વિકસિત ભારત સંકલ્પ યાત્રા’ના કાર્યક્રમ યોજવામાં આવી રહ્યા છે.

## ભાવનગરમાં SOG દ્વારા નશાકારક કફ સિરપનો જથ્થો ઝડપાયો

। (એજન્સી) ભાવનગર, તા.૨૫ ।

ભાવનગરમાંથી યુવાધનને બરબાદ કરતા કોડેઈન કફ સિરપનો જથ્થો સ્પેશિયલ ઓપરેશન ગ્રુપ દ્વારા ઝડપી પાડવામાં આવ્યો છે. ભાવનગર શહેરના માલધારી સોસાયટીમાં આઈ મેડિકલ એજન્સી હોલસેલ ડીલરને ત્યાં ડોકટરની મંજૂરી વગર કફ સિરપની બોટલો વેચીને ગોરખધંધો ચલાવવામાં આવી રહ્યો હતો. જોકે આ મેડિકલ એજન્સીથી માત્ર એક કિલોમીટરના અંતરે ભરતનગર પોલીસ સ્ટેશન આવેલું છે. જે હવે શંકાના દાયરામાં ઘેરાયું છે. કારણ કે શહેરમાં બેફામ કફ સિરપની બોટલોનું વેચાણ પોલીસના નાક નીચે વધી રહ્યું છે. ભાવનગર એસઓજી પોલીસને બાતમી મળી હતી કે શહેરના માલધારી સોસાયટીમાં આઈ મેડિકલ એજન્સીમાં મોટાપાયે કોડેઈન નામની કફ સિરપનો ગેરકાયદેસર રીતે વેચાણ થઈ રહ્યું છે. જોકે આ કફ સિરપની બોટલથી ભાવનગરના યુવાઓ નશાના રવાડે ચડ્યા છે તે પણ સત્ય છે. પરંતુ આ કફ સિરપની બોટલ યુવાનો માટે ઘાતક સાબિત થઈ રહી છે તે નકારી શકાય નહીં. તાજેતરમાં ભાવનગર શહેરના વિવિધ વિસ્તારોમાં જેમકે આણંદ નગર વિસ્તાર, કુંભારવાડા વિસ્તાર, કરચલીયા પરા, આડોડિયા વાસ, ચિત્રા સહિતના પાન મસાલાની દુકાનો પર પણ આસાનીથી ઉપલબ્ધ થાય તેવી કોડેઈન કફ સિરપની બોટલનું મોટાપાયે વેચાણ થઈ રહ્યું છે. મેડિકલ શોપ અને દુકાનદારો માત્ર ૧૫૦ રૂપિયાનું કમિશન મેળવવા માટે આ પ્રકારના નશાકારક કફ સિરપની બોટલ વેચીને યુવાધનને નશાના રવાડે ચડાવી રહ્યા છે. ભાવનગરના મેડિકલ એજન્સી સ્ટોર પરથી જે જથ્થો મળ્યો છે તેમાં ભાવનગર એસઓજી પોલીસ અને અમદાવાદ ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગના ઈન્સ્પેક્ટર દ્વારા કાર્યવાહી કરવામાં આવી છે. એજન્સી શોપમાંથી કુલ ૫૭૯ ૧૦૦ દ્વજ્ઞની કફ સિરપની બોટલો મળી આવી છે, જેમની કુલ કિંમત ૮૬,૮૫૦ થાય છે. આ એજન્સી સ્ટોર પરથી દિલીપ ધોલેતર નામનો વ્યક્તિ છૂટકમાં કફ સીરપની બોટલો વેચીને ગોરખ ધંધો ચલાવતો હતો

## અમદાવાદમાં લક્ઝુરિયસ બંગલામાં દારૂ વેચવાનું રેકેટ ઝડપાયું

। (એજન્સી) અમદાવાદ, તા.૨૫ ।

અમદાવાદ જિલ્લાના મણિપુર ગામ નજીક આવેલા જલદીપ હોલિડે હોમ્સમાં અમદાવાદ ગ્રામ્ય LCB એ બાતમી ના આધારે દરોડામાં મોટા પ્રમાણમાં વિદેશી દારૂ સહિત આરોપીઓની ધરપકડ કરી છે. અલગ અલગ બે બંગલા માંથી કુલ ૯ બુટલેગરોને ઝડપી લેવાયા જ્યારે બે જુદાજુદા બંગલા તેમજ બે કારમાંથી પોલીસને ૧૪.૦૯ લાખની કિંમતનો વિદેશી દારૂ મળી આવ્યો હતો.. છેલ્લા અઢી માસ થી ચાલી રહેલા વિદેશી દારૂના સપ્લાયના નો પર્દાફાશ અમદાવાદ જિલ્લા એલ સી બી એ કર્યો છે. પોલીસે બે કાર, બે ટુ વ્હીલર, ૧૦ મોબાઈલ ફોન તેમજ રોકડ સહિત નો મુદ્દામાલ કબજે લીધો છે. અમદાવાદ જિલ્લા LCB એ દારૂ સપ્લાયનું રેકેટ ચલાવતા ફરાર સૂત્રધારને ઝડપી લેવા ચક્રો



ગતિમાન કર્યા છે. સાથે સાથે પોલીસે બંગલો ભાડે આપનારા માલિકોની પણ શોધખોળ શરુ કરી છે અમદાવાદ ગ્રામ્ય પોલીસ LCB ને દારૂના મોટા જથ્થા નું વેચાણ થતું હોવાની બાતમી મળી હતી. જેથી LCBની ટીમ ગુરુવારે રાતે પ્રાર્થના ઉપવન પાસે જલદીપ હોલિડે હોમ્સ-જલધારા બંગલો માં આવેલા બે મકાન નંબર ૭૭ અને ૧૫ ખાતે દરોડા પાડ્યા હતા. દરોડા દરમિયાન બંગલા નંબર ૧૫ ખાતેથી દારૂનો જથ્થો ભરેલી બે કાર અને બે બાઈક મળી આવ્યા હતા. સ્થળ પરથી ફરાર બુટલેગરના પિતા શંભુ સિંહ સિસોદિયા, બુટલેગરના સાળા સહિત ૮ શખ્સોની ધરપકડ કરી ૯.૫૧ લાખનો દારૂ અને વાહનો સહિત ૧૪.૫૪ લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. જ્યારે બંગલા નંબર ૭૭ ખાતે હરીશ મીણા નામના આરોપી ને ઝડપી લઈ ૪.૫૮ લાખનો વિદેશી દારૂ જપ્ત કર્યો હતો. જ્યારે આ કેસના સુત્રધાર દિલીપ કલાસવા ઉર્ફે વિજય ઉર્ફે પ્રવિણ સહિત બે જણાને ફરાર બુટલેગરની શોધખોળ શરુ કરી છે. બુટલેગરો ગુજરાત પોલીસ ના હાથ ઝડપાય નહિ એ માટે થી રાજસ્થાન થી દારૂ ભરી એમ પી થઈ ગુજરાત ની ડાંગ બોર્ડર થી ગામડા ઓના રસ્તો મારફતે અમદાવાદ જિલ્લા માં પ્રવેશ કરી ને દારૂ કાર માં ભરી ને લાવતા હતા કાર માં ઓછા પ્રમાણમાં ચોરી છુપી દેશી દારૂ-બિયરનો જથ્થો ભરીને બોપલ પોલીસ સ્ટેશનની હદમાં આવેલા મણીપુર ગામની સીમમાં આવેલા જલદીપ હોલિડે હોમ્સમાં આવેલા બંગલો ખાતે લવાતો હતો.

### વિશેષ | પવિત્ર સ્નાન (શાહી સ્નાન)નાં નિમીત્તે નિકળનારી સાધુઓની રવાડી(શોભાયાત્રા)તેમજ શ્રધ્ધાળુઓની નિસ્સીમ ભક્તિનું દર્શન એટલે ભવનાથ તિર્થ

# લાખો શ્રધ્ધાળુઓને આકર્ષિત કરતો મહાશિવરાત્રીનો મેળો

।આલેખન, અશ્વિન પટેલ (માહિતી બ્યુરો) જૂનાગઢ।

ગુજરાત અથવા દેશભરમાં ઉજવાતા ભાતીગળ મેળઓમાં કુંભનો મેળાની જેમ મહાદેવ ભોળાનાથના નામ (શિવ)સાથે જોડાયેલ શિવરાત્રીનો મેળો ગરવા ગિરનારની ગોદમાં પ્રતિ વર્ષની માફક આ વરસે પુરા ઉમંગ ઉલ્લહાર સાથે યોજાનાર છે. ગુજરાત પ્રદેશ અનેક ભાતીગળ સાંસ્કૃતિક અસ્મિતાની ધરોહર છે. વન થી જન સુધી અને ગામ થી નગર સુધી પ્રત્યેક ભારતવાસી મેળાનાં માણીગર છે. મેળાનાં માધ્યમે સંસ્કારીતાની ધારા પ્રાંતે પ્રાંતમાં અવિરત વહેતી રહે છે. ભાષા, ધર્મ કે પ્રાંતના વાડાનાં સિમાડા ઓળંગીને એકમેકની સાથે આતપ્રોત થવાનો અનેરો મહીમા એટલે જ મેળા, મન મુકીને મહાલવાનો અનોખો અવસર એટલે મેળો, શિવરાત્રીનો મેળો એ તો હરી સાથે હર અને શિવ સાથે જીવનો સમન્યનો મેળો છે. અહીં હીમાલયની ગુફાઓમાં ધ્યાન ધરતા સિધ્ધપુરૂષો, કાશ્મીરથી કન્યા કુમારી સુધી પગપાળા યાત્રા કરનારા પરિવ્રાજક (સન્યાસી)ઓ, અખાડાઓનાં સંતો મહંતોનાં દર્શન થાય છે. તેમની સાથે જો વાત કરવાની તક મળે તો ધ્યાનમાં આવે કે તેઓ જ્ઞાન અને અનુભવોનો સાક્ષાત હિમાલય છે. આટલી વિદ્વત્તા હોવા છતા નમ્રતા, પ્રીતિસભર દ્રષ્ટી સહુ કોઈને પોતાનામાં સમાવી લેનારા સાગર જેવડી વિશાળ હોય છે. ગુજરાત રાજયમાં કુલ નાના મોટા ૧૫૨૧ જેટલા મેળા ભરાય છે. તેમાં સૌરાષ્ટ્ર પ્રદેશમાં ભવનાથ, માધુપુર, તરણેતરનાં મેળા તો જગ મશહુર છે. તેમાંય ભવનાથ તો ભકિત-ભોજન અને ભજનનો મેળો, તરણેતર નર્તન અને રંગનો મેળો અને માધુપુરનો મેળો એટલે કિર્તન અને રૂપનો મેળો મનાય છે. ગીરનારની મહંતાઈ ધરાવતા મુકતાનંદજી મહારાજ, મહેશગીરીજી મહારાજ, હરિગિરીજી મહારાજ, શેરનાથજીબાપુ, મહાદેવગીરીજીબાપુ ઈન્દભારતીજી, શૈલજાદેવીજી સહિત સંતો તો કહે છે કે શિવરાત્રી મેળો એ તો ગ્રામિણ ખેડુતોનો મેળો છે અહીં કૃષીકારો અગાઉના વખતમાં અનાજ લઈને આવે અને અન્નક્ષેત્ર દ્વારા લોકોને ભોજનપ્રસાદ પરસતા હવે વખત બદલાયો છે છતાં શિવરાત્રી મેળો એ તો ભજન-ભોજન અને ભક્તિનો જ મેળો બન્યો છે, યાત્રીકોની સેવા માટે અનેક ઉતારા મંડળો, સમાજશ્રેષ્ઠીઓ અન્નક્ષેત્રના માધ્યમે મેળાની ગરીમાને ઉંચાઈ બક્ષે છે.

આમે સોરઠ પ્રદેશનાં લોકો તો ભગવાનને પણ અતિથી બનાવીને ભોજન કરાવી શકે એવી ક્ષમતા ધરાવે તેવા ઈતિહાસનાં પાને કીવદંતી સ્વરૂપ દાખલા સાંભળવા મળે છે. બિલખાનાં શગાળશા અને ચંગાવતી રાણી હોય કે ભક્ત નરસિંહ મહેતા હોય ઈશ્વરની આરાધના કરી ઈશ્વરને આંગણે નિમંત્રી શકે તેવી વાત સાંભળી છે ત્યારે સેવાની સરવાણી સમાન જૂનાગઢ જિલ્લામાં જ પરબવાવડી ખાતે અષાઢી બીજનો મેળો, સતાધારનો મેળો, ભગવાન સોમનાથનાં દ્વાદશ જયોર્તિલીંગ ધામે કાર્તિકી પુનમે ભરાતો મેળો, લીલી પરિક્રમાનો કાર્તિકી એકાદશીનો મેળો, તુલશીશ્યામનો મેળો, ચોરવાડનો ઝુંડનો મેળો, ગુપ્તપ્રયાગનો મેળો વગેરે નાના અને મોટા મેળાઓ જૂનાગઢ અને આસપાસનાં પરગણામાં ભાતીગળ રીતે ભરાય છે.

જૂનાગઢ એટલે આમેય સંત શુરા અને સાવજની ભોમકા, અહીં જ કાઠીયાવાડનાં ખમિરવંતા ભોળા માનવે ભગવાનને કાઠીયાવાડે કોક દી ભુલો પડ ભગવાન તને મોંઘેરો કરૂ મહેમાન સ્વર્ગ ભુલાવુ શામળા ભોળા ભાવે ભુલો પડી પોતાનાં ઘરે આતિથ્યભાવે નોતરૂ આપી શકે છે. અહીં અજાણ્યાને મીઠો આવકારો અપાય છે. ભુખ્યાને ભોજન અને દુખીને સહાયની સરવાણી કાયમ વહેતી રહે છે. આથી જ સતદેવીદાસ અને અમરમાંના પરબ જેવા ધામે સેવા-સરવાણી વહી હશે. શેઠ શગાળશા જેવા શાહ, દાનબાપુ કે આપા ગીગા જેવા સંતનાં બેસણા આ જિલ્લામાં થયા હોય એવી ધરાનું કેન્દ્ર બીંદુ એટલે ગરવા ગીરનારની ગોદ એટલે શિવ અને જીવનો સંગમ, પ્રતિ વર્ષ કુંભ મેળાની નાની આવૃતિ રૂપે મેળો ભરાય છે.

શિવ સ્વંભુ અને પરબ્રહ્મ છે. એ અનાદી અને અનંત છે. અગ્નીસ્તંભ રૂપે એ જે દિવસે પ્રગટયા એ દિવસ એટલે મહાશિવરાત્રી. આથી શિવપુજનનો એ મુખ્યદિવસ મનાયો છે. એટલે જ શિવરાત્રી એ શિવની કલ્યાણકારી રાત્રી મનાઈ છે.

શંકર સુમિરન તે સદા, તુટે માયા તંત,<br>
જપત નિરંતર જોગીજન, સાધક સાધુ સંત,

મહાદેવ શિવ પાતાળની તપશ્ચર્યા પુર્ણ કરી પર્વતાધિરાજ ગિરનારમાંથી કૈલાસ ગયા એ દિવસથી સિધ્ધક્ષેત્ર ગિરનારની તળેટીમાં મહાશિવરાત્રીનો મેળો ભરાતો હોવાનું લોકજીભે ચર્ચાય છે. બ્રહ્મલીન ભોજાબાપા આ મેળાને કમંડળ થી મંડળનો મેળો કહેતા. કમંડળ એટલે સાધુ સંતો, મહંતો, સન્યાસી, સિધ્ધો અને સાધકો અને મંડળ એટલે લોકસમુદાય-માનવ મહેરામણ આ બન્ને સમુદાયનો આ મેળો છે. ભવનાથ, ભભુતી, ભજન, ભવેશ્વર અને ભોજન એ પાંચ ‘ભ’ નો સમન્વયીત મેળો એટલે મહાશિવરાત્રીનો ભાતીગળ મેળો. ઠેક ઠેકાણે સાધુ સંતોની ધુણી ધખતી હોય, ભાવીકો મેળાનાં ભજનની સરવાણી પાન કરતા હોય, બાળકો, માતાઓ-બહેનો મેળાની સંસ્કારીતાની વાત રજુ કરે ત્યારે આ જૂનાગઢના અમર વારસા સમો મહાશિવરાત્રીનો મેળો દૈદિપ્યમાન બની રહે છે. શિવ સાથે આમેય સોમનાથથી ભવનાથ સુધીનો અનોખો મહિમા આ જીલ્લામાં રહ્યો છે. ચંદ્ર, શિવ અને સમુદ્રનો રોહીણી નક્ષત્રએ પ્રભાસ તિર્થક્ષેત્રે મિલાપ. આવોજ ઈશ્વર સાથે એકાકરનો અનેરો અવસર એટલે ભવનાથ ક્ષેત્રનો મહાશિવરાત્રીનો મેળો. અહીં પ્રતિ વર્ષ ૫ થી ૬ લાખ શ્રધ્ધાળુઓ ભવનું ભાથુ બાંધવા પધારે છે.દેશભરમાંથી વિવિધ સંપ્રદાયનાં સાધુ સંતો મહંતો અખાડાનાં સન્યાસીઓ પોતપોતાનાં રસાલા સાથે ધર્મ ધ્વજા અને ધર્મ દંડ સાથે ભવનાથ તિથર્ક્ષેત્રમાં નિવાસ કરે છે. સર્વ સિધ્ધો,નાથયોગીઓ,ગેબમાં રહેતા અપ્રકટ વસતા અઘોરીઓ, ગુરૂ દતાત્રેય, ગોપીચંદ, અશ્વત્થામા, ભૃતુહરી, ગોરખનાથ તેમજ શિવનાં ત્રણ ગણ કાળભૈરવ, બટુકભૈરવ અને ચંદ્રભૈરવ સદેહે આ સમય દરમ્યાન રેવતાચલ પર્વતની ગિરી તળેટીનાં શિવરાત્રીનાં મેળામાં વિહરતા હોવાની લોકમાન્યતાને કારણે લોક વિશાળ સમુદાયમાં દર વર્ષે પરંપરાગત ભાગ લેતા આવ્યા છે. સાધકોએ અખંડ બાર વર્ષ સુધી શિવરાત્રીની સાધનાં સિધ્ધક્ષેત્ર ગિરનારમાં કરવાની હોવાથી સાધકોની સંખ્યા પણ ઘણી મોટી હોય છે. આ મેળામાં એક માન્યતા પ્રમાણે યક્ષનાં નામે સ્તંભારોપણ થયુ એમ મનાય છે. મહા વદ ૯ (નવમી)નાં રોજ ભવનેશ્વર મહાદેવનાં મંદિરે ધ્વજારોપણથી મેળાનો વિધીવત પ્રારંભ થયો છે. મહા વદી ૧૪ (ચૌદશ)ની અર્ધરાત્રીએ પુર્ણ થાય છે. આ દિવસો દરમ્યાન દરેક ઉતારે ભજન-ભોજન, કિર્તન, દુહા, છંદ, લોકવાર્તા અને સંત સમાગમ થાય છે. અખાડાઓમાં ધુણીઓ તપતી હોય છે. સેવાર્થીઓ પોતપોતાનાં ઉતારામાં રાત-દિવસ અખંડ સેવાઓ આપતા થાકતા નથી. મેળામાં બારસ-તેરસ અને ચૌદસ એ ત્રણ દિવસ તો ભરચક માનવ મહેરામણ હિલોળા લેતું નજરે ચડે છે. કુંભમેળાનું નાનકડું રૂપ એટલે આપણો ગરવા ગુજરાતનો આ મેળો. અહીં સાધુ સંતો કેન્દ્ર સ્થાને છે. સ્કંદપુરાણ, હરિવંશ અને વિષ્ણુપુરાણમાં ગીરનારનું મહાત્મય અને વર્ણન પ્રસિધ્ધ હોવાથી ગુજરાત ભરનાં મેળાઓમાં આ મેળો અનોખું સ્થાન ધરાવે છે. શિવરાત્રીનાં દિવસે વહેલી સવારથી જ મૃગીકંડને તાળાબંધી પહેરો લાગી જતો હોય જેમાં દિવસભર પ્રવેશબંધી રહે, દિવસભર જટાધારી સંતો સાધુઓ શિવપાર્વતિનાં વિવાહ મહિમાં ગાતા ગાતા સમાજ-ક્ષેત્રમાં ભ્રમણ કરતા રહે છે. દરેક ઉતારે સવારે ભાંગ-ફળાહાર-પ્રસાદ-ઉપવાસનું અયોજન થાય છે.

**ન્યૂઝ બ્રિફ**

## ૮૪ કિલોમીટર સુધી ડ્રાઈવર વગર જ દોડતી રહી ટ્રેન

। (એજન્સી) જમ્મુ, તા.૨૫ ।

જમ્મુ-કાશ્મીરમાં એક ટ્રેન ડ્રાઈવર વિના લગભગ ૮૪ કિલોમીટર ચાલી ગઈ. રેલવે ઓથોરિટીને માહિતી મળ્યા બાદ પંજાબમાં ટ્રેનને રોકી દેવામાં આવી હતી. આ ઘટના ૨૫ ફેબ્રુઆરી રવિવારની સવારે બની હતી. ટ્રેન જમ્મુના કઠુઆ સ્ટેશન પર રોકાઈ, ત્યારબાદ તે પંજાબ પહોંચી. જમ્મુ રેલવેના ડિવિઝનલ ટ્રાફિક મેનેજરે પણ આ ઘટના અંગે તપાસનો આદેશ આપ્યો છે. એક અહેવાલ મુજબ ૨૫ ફેબ્રુઆરીની સવારે ટ્રેન નંબર ૧૪૮૦૬ઈ જમ્મુના કઠુઆ સ્ટેશન પર રોકાઈ હતી. આ એક માલગાડી હતી. સવારે, જ્યારે ડ્રાઈવર સ્ટેશન પર ચા અને નાસ્તો કરવા માટે કથિત રીતે રોકાયો હતો, ત્યારે તે નીચે ઉતરતા પહેલા હેન્ડબ્રેક લગાવવાનું ભૂલી ગયો હતો. ઉપરાંત નીચે ઉતરતી વખતે ટ્રેનનું એન્જિન પણ ચાલતું હતું. દરમિયાન સવારે લગભગ ૭.૧૦ વાગે ટ્રેન પોતાની મેળે આગળ વધવા લાગી હતી અને લગભગ ૮૪ કિલોમીટર દૂર પંજાબના દૌસા પાસે ઉચી બસ્સી પંહોચી હતી. આ અંગેની માહિતી રેલવેના ઉચ્ચ અધિકારીઓને આપવામાં આવી હતી. આ પછી ટ્રેનને રોકવાના પ્રયાસો કરવામાં આવ્યા હતા. ઘણા પ્રયત્નો નિષ્ફળ ગયા. આ પછી પેસેન્જર ટ્રેનના ડ્રાઈવરો અને કર્મચારીઓએ દસુહા નજીક ઉચી બસ્તી વિસ્તારમાં ટ્રેનને રોકી હતી. ત્યાં સુધીમાં ટ્રેને ૮૪ કિલોમીટરનું અંતર કાપ્યું હતું.

## અમેરિકામાં એક ભારતીય યુવાનનું દુર્ઘટનામાં મોત

। (એજન્સી) વોશિંગ્ટન, તા.૨૫ ।

અમેરિકામાં એક ઈમારતમાં લાગેલી આગમાં એક ભારતીય પત્રકાર યુવાનનું મોત થયું છે જ્યારે બીજા ૧૭ લોકો દાઝી ગયા છે. ન્યૂ યોર્કના હાર્લેન ખાતે એક ઈ-બાઈકની લિથિયમ આયન બેટરીમાં બ્લાસ્ટ થવાથી આગ ફાટી નીકળી હતી જેમાં મોટી સંખ્યામાં લોકો દાઝી ગયા છે. સ્થાનિક પોલીસે જણાવ્યા પ્રમાણે ફાઝિલ ખાન નામના ૨૭ વર્ષીય યુવાનનું આગમાં ગંભીર ઈજા થવાના કારણે મૃત્યુ થયું છે. ન્યૂ યોર્ક ખાતે ભારતીય કોન્સ્યુલેટ જનરલ હાલમાં ફઝિલ ખાનના સંપર્કમાં છે. ડેઈલી ન્યૂઝના અહેવાલ પ્રમાણે ઈ-બાઈકની બેટરીમાં બ્લાસ્ટ થવાથી મોટા પ્રમાણમાં આગ લાગી છે. ફઝિલ ખાન કોલંબિયાની જર્નાલિઝમ સ્કૂલમાંથી ગ્રેજ્યુએટ થયો હતો. તેને આગગ્રસ્ત ઈમારતમાંથી બહાર કાઢવામાં આવ્યો હતો, પરંતુ તે દરમિયાન તે દાઝી ગયો હતો. બિલ્ડિંગના ટોપ ફ્લોર પર આગ લાગી હતી અને પછી બધી જગ્યાએ પ્રસરી ગઈ હતી.

### વધી રહ્યો છે શહેરી વિસ્તારોમાં લોકોનો ખર્ચ

# ભારતમાં સામાન્ય ગ્રાહકોના સરેરાશ માસિક ખર્ચમાં વધારો

## સરકારી આંકડાઓ પર નજર કરીએ તો ગામડાનો સૌથી ગરીબ માણસ ૪૫ રૂપિયાના રોજનું જીવન જીવી રહ્યો છે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૫ ।

ભારતમાં લોકોની ખર્ચ કરવાની ટેવ બદલાઈ રહી છે. દેશમાં ગામડાઓથી શહેરો સુધી ઉપભોક્તા ચીજવસ્તુઓ પર ખર્ચ વધી રહ્યો છે. જો કે, શહેર અને ગામડાના સૌથી ગરીબ લોકોનો દૈનિક ખર્ચ ઘણો ઓછો છે. ગામડામાં ગરીબોનું જીવન રોજના ૪૫ રૂપિયાના ખર્ચે પસાર થાય છે, જ્યારે શહેરમાં રહેતો સૌથી ગરીબ વ્યક્તિ રોજના માત્ર ૬૭ રૂપિયાનો ખર્ચ કરી શકે છે. નેશનલ સેમ્પલ સર્વે ઓફિસ (NSSO) એ તાજેતરમાં માથાદીઠ માસિક સરેરાશ ગ્રાહક ખર્ચ (MPCE) ડેટા જાહેર કર્યો છે. આ આંકડા ઘરગથ્થુ વપરાશ ખર્ચ સર્વે ૨૦૨૨-૨૩ (HCES) પર આધારિત છે. આ મુજબ, ગામમાં સૌથી નીચા સ્તરે રહેતી ૫ ટકા વસ્તીનો માથાદીઠ સરેરાશ માસિક ઉપભોક્તા ખર્ચ માત્ર ૧,૩૭૩ રૂપિયા છે. તદનુસાર, તે દરરોજ ૪૫ રૂપિયા સુધી કામ કરે છે. જો આપણે શહેરી વસ્તીના ડેટા પર નજર કરીએ તો, શહેરોમાં રહેતી સૌથી ગરીબ ૫ ટકા વસ્તીનો વ્યક્તિ દીઠ સરેરાશ માસિક ખર્ચ રૂ ૨૦૦૧ છે. દૈનિક ધોરણે આ ખર્ચ લગભગ ૬૭ રૂપિયા થાય છે. SCES ફેક્ટ શીટના આધારે, જો તેની સરખામણી ગામડાઓ અને શહેરોના ટોચના ૫ ટકા ધનિક લોકો સાથે કરવામાં આવે. તેથી ગામમાં તેમનો માથાદીઠ માસિક સરેરાશ ઉપભોક્તા ખર્ચ રૂ. ૧૦,૫૦૧ (દિવસ દીઠ રૂ. ૩૫૦) છે. શહેરી વિસ્તારોમાં ટોપ-૫ ટકા લોકોનો સરેરાશ માસિક ઉપભોક્તા ખર્ચ રૂ. ૨૦,૮૨૪ (લગભગ રૂ. ૬૯૫ પ્રતિદિન) છે.

### હવે પાણી માટે તરસશે પાકિસ્તાન!

# શાહપુર કાંડી ડેમ પૂરો થયા બાદ રાવી નદીનું પાણી પાકિસ્તાન જતું બંધ

## હવે આ પાણીનો ઉપયોગ જમ્મુ-કાશ્મીરના કઠુઆ અને સાંબા જિલ્લામાં સિંચાઈ માટે કરવામાં આવશે

। (એજન્સી) જમ્મુ, તા.૨૫ ।

આતંકવાદનું આશ્રયસ્થાન ગણાતા પાકિસ્તાન માટે ભારત હવે વધુ એક સમસ્યા સર્જવા જઈ રહ્યું છે.દેવામાં ડૂબી ગયેલું પાકિસ્તાન હવે પાણી માટે તડપશે.ભારત રાવી નદીનું પાણી પાકિસ્તાન જતું અટકાવવાની તૈયારી કરી રહ્યું છે. મીડિયા રિપોર્ટ્સમાં દાવો કરવામાં આવ્યો છે કે શાહપુર કાંડી ડેમ પૂરો થયા બાદ રાવી નદીનું પાણી પાકિસ્તાન જતું બંધ થઈ ગયું છે. અહેવાલ અનુસાર, પંજાબ અને જમ્મુ-કાશ્મીર સરહદ પર સ્થિત શાહપુર કાંડી બેરેજ દ્વારા રોકાયેલ ૧૧૫૦ ક્યુસેક પાણીનો ઉપયોગ હવે કાશ્મીરના કઠુઆ અને સાંબા જિલ્લા માટે કરવામાં આવશે. આ પાણીથી ૩૨ હજાર હેક્ટર જમીનમાં સિંચાઈ થશે. તમને જણાવી દઈએ કે ભારત અને પાકિસ્તાન વચ્ચે ૧૯૬૦ની સિંધુ જળ સંધિ હેઠળ, રાવી, સતલજ અને બિયાસ નદીઓના પાણી પર ભારતનો વિશેષ અધિકાર છે, જ્યારે પાકિસ્તાન સિંધુ, ઝેલમ અને ચિનાબ નદીઓ પર નિયંત્રણ કરે છે.શાહપુર કાંડી બેરેજ પૂર્ણ થવાથી ભારત રાવી નદીના પાણીનો વધુ સારી રીતે ઉપયોગ કરી શકશે. તેના પાણીને જૂના લખનપુર ડેમ દ્વારા જમ્મુ-કાશ્મીર અને પંજાબ દ્વારા ડાયવર્ટ કરીને ઉપયોગમાં લઈ શકાય છે. પૂર્વ વડાપ્રધાન પીવી નરસિમ્હા રાવે વર્ષ ૧૯૯૫માં શાહપુર કાંડી બેરેજ પ્રોજેક્ટનો શિલાન્યાસ કર્યો હતો. બે રાજ્યો - જમ્મુ-કાશ્મીર અને પંજાબ વચ્ચે સંકલનના અભાવને કારણે, આ પ્રોજેક્ટને શરૂઆતથી જ ઘણી સમસ્યાઓનો સામનો કરવો પડ્યો હતો.



વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારકાધીશ મંદિરમાં પ્રાર્થના કરીને દ્વારકાના શંકરાચાર્ય સ્વામી સદાનંદ સરસ્વતીજી મહારાજ પાસેથી આશીર્વાદ લીધા હતા.

### અમેરિકા હવે એક નવા વાયરસથી પરેશાન

# પૂર્વોત્તર અમેરિકામાં સ્ટોમક ફ્લૂનું સંક્રમણ ઝડપથી વધ્યું

। (એજન્સી) વોશિંગ્ટન, તા.૨૫ ।

ચીનથી સમગ્ર દુનિયામાં ફેલાયેલા કોરોના વાઈરસ બાદ અમેરિકામાં એક નવો વાઈરસ લોકોને પરેશાન કરી રહ્યો છે. આ વાઈરસનું નામ નોરોવાઈરસ છે. સામાન્ય ભાષામાં તેને 'વિન્ટર વોમિટિંગ બગ' અને 'સ્ટોમક ફ્લૂ' પણ કહેવામાં આવે છે. આ વાઈરસથી પ્રભાવિત વ્યક્તિને ઉલટી અને ઝાડા જેવી સમસ્યાઓ પરેશાન કરે છે. રોગ નિયંત્રણ અને નિવારણ કેન્દ્રો એટલે કે સીડીસીનું કહેવુ છે કે પેટનો વાઈરસ જેને સામાન્યરીતે નોરોવાઈરસ કહેવામાં આવે છે હાલ અમેરિકાના પૂર્વોત્તર વિસ્તારમાં ઝડપથી ફેલાઈ રહ્યો છે. ડિસેમ્બર ૨૦૨૩થી નોરોવાઈરસના કેસ ઝડપથી સામે આવી રહ્યા છે.

સીડીસી અનુસાર નોરોવાઈરસના કેસ જે અમેરિકામાં સામે આવી રહ્યા છે તેમાં ઉલટી, ઝાડા, પેટ કે આંતરડામાં સોજો, ઝડપી ગેસ્ટ્રોએન્ટેરિટિસ અને ખાણી-પીણી સાથે જોડાયેલી સમસ્યાઓ સામે આવી રહી છે. આ બીમારી કોઈ પણ ઉંમરના લોકોને અસર કરી શકે છે

### ચૂંટણી બાદથી પાકિસ્તાનમાં એક્સ બંધ

# પાકિસ્તાનમાં સપ્તાહથી એક્સ બંધ હોઈ લોકો પરેશાન થયા

। (એજન્સી) ઈસ્લામાબાદ, તા.૨૫ ।

પાકિસ્તાનમાં સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'એક્સ'પર સતત સાતમા દિવસે પણ પ્રતિબંધ છે. ૧૭ ફેબ્રુઆરીથી લગાવવામાં આવેલ પ્રતિબંધ હજુ સુધી હટાવવામાં આવ્યો નથી, જેના કારણે લોકો માહિતી શેર કરવામાં મુશ્કેલીનો સામનો કરી રહ્યા છે. જોકે પાકિસ્તાનના ઈન્ફોર્મેશન એન્ડ ટેક્નોલોજી મિનિસ્ટર ડો. ઓમર સૈફ અને પાકિસ્તાન ટેલિકોમ્યુનિકેશન ઓથોરિટી (પીટીએ)એ પણ હજુ સુધી આ મામલે કોઈ નિવેદન જારી કર્યું નથી. પાકિસ્તાનમાં ૮ ફેબ્રુઆરીએ સામાન્ય ચૂંટણી થઈ હતી. જેના પછીથી પાકિસ્તાનના લોકો ઘણા સોશિયલ મીડિયા પ્લેટફોર્મનો ઉપયોગ કરી શક્યા નથી.

પાકિસ્તાનના એક સરકારી અધિકારીએ જણાવ્યું હતું કે ચૂંટણીના દિવસે આતંકી હુમલાઓથી બચી શકાય એ માટે ઈન્ટરનેટ સેવા બંધ કરવામાં આવી હતી. જેના કારણે જ એક્સમાં વારંવાર ખલેલ પડે છે. ઈન્ટરનેટ બંધ કરવું એ બંધારણ અનુસાર માહિતી અને લોકોની વિચારોને વ્યક્ત કરતી સ્વતંત્રતાને ખંડિત કરે છે. ઈસ્લામાબાદ હાઈકોર્ટે વર્ષ ૨૦૧૮માં કહ્યું હતું કે ઈન્ટરનેટ બંધ કરવું એ મૌલિક અધિકારોનું વિરોધી કામ છે. આ બાબતે ડિજીટલ અધિકારી કાર્યકર્તાઓએ આ બાબતે પાકિસ્તાની અધિકારીઓની નિંદા કરી છે. જોકે ૨૩ ફેબ્રુઆરીએ સિંધ હાઈકોર્ટે પાકિસ્તાન ટેલિકોમ્યુનિકેશન ઓથોરિટીને દેશમાં ફરી 'એક્સ'ની સેવા શરુ કરવાનો આદેશ આપ્યો છે.

### વિશ્વમાં જીમેલ વધુ ઉપયોગમાં લેવાતી ઈ-મેલ સર્વિસ

# ગૂગલ મેલ સર્વિસ જીમેલ ઓગસ્ટ ૨૦૨૪ સુધીમાં બંધ થવાની શક્યતા

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૫ ।

આજે વિશ્વમાં જીમેલ સૌથી વધુ ઉપયોગમાં લેવાતી ઈ-મેલ સર્વિસ છે. જીમેલનો ઉપયોગ વ્યક્તિગત અને વ્યવસાયિક બંને રીતે થાય છે. હાલમાં જીમેલ વિશે ઘણી ચર્ચા થઈ રહી છે. એવું કહેવામાં આવી રહ્યું હતું કે ગૂગલ તેની મુખ્ય મેલ સર્વિસ બંધ કરવા જઈ રહ્યું છે. જ્યારે લોકોને આ સમાચારની જાણ થઈ તો કોઈને તેના પર વિશ્વાસ ન થયો. જો કે આ સમાચારોના થોડા સમય પછી, ગૂગલ દ્વારા તેના વિશે સ્પષ્ટતા કરવામાં આવી હતી. ઘણા અહેવાલોમાં દાવો કરવામાં આવી રહ્યો હતો કે જીમેલ બંધ થવા જઈ રહ્યું છે. દાવા મુજબ ઓગસ્ટ ૨૦૨૪માં જીમેલ સંપૂર્ણપણે બંધ થઈ જશે. તે પછી જીમેલ સેવાઓનો ઉપયોગ કરી શકાશે નહીં. એક્સ પર જીમેલના બંધ થવા વિશે ઘણા દાવાઓ કરવામાં આવ્યા હતા અને તે દરમિયાન ઈલોન મસ્કે એક્સમેઈલના આગમનની પુષ્ટિ કરી હતી. તે પછી લોકોને લાગ્યું કે જીમેલ ખરેખર બંધ થવા જઈ રહ્યું છે, પરંતુ આ દાવો સંપૂર્ણપણે ખોટો છે. સોશિયલ મીડિયા પ્લેટફોર્મ એક્સ પર પોસ્ટ કરીને ગૂગલે માહિતી આપતા કહ્યું કે, "જીમેલ અહીં રહેવા માટે છે." ગૂગલે તેના યુઝર્સની ચિંતાઓને દૂર કરવા માટે તેના સામાજિક પ્રભાવનો ઉપયોગ કર્યો છે.

વાસ્તવમાં આ સમગ્ર ગડબડ જીમેલનું એક ફીચર બંધ થવાને કારણે શરૂ થઈ હતી. ગૂગલ જીમેલના મૂળભૂત એચટીએમએલ સંસ્કરણને બંધ કરવા જઈ રહ્યું છે જેનો કોઈ ઉપયોગ કરતું નથી. ગયા વર્ષે સપ્ટેમ્બરમાં જ આની જાહેરાત કરવામાં આવી હતી.

### નકલી કોલ્સથી કરોડો મોબાઈલ યુઝર્સને રાહત

# ટ્રાઈએ કોલિંગ નેમ પ્રેઝન્ટેશન સર્વિસ શરૂ કરવા નિર્દેશ આપ્યો

। નવી દિલ્હી, તા.૨૫ ।

ટેલિકોમ રેગ્યુલેટરી ઓથોરિટી ઓફ ઈન્ડિયા (ટ્રાઈ)એ ટેલિકોમ કંપનીઓને નકલી કોલ્સથી કરોડો મોબાઈલ યુઝર્સને રાહત આપ વા માટે કોલિંગ નેમ પ્રેઝન્ટેશન (સીએનએપી) સર્વિસ શરૂ કરવાનો નિર્દેશ આપ્યો છે. ટ્રાઈએ ટેલિકોમ કંપનીઓને તેમના કેવાયસી ડોક્યુમેન્ટમાં નોંધાયેલા લોકોના નામ દર્શાવવા કહ્યું છે, જેથી યુઝર્સ જાણી શકે કે કોલ કોણે કર્યો છે. વર્ષ ૨૦૨૩માં ટ્રાઈએ એક કન્સલ્ટેશન પેપર જાહેર કર્યું હતું. જેમાં ટેલિકોમ કંપ નીઓને નકલી કોલ્સથી રાહત આપવા માટે સપ્લિમેન્ટરી સર્વિસ લાવવા માટે કહેવામાં આવ્યું હતું. ટ્રાઈએ આ માટે કોલિંગ નેમ પ્રેઝન્ટેશન (સીએમએપી) સૂચવ્યું હતું, જે સિમ કાર્ડ ખરીદતી વખતે યુઝર્સ દ્વારા આપવામાં આવેલા કેવાયસીનોંધણી ડેટાના આધારે કોલ કરનારનું નામ બતાવશે.

સીએનએપી એક સપ્લિમેન્ટરી સર્વિસ છે, જે ફોનની સ્કીન પર કોલ કરનારનું નામ દર્શાવે છે. હાલમાં થર્ડ પાર્ટી એપ દ્વારા આ સુવિધા આપવામાં આવે છે. થર્ડ પાર્ટી એપની આ સર્વિસ ક્રાઉડ સોર્સ્ડ ડેટા પર આધારિત છે, જે ભરોસાપાત્ર નથી. ટ્રાઈએ યુઝર્સના કેવાયસીડોક્યુમેન્ટમાં નોંધાયેલા નામના આધારે સીએનએપીની ભલામણ કરી છે, જેથી સાચા કોલરની ઓળખ થઈ શકે. નોંધનીય છે કે, ટ્રાઈએ નવેમ્બર ૨૦૨૨માં સીએનએપી સાથે જોડાયેલા કન્સલ્ટેશન પેપર જાહેર કરીને સ્ટેકહોલ્ડર્સ, પબ્લિક અને ઈન્ડસ્ટ્રી પાસે પ્રતિભાવો માંગ્યા હતા. માર્ચ ૨૦૨૩માં આના પર ચર્ચા કરવામાં આવી હતી, જેમાં લગભગ ૪૦ સ્ટેકહોલ્ડર્સે ટ્રાઈના કન્સલ્ટેશન પેપર પર પોતાના પ્રતિભાવો આપ્યા હતા. ત્યારાબાદ ટ્રાઈએ જણાવ્યું હતુ કે 'આ ચર્ચામાં સ્ટેકહોલ્ડર્સના ઈનપુટ્સ અને પ્રતિભાવોના આધારે, ભારતીય ટેલિકોમ નેટવર્ક માટે સીએનએપી સર્વિસ શરૂ કરવા માટે વિચારણા કરવામાં આવી છે.

### લોકસભા ચૂંટણીને લઈ રાજકીય પક્ષોની તૈયારી જોરમાં

# કોંગ્રેસ અને આપ વચ્ચે ચૂંટણીમાં બેઠકોની વહેંચણીને લઈ ડીલ ફાઈનલ

## આપ દિલ્હીમાં ૪ બેઠકો પર જ્યારે કોંગ્રેસ ૩ બેઠક પર લડશે, ગુજરાતમાં કોંગ્રેસ ૨૪, આપ બે બેઠકો પરથી ચૂંટણી લડશે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૫ ।

લોકસભાની ચૂંટણી માટે આમ આદમી પાર્ટી અને કોંગ્રેસ વચ્ચે બેઠકોની વહેંચણીને લઈને ડીલ ફાઈનલ થઈ ચૂકી છે. મુકુલ વાસનિકે સંયુક્ત પ્રેસ કોન્ફરન્સમાં કહ્યું કે દિલ્હીની આમ આદમી પાર્ટી દિલ્હીમાં ૪ બેઠકો પર લડશે જ્યારે કોંગ્રેસ ૩ બેઠક પર લડશે. ચંડીગઢમાં લોકસભા સીટ અને ગોવાની બંને સીટો પર કોંગ્રેસ જ તેના ઉમેદવારો ઉતારશે. જ્યારે હરિયાણામાં ૯ સીટો પર કોંગ્રેસ અને ૧ સીટ પર આમ આદમી પાર્ટી ચૂંટણી લડશે. મહત્ત્વપૂર્ણ એ છે કે ગુજરાતમાં આમ આદમી પાર્ટી બે સીટ તથા કોંગ્રેસ ૨૪ બેઠક પર લડવા માટે સહમત થઈ ગયા છે.



આપ તરફથી આતિશી, સંદીપ પાઠક અને સૌરભ ભારદ્વાજ, કોંગ્રેસ તરફથી મુકુલ વાસનિક, દીપક બાબરિયા અને અરવિંદર સિંહ લવલીએ પ્રેસ કોન્ફરન્સમાં હાજરી આપી હતી. કોંગ્રેસના નેતા મુકુલ વાસનિકે કહ્યું કે ઈન્ડિયા ગઠબંધનમાં સમાવિષ્ટ પક્ષો વચ્ચે બેઠકોની વહેંચણી અંગે ચર્ચા થઈ છે. આમ આદમી પાર્ટી દિલ્હીમાં નવી દિલ્હી, પશ્ચિમ દિલ્હી, દક્ષિણ દિલ્હી અને પૂર્વ દિલ્હી લોકસભા બેઠકો પરથી ચૂંટણી લડશે. જ્યારે કોંગ્રેસ ઉત્તર પૂર્વ, ઉત્તર પશ્ચિમ અને ચાંદની ચોક બેઠકો પર ચૂંટણી લડશે. ગુજરાતમાં આમ આદમી પાર્ટી ભરૂચ અને ભાવનગર લોકસભા બેઠક પરથી ચૂંટણી લડશે. જ્યારે હરિયાણામાં તે કુરુક્ષેત્ર લોકસભા સીટ પરથી પોતાનો ઉમેદવાર ઉતારશે. ઉલ્લેખનીય છે કે બે દિવસ પહેલા લખનઉમાં સપા-કોંગ્રેસ ગઠબંધનની જાહેરાત કરવામાં આવી હતી. ગુજરાતમાં કોંગ્રેસ અને આપ પણ સાથે મળીને ચૂંટણી લડશે. ગુજરાતની ૨૬ લોકસભા બેઠકોમાંથી, કોંગ્રેસ ૨૪ બેઠકો પર ચૂંટણી લડશે, જ્યારે આપ ભરૂચ અને ભાવનગરમાં બેઠક પરથી ચૂંટણી લડશે.

### ૨૦૨૪માં ગમે ત્યારે લોકસભાની ચૂંટણી યોજાશે

# ૫ વર્ષ ગ્રાઉન્ડ લેવલ પર મહેનત થાય તો મોદી હારે : પ્રશાંત કિશોર

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૫ ।



લોકસભા ચૂંટણી ૨૦૨૪ની જાહેરાત ગમે ત્યારે થાય તેવા સંકેત મળી રહ્યા છે ત્યારે દેશના નાના-મોટા રાજકીય પક્ષોએ તૈયારીઓ અત્યારથી શરૂ કરી દીધી છે. કેન્દ્રમાં બિરાજિત ભાજપ પીએમ મોદીના જોરે ફરી એકવાર ત્રીજી વખત સરકારમાં આવવાની આશા રાખી રહ્યો છે. જ્યારે વિપક્ષ ભાજપના વિજયરથને રોકવાના ભરપૂર પ્રયાસો કરી રહ્યો છે. અનેક ચૂંટણી સરવેમાં સામે આવ્યું કે પીએમ મોદીની પોપ્યુલારિટીનો ફાયદો આ વખતે પણ ભાજપને મળશે અને તેમની સામે બીજા કોઈને પડકાર ફેંકી શકે તેવી સ્થિતિમાં જ નથી. જોકે આ મામલે પ્રસિદ્ધ ચૂંટણી વ્યૂહરચનાકાર અને જનસુરાજ સંગઠનના સંયોજક પ્રશાંત કિશોરે કહ્યું કે એવું નથી કે પીએમ મોદીને હરાવી ના શકાય. તેમને પણ હરાવી શકાય છે. એક કાર્યક્રમમાં પ્રશાંત કિશોરે કહ્યું કે જે પણ વ્યક્તિ ૫ વર્ષ ગ્રાઉન્ડ લેવલ પર જઈને મહેનત કરવા તૈયાર હશે તે મોદીને પડકારી શકશે. એવા ભ્રમમાં ના રહેશો કે કોઈ તેમને હરાવી નહીં શકે કે પછી તે એટલા પોપ્યુલર છે કે કોઈ તેમની સામે ટકી શકે નહીં. મોદીને હરાવી શકાય છે અને ભૂતકાળમાં આવું થયું છે અને ભવિષ્યમાં પણ આવું થશે. લોકોને રાજીવ ગાંધી અને ઈન્દિરા ગાંધીના સમયે પણ એવું જ લાગતું હતું કે તેમને હરાવી નહીં શકાય. પણ ૧૯૭૭ની વાત કરીએ તો તે સમયે જેપીએ ઈન્દિરા ગાંધીને પડકાર્યા હતા. પ્રશાંતે કહ્યું કે જે સમયે કોંગ્રેસનો ડંકો વાગતો હતો દેશની ૪ હજારથી વધુ વિધાનસભાઓમાં ૨૫૦૦થી ૨૭૦૦ જેટલા ધારાસભ્યો તો તેમના જ હતા. આજના સમયમાં ભાજપની સ્થિતિ એવી મજબૂત છે જ નહીં. વધારેમાં વધારે ૧૬૦૦થી ૧૭૦૦ જ ધારાસભ્યો ભાજપના છે. એવું કહેવાતું હતું કે આજ સુધી આટલા મોટા નેતા ન તો પેદા થયા છે અને ન તો થશે. હાં ૨૦૨૪માં એવું થતું દેખાતું નથી.

## તંત્રી લેખ...

# દુબઈએ ભારતીયો માટે ખાસ વિઝા ઓફર જાહેર કરી

દુબઈ એક એવું ઈન્ટરનેશનલ ટુરિઝમ હબ બની ગયું છે, જ્યાં દુનિયાનો દરેક પ્રવાસી જવા માંગે છે. આ જ કારણ છે કે અહીં પ્રવાસીઓની સંખ્યા ધીમે ધીમે વધી રહી છે. રસપ્રદ વાત એ છે કે તાજેતરના ભૂતકાળમાં ભારતીયોમાં દુબઈ જવાની ઈચ્છા પહેલા કરતા વધુ વધી ગઈ છે. દુબઈ સરકાર પણ ભારતીયોની વધતી સંખ્યાથી ઘણી ખુશ છે. આ જ કારણ છે કે દુબઈએ હવે ભારતીયો માટે ખાસ વિઝા ઓફર જાહેર કરી છે. આ ૫ વર્ષની મલ્ટિપલ વિઝા ઓફર છે. આનાથી ભારતીયો માટે રજાઓ ગાળવાથી લઈને દુબઈમાં બિઝનેસ કરવા સુધીના નવા રસ્તાઓ ખુલ્યા છે. દુબઈનું આ પગલું બંને દેશો વચ્ચે આર્થિક સહયોગને પ્રોત્સાહન આપવા, પ્રવાસન અને વેપાર સંબંધોને પ્રોત્સાહિત કરવા માટે ખાસ છે. દુબઈના અર્થતંત્ર અને પર્યટન વિભાગે કહ્યું છે કે આજે ભારત તેના દેશની આવકનો નંબર વન સ્ત્રોત બની ગયો છે. જી હા, અમારી સરકાર ખાસ કરીને ઉત્સાહિત છે. આ દ્વારા. વર્ષ ૨૦૨૩માં દુબઈએ ભારતમાંથી ૨.૪૬ મિલિયન લોકોનું સ્વાગત કર્યું છે. આ આંકડો કોવિડ પહેલાના સમયગાળા કરતા ૨૫ ટકા વધુ છે. દુબઈના પ્રવાસન વિભાગે જણાવ્યું કે નવી વિઝા ઓફર હેઠળ અરજી કર્યાના ૨થી ૫ કાર્યકારી દિવસોમાં વિઝા આપવામાં આવશે. આ પછી કોઈપણ પ્રવાસીને અહીં ૯૦ દિવસ રોકાવાની મંજૂરી આપવામાં આવશે. તે સમાન સમયગાળા માટે વધુ એક વખત વધારી શકાય છે, આમ કુલ રોકાણ વર્ષમાં ૧૮૦ દિવસનું રહેશે. મલ્ટી વિઝા ઓફર બંને દેશો વચ્ચેની મુસાફરીને વધુ ઝડપી બનાવશે. વ્યવસાયિક ગતિવિધિઓ વધશે. ભારતીય પ્રવાસીઓ એકથી વધુ વખત દુબઈની મુલાકાત લઈ શકશે. ભારત અને દુબઈ વચ્ચેની મુસાફરી પહેલા કરતા વધુ સરળ બની જશે. નવા નિયમો હેઠળ હવે ભારતના લોકોને સાઉદી અરેબિયા જવા માટે ૯૬ કલાકના ફ્રી વિઝા મળશે. આ સાથે દુબઈ જવા માટે ૫ વર્ષના સ્પેશિયલ વિઝા પણ મળશે. દુબઈ જવાના શોખીન ભારતીયો માટે આ સારા સમાચાર છે. તાજેતરના વર્ષોમાં, ભારતીય પ્રવાસીઓએ અરબ દેશોની મુસાફરીમાં વધુ રસ દાખવ્યો છે. વર્ષ ૨૦૨૩માં ભારતથી દુબઈ જનારા પ્રવાસીઓની સંખ્યામાં ૩૪ ટકાનો વધારો થયો છે. દુબઈ સરકારે કહ્યું છે કે ભારત તેના માટે સૌથી મહત્વ પૂર્ણ દેશ તરીકે ઉભરી આવ્યો છે. એ જ રીતે, ભારતમાંથી ૨.૪૬ મિલિયન પ્રવાસીઓએ ૨૦૨૩માં અમીરાતની મુલાકાત લીધી હતી, જ્યારે એક વર્ષ પહેલા આ સંખ્યા ૧.૮૪ મિલિયન હતી.

## ગૃહ રાજ્યમંત્રી શ્રી હર્ષભાઇ સંઘવીએ મંદિર ચોકમાં સફાઇ કરી સ્વચ્છતાનો સંદેશ આપ્યો

### જગત મંદિર, ગોમતી ઘાટ સહિતના વિસ્તારોમાં સઘન સફાઇ કરી ૨૨ ટ્રેક્ટર કચરાનો નિકાલ કરાયો





। (માહીતી બ્યુરો) દેવભૂમિ દ્વારકા ।

સ્વચ્છતા અભિયાન ચલાવી વડાપ્રધાનશ્રીને આવકારવાની નૂતન પરંપરા દ્વારકા નગરીએ શરૂ કરી છે. રવિવારે દ્વારકા નગરીમાં પધારી રહેલા વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીને થનગની રહેલા દ્વારકાના નગરજનોએ તેમના આગમાન પૂર્વે સઘનતાથી સ્વચ્છતા ઝૂંબેશ ચલાવી સમગ્ર નગરને ચોખ્ખુ ચણાક કરી દીધું છે. ખાસને દ્વારાના જગત મંદિર આસપાસથી માત્ર છેલ્લા બે દિવસમાં ૨૨ ટ્રેક્ટર ભરીને કચરાઓ એકત્ર કરી નિકાલ કરવામાં આવ્યો છે.

મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલે નિર્મળ ગુજરાત અભિયાન ૨.૦ હેઠળ સમગ્ર રાજ્યના ધર્મ સ્થાનકો આસપાસ સ્વચ્છતા રાખવા ઉપર વિશેષ ધ્યાન કેન્દ્રિત કર્યું છે અને તેનો પડઘો દ્વારકા નગરીમાં પણ ઝીલાયો છે. વળી, આ વખતે તો વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીના આગમનને સ્વચ્છતા અભિયાન ચલાવીને વધાવવા માટે દ્વારકાના નગરજનોએ કરેલા સંકલ્પને કારણે જગત મંદિર આસપાસ વિશેષ સફાઇ અભિયાન હાથ ધરવામાં આવ્યું હતું.

વિશેષતઃ પવિત્ર ગોમતી નદીના કિનારે આવેલા ૧૪ ઘાટો સહિત જગત મંદિરના ૫૬ પગથિયા વિસ્તારથી માંડી હાથી ગેટ સુધી સ્વચ્છતાગ્રહીઓ છેલ્લા બે દિવસમાં ૨૨ ટ્રેક્ટર જેટલો કચરો એકત્ર કર્યો હતો અને સમગ્ર પરિસરને સ્વચ્છ, સુંદર બનાવી દીધું હતું. કાલાવડ નગરપાલિકાના મુખ્ય અધિકારી શ્રી પરાક્રમસિંહ મકવાણાને આ માટે વિશેષ ફરજ સોંપવામાં આવી હતી અને તેમની સાથે સ્વચ્છતાગ્રહીઓ પણ જોડાયા હતા. આ ટીમ દ્વારા બે પાળીમાં સફાઇ અભિયાન હાથ ધરવામાં આવ્યું હતું.

આ નૂતન પરંપરા શરૂ કરવામાં અભિગમમાં ગૃહ રાજ્ય મંત્રી શ્રી હર્ષભાઈ સંઘવી પણ જોડાયા હતા. જગત મંદિરના ચોકમાં તેમણે સફાઇ કરી સ્વચ્છતાનો સંદેશ આપ્યો હતો. તેમની સાથે અધિકારીઓ અને મહાનુભાવો પણ જોડાયા હતા.

**જેમાંના મહાન સાત ઋષિઓને સપ્તર્ષિ કહે છે અને આ સપ્ત ઋષિમાં ભારદ્વાજ ઋષિનુ નામ છે**

# મહર્ષિ ભારદ્વાજ મહાન વૈજ્ઞાનિક અને આધુનિક ભાષામાં કહીએ તો ટેક્નોક્રેટ હતા



સદગુરુ વચનામૃત
સંકલન ફાલ્ગુની વસાવડા
(ભાવનગર)

**આજે પણ એ જ થઈ રહ્યું છે, કોઈ દ્રઢ સંકલ્પ કરી અને ભક્તિ તરફ પ્રયાણ કરીએ ત્યાં, કામના, ઈચ્છા, ઝંખના, એષણા, આશા, અભિપ્સા, લાલસા, આવી કેટલીયે અપ્સરાઓ આપણા જીવનમાં પ્રવેશી અને હરિરસ પ્રીતિ ઓછી કરી રહી છે**

આપના શ્રીચરણોમાં મારા સહ પરિવાર સાદર સાષ્ટાંગ પ્રેમ પ્રણામ. આજે સોમવાર એટલે ચરિત્રની ઓળખ! આપણાં વૈદિક ગ્રંથોમાં સ્ત્રી અને પુરુષ એવો કોઈ ભેદભાવ જોવા મળતો નથી, એટલે જ કદાચ આપણી સંસ્કૃતિ જ સ્ત્રીને દેવી તરીકે પૂજનીય છે એમ કહે છે, અને માતૃદેવો ભવનું પાયાના સૂત્રને અનુસરી છે, એ આપણે ગાર્ગી અને મૈત્રેયી ના ચિંતનમાં જોયું. પુરાણોમા આપણે જોઈએ તો દેવ કરતાંય ઋષિનું ચરિત્ર વધુ પ્રભાવિત કરનાર છે,પણ ઋષિમુનિઓનાં જીવનમાં બીજી એક વાત એ રહી કે, ધન સંપત્તિથી તેઓ મુક્ત રહી શક્યાં, પણ અપ્સરાને દેખી મોહિત થયાનાં ઘણા ઋષિનાં દાખલા છે. આજે પણ એ જ થઈ રહ્યું છે, કોઈ દ્રઢ સંકલ્પ કરી અને ભક્તિ તરફ પ્રયાણ કરીએ ત્યાં, કામના, ઈચ્છા, ઝંખના, એષણા, આશા, અભિપ્સા, લાલસા, આવી કેટલીયે અપ્સરાઓ આપણા જીવનમાં પ્રવેશી અને હરિરસ પ્રીતિ ઓછી કરી રહી છે. માત્ર દેહ આસક્તિ એ જ કામનું સ્વરૂપ નથી, એ બહુ ઊંડે સુધી જીવનમાં અસર કરતા છે, તેનાં મૂળિયા બહુ પ્રસરેલા હોય છે.વેદકાલીન ઋષિઓમાં ભારદ્વાજ ઋષિને આધુનિક વિજ્ઞાનના ટેકનોક્રેટ કહેવામાં આવે છે, તો આજે આપણે એના વિશે ચિંતનમાં વાત કરીશું.

આપણાં વેદ એટલે જ્ઞાન વિજ્ઞાનનુ ખૂબ મોટુ અને ઉંચુ અનંત આકાશ, અને આ વેદના અનંત આકાશમાં ઝળહળતું એક નામ એટલે મહર્ષિ ભરદ્વાજ, ઋગ્વેદના છઠ્ઠા મંડળના દ્દષ્ટા મહર્ષિ ભરદ્વાજ છે, જેમાં ૭૬૫ જેટલા મંત્રો છે. અથર્વવેદમાં પણ તેમના ૨૩ મંત્રો મળે છે. તેઓ અનેક વેદમંત્રોના દ્દષ્ટા તો છે જ, પણ ઉપરાંત પ્રાચીન ભારતના મહાન વૈજ્ઞાનિક અને આધુનિક ભાષામાં કહીએ તો તેઓ ટેક્નોક્રેટ હતા.આના પરથી જ કહી શકાય કે વેદ અને ઋષિ બે જુદા ન પાડી શકાય એવા બે શબ્દોનું જોડકું છે. વેદ પરંપરામાં અનેક ઋષિઓ થયા. જેમાંના મહાન સાત ઋષિઓને સપ્તર્ષિ કહે છે,અને આ સપ્ત ઋષિમાં ભારદ્વાજ ઋષિનુ નામ છે,અને તેમના મોઢેથી શાસ્ત્ર રુપે નીકળેલી વાણીને વેદવાણી કહેવામાં આવે છે, એટલાં વેદ શાસ્ત્ર એમણે લખ્યાં છે.

દેવ ગુરુ બૃહસ્પતિ અને મમતાની વાત્સલ્યકુંજમાં ભરદ્વાજનું પ્રાગટ્ય થયું. મહર્ષિ ભરદ્વાજનાં પત્નીનું નામ સુશીલા હતું. ભરદ્વાજના પુત્રો અને શિષ્યો પૈકી દસ ઋગ્વેદના મંત્રદ્દષ્ટા ઋષિઓ હતા. વેદ પરંપરામાં તેમના પુત્રોનાં નામો આ પ્રકારે મળે છે; ઋજિષ્વા, ગર્ગ, નર, પાયુ, વસુ, શાસ, શિરામ્બિષ્ઠ, શુનહોત્ર, સપ્રથ, અને સુહોત્ર. વળી તેમનાં પુત્રી 'રાત્રિ' પણ વેદદ્દષ્ટા ઋષિકા હતાં. જેમનું રાત્રિસૂક્ત ખૂબ જાણીતું છે. આ ઉપરાંત, ઋગ્વેદની સર્વાનુક્રમણીમાં તેમનાં પુત્રી 'કશિપા'નો પણ ઉલ્લેખ છે. આમ મહર્ષિ ભરદ્વાજના બાર જેટલાં સંતાનો વેદના ઋષિ તરીકે માનવંતું સ્થાન ધરાવે છે. મહાભારતની કથા અનુસાર દ્રોણાચાર્ય તેમના પુત્ર હતા, અને ઈન્દ્રની પત્ની શચી પણ તેમની પુત્રી બતાવી છે. પ્રાચીન બૌદ્ધ ગ્રંથો દીઘા નિકાય અને તેવીજા સુત્તમાં પણ ગૌતમ બુદ્ધ સાથે જે દસ મહાન વૈદિક ઋષિઓએ સંવાદ કર્યો હતો, તેમાં ભરદ્વાજનું નામ છે. ભગવાન બુદ્ધ જેમને આર્ય સંસ્કૃતિના નિર્માતા તરીકે સન્માને છે, તેમાં મહર્ષિ ભરદ્વાજનો સમાવેશ થાય છે. વનવાસ દરમિયાન ભગવાન રામ, સીતાજી અને લક્ષ્મણ પણ મહર્ષિ ભરદ્વાજના દર્શને પધાર્યાં હતાં. મહર્ષિએ તેમને વનાંચલના જીવનને લગતી ઘણી ઉપયોગી ટિપ્સ પણ આપી હતી.આજે પણ ભારતની અનેક જાતિઓ ભરદ્વાજના ગોત્રજ તરીકે ગૌરવ અનુભવે છે.

આ ઉપરાંત તેમને નામે આજના માનવીને ઉપયોગી કહી શકાય એવા દરેક શાસ્ત્રનું જ્ઞાન હતું, એટલે તેના વિશેના શાસ્ત્ર તેમણે લખી અને આપણને બહુ મોટી ભેટ આપી એમ કહી શકાય. વેદના જણાવ્યાં અનુસાર વ્યાકરણ ની શોધ અને વ્યાકરણ શાસ્ત્ર લખનાર ભારદ્વાજ મુનિ છે. તેમણે ઈન્દ્રની ઉપાસના કરી અને વ્યાકરણ શાસ્ત્ર શીખ્યા, અને ત્યારબાદ તેમણે આ ગ્રંથની રચના કરી. શરીરવિજ્ઞાનના પ્રખર ઋષિ ચરક પોતાના શાસ્ત્રમાં નોંધે છે કે, આયુર્વેદનું જ્ઞાન પણ ઈન્દ્ર પાસેથી પ્રાપ્ત કરીને પ્રથમ આર્યુવેદ સંહિતા ભારદ્વાજ મુનિ એ લખી હતી. ભૃગુઋષિ પાસેથી ધર્મ નું જ્ઞાન લઇ અને તેમણે ધર્મશાસ્ત્રની રચના કરી હતી, આ ઉપરાંત ભક્તિ યોગના પાંચરાત્ર સંપ્રદાયની ભરદ્વાજ સંહિતાના મેં એક શાસ્ત્ર લખ્યું છે. આ ઉપરથી તે ભક્તિ વિશે પણ ઘણું જાણનારા હતાં, એમ સાબિત થાય છે. મહાભારતના શાંતિપર્વમાં તેમણે ધનુર્વિદ્યા અને રાજયશાસ્ત્ર વિશે પણ શાસ્ત્રો લખ્યા છે, એવી વાત નોંધાઈ છે. સૌથી વધુ ઉત્તમ તો તેમણે યંત્ર સર્વસ્વ નામનો એક ગ્રંથ લખ્યો, અને બ્રહ્મ મુનિએ તેના એક ભાગ રૂપે વિમાન શાસ્ત્ર પ્રચલિત કર્યો. જેમાં ઋષિ ભારદ્વાજ આકાશમાં વિમાન ને કેટલી ઉંચાઈએ ઉડાડવું, વિમાન બનાવવા કઈ ધાતુનો પ્રયોગ કરવો?, કેવા વાતાવરણમાં ઉડાડવું?, નીચે ઉડાડવું હોય તો કઈ રીતે વિમાનની રચના કેવી કરવી?, આ બધા વિશે સ્પષ્ટ જ્ઞાન આપે છે, અને પર્યાવરણ અનુકૂળ હોય ત્યારે જ વિમાન ઉંચે આકાશ સુધી લઈ જવું, એવી સ્પષ્ટ સૂચના પણ આપે છે. તો આપણા વેદકાલીન ઋષિ એ આધુનિક વિજ્ઞાનની શોધ આટલા વર્ષો પહેલાં કરી હતી. આજે ભારદ્વાજ ઋષિને માસ્ટર ઓફ ઓલ કહેવામાં આવે છે, કારણ કે તેમણે આધુનિક તમામ વિષય એટલે કે શિક્ષણ શાસ્ત્ર, શરીર વિજ્ઞાન, ધર્મશાસ્ત્ર, રાજ્યશાસ્ત્ર, વિદ્યા શાસ્ત્ર, અને આધુનિક ટેકનોલોજી ના શાસ્ત્રની રચના કરી હતી.

મહર્ષિ ભારદ્વાજ ઋષિનું આયુષ્ય વેદ શાસ્ત્રમાં ખૂબ લાંબુ બતાવાયું છે, ઈન્દ્રનાં વરદાનથી જીવતા ગયા, અને જુદા જુદા શાસ્ત્રોની રચના કરતા ગયાં, અને તેમને એમ થયું કે હજી તો ઘણું બાકી છે, એટલે ફરી ઉપાસના કરી, ફરી સો વર્ષનું આયુષ્ય મેળવ્યું. આમ ત્રણસો વર્ષ પુરા થયાં, આ વખતે ઈન્દ્રએ તેમના હાથમાં એક મુઠ્ઠી રેતી આપીને કહ્યુ કે, મહર્ષિ સામે જે ત્રણ પર્વત દેખાય છે, એ વેદ છે અને તમારા હાથમાં આ રેતી છે, એટલું જ જ્ઞાન હજી તમે પ્રાપ્ત કર્યું છે. એટલે વર્ષો નીકળી જશે, પણ વેદ તમારા હાથમાં આવશે નહીં. પરંતુ તે છતાં તેમને વેદ જાણવાની ઈચ્છા વ્યક્ત કરી, અને ઈન્દ્ર એ પ્રસન્ન થઈ તેમને સો વર્ષનું આયુષ્ય આપ્યું. આમ નેતિ નેતિ કહેનારા આપણા આ વેદનું પુરું જ્ઞાન તો મહર્ષિ ભારદ્વાજ પણ પામી શક્યા કે નહીં! એ આપણે જાણતાં નથી, પણ અમરત્વ પામી ગયા. ભારદ્વાજ ઋષિનાં જીવન પરથી પ્રેરણા લઈ એ તો, એક વાત તો અહીં બહુ સ્પષ્ટ છે કે, જે જ્ઞાન ગહન છે,અને તે ગૂંચવાડો ઊભો કરે છે. એટલે વેદ ઉપનિષદ કે ધર્મશાસ્ત્રના સારરૂપે હરિ નામ સ્મરણ અને હરિનામ સંકીર્તન કરતાં કરતાં એ પ્યાસ વધારીએ. કારણકે ઉલજન તો આપણા જીવનમાં અત્યારે પણ ઘણી છે, તો જ્ઞાનને નામે વળી ઉલજન વધારવી, એના કરતાં સીધુ સાદુ હરિ નામ સ્મરણ, અને સંકીર્તન એ જ અંતે તો ભવસાગર પાર કરાવનાર છે. સમયચક્રની ગતિ બહુ તેજ છે, આટલા વર્ષો વીતી ગયાં, અને ક્યારે આપણી અંતિમ ઘડી લખાય છે, તે આપણે જાણતા નથી. ત્યારે હવે સમય બગાડ્યા વગર, હરિ ચરણોમાં નિત્ય સ્થાન માટે, હરિનામ એ જ અંતિમ અને શ્રેષ્ઠ ઉપાય છે, એ જ્ઞાન લાધ્યાં પછી સમય વેડફવો પોષાય તેમ નથી. આપણે સૌ અમૃતબિંદુ સમાન હરિનામ સ્મરણ અને સંકિર્તન કરતા રહીને, સર્વત્ર એની જ લીલા વિસતારી રહી છે, એનું એવું ઉત્તમ દર્શન કરતાં રહીએ, એવી એક અનન્ય પ્રાર્થના ઈશ્વર ચરણે રાખી, હું મારા શબ્દોને આજે અહીં જ વિરામ આપું છું. ફરી મળીશું નવા ચિંતન-મનન સાથે તો સૌને મારા આજના દિવસનાં સ્નેહ વંદન અને જય સીયારામ.



**ભગવાને પણ ગીતામાં કહ્યું છે કે, અંતકાળે જે મારું સ્મરણ કરતાં દેહનો ત્યાગ કરે છે, તે મને પામે છે અંતકાળ એટલે જીવનનો અંતકાળ નહીં**

# દુનિયામાં વિકાર વાસના વધ્યાં છે, તેથી ત્યાગ અને સંયમ ઘટ્યાં છે



વિશેષ
યશપાલસિંહ ટી. વાઘેલા
(દરબાર ગઢ, થરા)

**અંતકાળ એટલે દરેક પળને અંતે મનુષ્યનું મૃત્યુ થાય છે, તેથી પ્રતિક્ષણે પ્રભુનું સ્મરણ કરો. આખું જીવન જેની પાછળ જાય, તે જ અંતકાળે યાદ આવે છે**

એક મનુષ્ય સમુદ્રમાં સ્નાન કરવા સમુદ્ર કિનારે ગયો.પણ સ્નાન કરવાને બદલે તે ત્યાં બેસજ રહ્યો.લોકોએ તેને પૂછ્યું, અલ્યા, સ્નાન કરને! કેમ શાંત બેસી રહ્યો છે?તે પુરુષે કહ્યું, જોતા નથી. સમુદ્રમાં ઉપરાઉપરી કેવાં તરંગો આવે છે! સમુદ્રમાં આ તરંગો બંધ થાય એટલે સ્નાન કરીશ. સમુદ્રમાં મોજાં બંધ થવાનાં હતાં? મોજાં બંધ થાય નહીં ને સ્નાન પૂરું થાય નહીં. તે પ્રમાણે સંસાર સમુદ્ર છે. તેમાં અડચણરૂપી તરંગો તો આવવાનાં જ, એટલે કોઈ કહે અનુકૂળતા આવશે ત્યારે ઈશ્વરનું ભજન કરીશ તો એવી સર્વાંગી અનુકૂળતા કદી આવતી જ નથી. જેમ પેલો પુરુષ સ્નાન કર્યા વગર રહી ગયો, તેમ તેવો મનુષ્ય ઈશ્વર ભજન કર્યા વગર રહી જાય છે. જીવનમાં ભલે અડચણો આવે, પણ લક્ષ્ય ભૂલશો નહીં. લોભી પૈસાનું લક્ષ્ય રાખે, તેમ મહાપુરુષો પરમેશ્વરનુંલક્ષ્ય રાખે છે. ભગવાને પણ ગીતામાં કહ્યું છે કે, અંતકાળે જે મારું સ્મરણ કરતાં દેહનો ત્યાગ કરે છે, તે મને પામે છે. અંતકાળ એટલે જીવનનો અંતકાળ નહીં. પરંતુ ક્ષણનો અંત કાળ.એટલે દરેક ક્ષણે ઈશ્વરનું ચિંતન, ધ્યાન-સ્મરણ કરવું જોઈએ. જીવન ક્ષણનું જ બનેલું છે. ગમે તે ક્ષણે તેનો અંત છે. તે અંતકાળ માટે પ્રતિક્ષણને સુધારશો તો જ મરણ સુધરશે.

લોકો માને છે કે આખી જિંદગી કામધંધો કરીશું, કાળાંધોળાં કરીશું અને અંતકાળે ભગવાનનું નામ લઈ લઈશું અને તરી જઈશું. આ વિચાર ખોટો છે. એટલે તો સ્પષ્ટતા કરેલી છે કે, હંમેશાં જે ભાવનું ચિંતન કરશો તેનું જ અંતકાળે સ્મરણ થશે એટલે તે ભગવાને આજ્ઞા કરી છે કે નિરંતર મારું જ સ્મરણ કર.એ તો સર્વ વિદિત છે કે જેનું સતત ચિંતન એનું જ મરણકાળે સ્મરણ, રટણ થાય છે.એક સૌની માંદગીમાં પથારી વશ હતો. મહિનાથી બજારમાં ગયેલો નહીં. તેથી વિચારો સોનાના ભાવના જ આવ્યા કરે. અંતકાળ આવ્યો છે. ડૉક્ટરે તાવ માપી કહ્યું કે, એકસો પાંચ છે. (૧૦૫ ડિગ્રી તાવ છે.) સોની સમજ્યા, કોઈએ સોનાનો ભાવ કહ્યો.તે પોતાના પુત્રને ઉદ્દેશી બૂમ મારવા લાગ્યો કે, વેચી નાખ, વેચી નાખ! ૮૦માં લીધેલું છે અને ૧૦૫ થયા છે.માટે વેચી નાખ આમ બોલતાં બોલતાં સોનીએ દેહ છોડયો.

સોનીએ આખી જિંદગી સોનાનો જ વિચાર કરેલો એટલે અંતકાળ તને સાનીનો જ વિચ આવ્યા. પૈસા, પૈસા કરનારને અંતકાળે પૈસાના જ વિચાર આવે છે. પૈસા કમાવા એ પાપ નથી, પરંતુ પૈસા મેળવતાં ભગવાનને ભૂલવા એ પાપ છે. શુકદેવજીએ કહ્યું,હે રાજા, મનુષ્ય નું આયુષ્ય આમ ને આમ પૂરું થઈ જાય છે. રાત્રિ નિંદ્રા અને વિલાસ માં પસાર થઈ જાય છે અને દિવસ ધન માટે ઉદ્યમ કરવામાં અને કુટુંબ નું ભરણપોષણ કરવામાં પૂરો થઈ જાય છે. મનુષ્યોનો ઘણો સમય વાતો કરવામાં જાય છે. કેટલાંકનો વાંચવામાં જાય છે. બહુ વાંચવું એ પણ સારું નથી. બહુ વાંચવાથી શબ્દજ્ઞાન વધે છે, પણ કદાચ તેની સાથે અભિમાન પણ વધે છે. રાજા, જે સમય ગયો તેને માટે હવે રડવું નહીં. તેનો વિચાર ન કરો. ભૂતકાળનો વિચાર કરવાથી કાંઈ લાભ નથી. તું તારા વર્તમાનને સુધાર. આ સાત દિવસનો સમય મળ્યો છે તેનો સદુપયોગ કરો. મનુષ્ય ઈન્દ્રિય સુખમાં એવો ફસાયો છે કે, તેને પોતાના લક્ષ્યનું ભાન રહેતું નથી. શરીર, પુત્ર, સ્ત્રી આદિ અસત્ય છે છતાં તેના મોહમાં એ એવો પાગલ બન્યો છે તે સમયનું ભાન નથી, લક્ષ્યનું ભાન નથી. માટે તમારે ક્યાં જવું છે અને શું થવું છે તે આજથી જ નક્કી કરો. ઈચ્છાશુદ્ધિ વિના કર્મશુદ્ધિ થતી નથી. નિશ્ચય કરો કે મારે ભગવાનને મળવું છે, મારે ભગવાનના ધામમાં જવું છે, મારે હવે ફરી જન્મ લેવો નથી.

દુનિયામાં વિકારવાસના વધ્યાં છે તેથી ત્યાગ અને સંયમ ઘટ્યાં છે. કાળ ધક્કો મારે અને રડતાં રડતાં ઘર છોડીએ તેના કરતાં વિવેકથી ઘર છોડી દો તે જ સારું. પ્રભુનું સ્મરણ ક્ષણક્ષણને અંતકાળે કરવાનું,નહીં કે જીવનના અંતકાળે પ્રતિક્ષણ આ શરીર બદલાય છે. એટલે પ્રતિક્ષણ શરીરનો નાશ થાય છે. અંતકાળ એટલે દરેક પળને અંતે મનુષ્યનું મૃત્યુ થાય છે, તેથી પ્રતિક્ષણે પ્રભુનું સ્મરણ કરો. આખું જીવન જેની પાછળ જાય, તે જ અંતકાળે યાદ આવે છે. એક ડોસો માંદો પડયો. તેનું સમગ્ર જીવન દ્રવ્ય વગેરે પાછળ ગયેલું. અંતકાળ નજીક આવ્યો. છોકરા ઓ બાપાને શ્રીકૃષ્ણ ગોવિંદ હરે મુરારે,હે નાથ નારાયણ વાસુદેવ' બોલવાનું કહે. પણ બાપાના મુખ માંથી ભગવાનનું નામ નીકળતું નથી. જિંદગીમાં ભગવાનનું નામ લીધું હોય તો ભગવાનનું નામ યાદ આવે ને? ડોસો મનથી દ્રવ્યનું ચિંતન કરે છે. ડોસાની નજર તેવામાં આંગણા પર પડી. ત્યાં જોયું તો વાછરડો સાવરણી ખાતો હતો. ડોસાથી નજીવું નુકસાન પણ ન જોયું ગયું. ડોસો હૈયું બાળે કે મેં કેવી રીતે મેળવ્યું છે તે આ લોકો શું જાણે? ઘરના કોઈલોકોને પૈસાની કે ચીજ વસ્તુઓની દરકાર નથી.આ લોકો મારા ગયા બાદ ઘરને કેવી રીતે ચલાવશે?ડોસાથી બોલી શકાતું નથી, છતાં તૂટકતૂટક શબ્દ તે વા..સા..વા..સા બોલવા લાગ્યો.

એક છોકરાને લાગ્યું,બાપા વાસુ દેવ બોલવા જાય છે પણ તેમનાથી બોલાતું નથી. બીજા છોકરાઓને સ્વાર્થને લીધે લાગ્યું કે, બાપા કંઈ વારસામાં આપવાની ઈચ્છાથી બોલે છે.વારસામાં આપવા ખાનગી મિલકત છુપાવી રાખી હશે. તે બાબતમાં તેઓ કંઈ કહેવા માગે છે.એટલે છોકરાઓ એ ડૉક્ટરને બોલાવ્યા ને કહ્યું, બાપા થોડું બોલી શકે તેમ કરો. ડૉક્ટરે કહ્યું કે,ઈંજેક્શન આપીએ તો ડોસો થોડો વખત બોલી શકશે, પરંતુ તે માટે એક હજાર રૂપિયા ખર્ચ લાગશે. છોકરા ઓને આશા હતી કે,બાપાએ કાંઈ દાટ્યું હશે તે બતાવશે.એટલે લાલચમાં એમણે રૂપિયા એક હજાર ખર્ચ કર્યો. બાપા શું બોલે છે તે સાંભળવા બધા આતુર થયા અને દવાની અસરથી બાપા બોલ્યા, અહીં મારા તરફ શું જુઓ છો? ત્યાં પેલો વાછરડો સાવરણી... બોલતાં બોલતાં ડોસાએ દેહ છોડયો. આવી દશા તમારી ન થાય તે જો જો.

હસવાની આ કથા નથી, સાવધાન થવા માટે છે. એકલાં લક્ષ્મીજી આવે તો રડાવીને જાય છે. પણ ઠાકોરજી સાથે આવે તો સુખી કરે છે. લોકો કહે કે કાળ આવવાનો છે તેની કેમ ખબર પડે? પરંતુ કાળ આવતાં પણ કાગળ લખે છે, પણ કાળનો કાગળ કોઈને વાંચતાં આવડતો નથી. ઉપરનું છાપરું ધોળું થવા લાગે, ત્યારે માનજો કે કાળની નોટિસ આવી છે. દાંત પડવા લાગે એટલે માનજો કે કાળની નોટિસ આવી છે. હવે દૂધ-ભાત ખાઈને પ્રભુભજન કરવાનો સમય આવ્યો છે પણ લોકો તો ચોકઠું બનાવડાવે છે. ચોકઠું હોય તો પાપડ ખાવાની મજા આવે છે. અરે! ક્યાં સુધી ખાશો? ખાવાથી શાંતિ મળતી નથી. ખાવાથી વાસના વધે છે.

મૃત્યુની નિશાની અનેક રીતે બતાવી છે. અરુંધતીનો તારો ન દેખાય તો સમજજો કે એક વર્ષમાં મરીશ. સ્વપ્રમાં શરીર કાદવમાં ખૂંપતું દેખાય તો માનવુંકે નવ માસ માં મારું મૃત્યુ છે. સ્વપ્રમાં ગધેડા ઉપર, કુંભારના હાથી ઉપર બેઠેલો દેખાય તો માનવું કે, છ માસમાં મૃત્યુ થશે.કાનમાં આંગળી નાખ્યા પછી અંતરધ્વનિ ન સંભળાય, તો માનજો કે આઠ દિવસમાં મરીશ. મૃત્યુનાં લક્ષણો જાણી ગભરાશો નહીં. સાવધાન થવા માટે આ લક્ષણો બતાવ્યાં છે. સાવધાન થવા માટે કથા છે. રાજા, મરણને સુધારવું હોય તો પ્રત્યેક ક્ષણને સુધારજો.રાજા, રોજ વિચાર કરવો. મનને વારંવાર સમજાવવું કે, ઈશ્વર સિવાય મારું કોઈ નથી. આ શરીર પણ એક દિવસ છોડવું પડશે. તેથી તે પણ મારું નથી શરીર મારું નથી તો મારું કોણ ? કારણ સર્વ સંબંધો શરીરથી ઉત્પન્ન થાય છે. ભાવના કરો મારું કોઈ નથી હું કોઈનો નથી આ રીતે મમતા કરો સંગ્રહથી મમતા વધે છે માટે અપરગ્રહી રહો તૃપ્તિ ભોગમાં નહીં ત્યાગમાં છે.



## વહેલી સવારે પાણી પીવાના અઢળક ફાયદા



આપણે જયારે સવારે ઉઠીએ છીએ, ત્યારે આપણા પેટમાં એટલે કે આપણી હોજરીમાં આખી રાત્રી નું એસિડ ખૂબ જ માત્રામાં એકઠું થયેલું હોય છે. પેટમાં એકઠા થયેલા એસિડ ને નાબૂદ કરવા માટે પાણી પીવું જોઈએ. વાસી મોઢે એટલે સવારે ઉતાવળ કર્યા વગર કંઈપણ ખાધા વગર સીધું પાણી પીવાનુ અને જો પાણી થોડું હૂંફાળું હોય તો સોનામાં સુહાગ ભળે, પણ જરૂરી નથી કે ગરમ પાણી જ પીવું. તમે સાદું પાણી પણ પી શકો છો. સૌથી પહેલાં તો આ પાણીને ઉભા ઉભા તો બિલકુલ નથી પીવાનું. આના માટે સૌથી શ્રેષ્ઠ મુદ્રા છે આપણે ઘૂંટણ પર બેસીને ધીરે ધીરે પીણી પીવો. તેનાથી ફાયદો થશે કે આપણને ભવિષ્યમાં ક્યારેય ઘૂંટણને લગતી કોઈપણ સમસ્યા નહીં થાય. જેનાથી તમારી આંખોની રોશની વધે, વાળ ખરવાનું બંધ થઈ જશે. આ સિવાય અન્ય ૧૦ મોટા ફાયદા થશે. જેમાં ખાટા ઓડકારથી રાહત, શરીરને ત્વરિત ઊર્જા મળવી, કિડનીની સ્વસ્થતા, સાંધાનો દુખાવો મટવો, ત્વચા પર ચમક, ખરતા વાળ અટકવા, વજન ઓછું થવું, પેશાબમાં બળતરા દૂર થવી, રોગપ્રતિકારક શક્તિમાં વધારો, મગજ વધુ સતેજ જેવા અનેક ફાયદા થાય છે. વજન ઘટાડવા હળવુ ઠંડુ પાણી પીવાથી ચયાપ ચયની ક્રિયામાં વધારો થાય છે. કિડનીની કાર્યક્ષમતા વધે છે કિડની દિવસ દરમિયાન લોહી ને સાફ કરતુ રહે છે. તેની સાથે પેશાબને શરીરનો વધારાનો કચરો પણ સાફ થતો રહે કિડનીને સારી રીતે કામ કરવા માટે પૂરતા પ્રમાણમાં પાણીની ખૂબ જ જરૂર પડે છે. સવારે વાસી મોઢાએ પાણી પીવું ખૂબ જ ફાયદાકારક હોય છે. સવારે ઉઠીને માટલાનું પાણી પીવું સૌથી વધુ લાભદાયી છે. માટલાનું પાણી પીવાથી શરીર હાઈડ્રેડ રહે છે. શરીરને ઠંડક મળે છે અને શરીરમાં જમા ટોક્સિંસ પણ સરળતાથી નીકળી જાય છે. પરંતુ જો તમારી આસપાસ માટલું નથી તો તમે નોર્મલ અથવા તાજુ પાણી પી શકો છો. ફ્રીજનું પાણી ન પીવું જોઈએ. માટલાનું પાણી સૌથી શ્રેષ્ઠ માનવામાં આવે છે. માટલાનું પાણી ટીડીએસને ઓછું કરી શકે છે. સાથે વધારી પણ શકે છે. ખાસ કરીને ગરમીમાં માટલાનું પાણી સ્વાસ્થ્ય માટે ખૂબ જ લાભદાયી હોય છે. માટલાનું પાણી પિત્તને સંતુલિત કરે છે. સાથે જ પેટની સમસ્યાને પણ દૂર કરે છે.

## ધોળા થતા કે ખરતાં વાળ માટે આયુર્વેદનો ચમત્કાર, ઘરે બેઠા બનાવો ઔષધ

ફાસ્ટફૂડ અને તળેલા-મરચા અને મસાલાયુક્ત આહારને કારણે શરીરના અનેક અવયવોનો વિકાસ રૂંધાય છે. ખાસ કરીને તેની અસર સ્કીન અને વાળ પર તુરંત જ દેખાય છે. જોકે, સદનસીબે વાળના વિકાસ માટે આયુર્વેદિક ટિપ્સ કામમાં આવી શકે છે. આજની અત્યાધુનિક લાઈફમાં માનવ શરીરનું સંભાળ રાખવામાં દરેક વ્યક્તિ ક્યાંકને ક્યાંક થાપ ખાઈ જાય છે. ફાસ્ટફૂડ અને તળેલા-મરચા મસાલાયુક્ય આહારને કારણે શરીરના અનેક અંગો-અવયવોનો વિકાસ રૂંધાય છે. ખાસ કરીને તેની અસર તમારી સ્કીન અને વાળ પર તુરંત જ દેખાય છે. જોકે, સદનસીબે વાળના વિકાસ માટે આયુર્વેદિક ટિપ્સ કામમાં આવી શકે છે. ભૃંગરાજ જાણીતી આયુર્વેદિક ઔષધિ છે. ભૃંગરાજનો અર્થ થાય છે ''ઔષધિઓનો રાજા.'' તે માથામાં ટાલ પડતી અટકાવે છે. વાળને પાતળા કરવામાં મદદ કરે છે.

આ અક્સીર ઉપાય માટે મુઠ્ઠીભર ભૃંગરાજના પાન અથવા ૫-૬ ચમચી સૂકો પાવડર જોઈશે. આ પાંદડા અથવા પાઉડરને થોડા પાણી સાથે બ્લેન્ડ કરો. પેસ્ટને તમારા વાળના મૂળિયામાં લગાવો અને ૨૦ મિનિટ માટે રહેવા દો. ત્યારબાદ શેમ્પૂ વડે ધોઈ લો. તમે ભૃંગરાજનો ઉપયોગ આમળા અને તુલસી સાથે



પણ કરી શકો છો. વાળના ગ્રોથ માટે ભૃંગરાજ તેલથી અઠવાડિયામાં ત્રણ વખત માથાની ચામડી પર માલિશ કરો. આમળાનો ઉપયોગ માત્ર વાળ ખરતા રોકે છે. આમળા ખોડો દૂર કરે છે. ખોપરી ઉપરની ચામડીના સ્વાસ્થ્યને સુધારે છે. ૫-૬ ચમચી આમળાનો પાવડર અને ૫-૬ ચમચી પાણી ભેગું કરીને એક બાઉલમાં પેસ્ટ બનાવો. આ પેસ્ટને વાળમાં લગાવી ૩૦ મિનિટ સુધી રાખી બાદમાં શેમ્પૂથી ધોઈ લો. અઠવાડિયામાં ત્રણ વાર આ પ્રક્રિયા કરી શકો છો. લીમડાનો ઉપયોગ ત્વચાની સંભાળ અને વાળ ખરવાના ઉપચાર તરીકે કરવામાં આવે છે. માથાની ચામડી પર લીમડાનો નિયમિત ઉપયોગ રક્ત પરિભ્રમણને સુધારે છે. આ આયુર્વેદિક ઉપચારમાં લીમડાના પાનને પાણીમાં ૧૫ મિનિટ સુધી ઉકાળો અને પછી તેને ઠંડા થવા માટે બાજુ પર રાખો. પાણી ઠંડુ થઈ જાય તો તેને ગાળી લો. એક જગમાં લીમડાનું પાણી ભેગું કરો. અઠવાડિયામાં ત્રણ-ચાર વાર તમારા વાળને ધોઈને કન્ડિશન કરો અને અંતિમ વોશમાં લીમડાનું પાણી રેડો. તમારા વાળના ગ્રોથ માટે અશ્વગંધા એક અદ્ભુત જડીબુટી છે. તે ખરતા વાળ અટકાવવામાં મદદ કરે છે. કોર્ટિસોલ હોર્મોન વાળ ખરવાનું કારણ હોય છે અને તે વાળના ગ્રોથને ધીમો પાડે છે. અશ્વગંધાના ઉપયોગથી કોર્ટિસોલનું સ્તર નિયંત્રિત થઈ જાય છે. તે એન્ટીઑક્સિડન્ટની ગતિવિધિને પણ વધારે છે. સ્કેલ્પ સર્કુલેશનમાં મદદ કરે છે. ડેન્ડ્રફની સમસ્યા પણ દુર કરે છે. એક બાઉલમાં ૩ ચમચી સૂકો અશ્વગંધા પાવડર, ૩ ચમચી સૂકો આમળા પાવડર, ૬ ચમચી પાણીને મિક્સ કરીને પેસ્ટ બનાવો, જ્યાં સુધી આ પેસ્ટ એક ગઢ પેસ્ટ ન બની જાય ત્યાં સુધી મિક્સ કરતા રહો. આ પેસ્ટને ઢીલી કરવા માટે થોડુ પાણી મિક્સ કરી શકો છો. હવે આ પેસ્ટને પોતાના વાળ અને વાળની સ્કિન પર લગાવો. આ પેસ્ટને વાળ પર ૩૦ મિનિટ સુધી રહેવા દો અને પછી શેમ્પૂથી ધોઈ લો.


## બીજીવાર ગરમ કરવાથી ચા બની જાય છે ઝેર?

ઘણીવાર આપણે ચા બનાવીએ છીએ અને તેને પીવાનું ભૂલી જઈએ છીએ. બાદમાં તે ઠંડી થઈ જાય છે અને પછી તેને ગરમ કરીને ફરી પીએ છીએ. પરંતુ, શું તમે જાણો છો કે તે તમારા માટે ઝેર સાબિત થઈ શકે છે? ચા માત્ર એક પીણું નથી પરંતુ ભારતીય સંસ્કૃતિનો એક ભાગ છે. મોટાભાગના લોકો તેમના દિવસની શરૂઆત ચાથી કરે છે. કેટલાક લોકોને દિવસમાં બે-ત્રણ વખત ચા પીવાની આદત હોય છે. જો કે કેટલીક રિસર્ચમાં વધુ પડતી ચા પીવાના ગેરફાયદા પણ સામે આવ્યા છે. પરંતુ, લોકો તેના પર વિશ્વાસ કરતા નથી. ઘણા લોકો એવા છે જે દિવસમાં ૫ થી ૬ વખત ચા પીવે છે. કેટલીકવાર લોકો વધારે પડતી ચા બનાવે છે અને પછી જ્યારે તેમને ફરી ચા પીવી હોય ત્યારે તેઓ તેને ફરીથી ગરમ કરીને પીવે છે. પણ ચા ફરી ગરમ થાય



ત્યારે ઝેર બની જાય છે? નિષ્ણાતોના મતે, જો ચા તૈયાર થયાને ચાર કલાક થઈ ગયા છે, તો પછી કોઈપણ કિંમતે તેનો ફરીથી ઉપયોગ ન કરવો જોઈએ. કારણ કે ત્યાં સુધીમાં ઘણા બેક્ટેરિયા તેમાં આવવા લાગે છે. જો તમે તેને તૈયાર કરીને એક કે બે કલાક માટે છોડી દો તો પણ તેમાં બેક્ટેરિયા વધવાનું જોખમ રહે છે. જો તમે દૂધવાળી ચા બનાવી હોય તો તેમાં બેક્ટેરિયા ઝડપથી વધે છે. ભારતમાં મોટાભાગના લોકો દૂધની ચા જ પીવે છે. તેથી દૂધની ચાને ફરીથી ગરમ કરવાનો પ્રયાસ કરશો નહીં. બીજી તરફ, ઘણીવાર આપણે ચા બનાવીએ છીએ ત્યારે તેમાં દૂધની સાથે ખાંડ પણ ઉમેરીએ છીએ. ખાંડ વધુ બેક્ટેરિયાને આમંત્રણ આપે છે. જ્યારે તમે દૂધ અને ખાંડ સાથે ચા બનાવો છો અને જ તે ઠંડી થાય છે ત્યારે તે ખૂબ જ ઝડપથી બગડે છે. ઉનાળાની ઋતુમાં, જ્યારે તાપમાન ખૂબ જ વધારે હોય છે, ત્યારે ચા ઠંડી થયા પછી ખૂબ જ ઝડપથી બગડવા લાગે છે. એટલે કે ઉનાળામાં આવું બિલકુલ ન કરવું. જો કે એ પણ સાચું છે કે જો તમે ઠંડી ચાને ફરીથી ગરમ કરીને પીશો તો તે ઝેર બની જશે તેની કોઈ ગેરંટી નથી. પરંતુ ટેસ્ટ, પોષણ વગેરેને લગતી સમસ્યાઓ છે. જો તમે ઠંડી ચાને ફરીથી ગરમ કરીને પીઓ છો, તો તેની ઘણી આડઅસર થાય છે. અને પેટની સમસ્યા થઈ શકે છે. આ બધી બાબતોને ધ્યાનમાં રાખીને, સારું રહેશે કે ઠંડી ચા ગરમ કરીને ન પીવી જોઈએ.


## ઘણા જ્યૂસ પીવાથી વધે છે આંખોની રોશની, ચશ્માના નંબર પણ જતા રહેશે



આંખોની રોશની વધારવા માટે લોકો અનેક પ્રકારના નુસખાઓ અજમાવતા હોય છે. આમ, તમે આ જ્યૂસ ઘરે બનાવીને પીઓ છો તો હેલ્થથી લઈને આંખોને અનેક ઘણો ફાયદો થાય છે. આ જ્યૂસ પીવાથી ઈમ્યુનિટી સિસ્ટમ પણ સ્ટ્રોંગ થાય છે. ખરાબ દિનચર્યા અને તણાવને કારણે આંખોમાં સોજા, ઝાંખુ દેખાવુ, આંખો ખેંચાવી, ચશ્માના નંબર વધારે હોવા..એમ વગેરે જેવી સમસ્યાઓ થતી હોય છે. આ માટે સ્વાસ્થ્યનું ધ્યાન રાખવુ ખૂબ જરૂરી છે. આમ, તમને પણ આંખોને લગતી આ સમસ્યાઓ થાય છે તો આ જ્યૂસ તમારા માટે બેસ્ટ છે. સંતરામાંથી બનાવવામાં આવતો આ જ્યૂસ તમે દરરોજ પીઓ છો તો આંખોની રોશની વધે છે અને સાથે હેલ્થને પણ અનેક ઘણો ફાયદો થાય છે. તો જાણો આ વિશે તમે પણ વધુમાં અને આ જ્યૂસ બનાવો. તમારી આંખો નબળી છે તો તમે સૌથી પહેલા આ જ્યૂસ બનાવો અને પીવાનું શરૂ કરી દો. આ જ્યૂસ બનાવવા માટે સૌ પ્રથમ બેથી ત્રણ સંતરાની સ્લાઈસ, ગાજરની સ્લાઈસ, એક ચમચી મધ અને કોબીજ મિક્સ કરીને ગ્રાઈન્ડરમાં નાખીને પીસી લો. હવે તમે એક ગ્લાસ પાણીમાં આ પેસ્ટ નાખો અને મિક્સ કરો. પછી આ જ્યૂસ થોડો-થોડો કરીને પીઓ. આ જ્યૂસ તમે દરરોજ પીઓ છો તો આંખોની રોશની વધે છે. આંખોને લગતી કોઈ પણ તકલીફને દૂર કરવા માટે આ જ્યૂસ સૌથી બેસ્ટ છે. આ જ્યૂસ પીવાથી શરીરમાં સ્ટેમિના પણ બની રહે છે. તમારા ઘરમાં કોઈને ચશ્માના નંબર વધારે છે તો તમે આ જ્યૂસ પીવડાવવાનું શરૂ કરી દો. આ જ્યૂસ પીવાથી સ્કિન પણ સારી થાય છે. સ્કિનને લગતી કોઈ સમસ્યા છે તો તમે આ જ્યૂસ પીવાનું શરૂ કરી દો. આ જ્યૂસ તમે રેગ્યુલર બાળકોને પણ પીવડાવી શકો છો. આ જ્યૂસ તમે દરરોજ સવારમાં પીઓ છો તો ફાયદો થાય છે. સંતરામાંથી બનેલો આ જ્યૂસ તમારી ઈમ્યુનિટી સિસ્ટમ પણ સ્ટ્રોંગ કરે છે. આ જ્યૂસ મોટી ઉંમરના લોકોને પણ તમે પીવડાવી શકો છો. આ સાથે તમે એક્સેસાઈઝ પણ કરી શકો છો. એક્સેસાઈઝ તમારા માટે બેસ્ટ ઓપ્શન છે. એક્સેસાઈઝ માટે તમે એક્સપર્ટની સલાહ લઈ શકો છો. જો તમને પણ વસ્તુઓ જોવામાં તકલીફ પડવા લાગી છે, તો તમારે તમારી આંખોની રોશની વધારવા પર ધ્યાન આપવાની જરૂર છે.

BOLLYWOOD NEWS FLASH


## ૪૫૦ કરોડની ફિલ્મમાં જોવા મળશે બે રામ ચરણ



સાઉથ સુપરસ્ટારના ખાતામાં ૨ મોટી ફિલ્મો છે. એક છે 'ગેમ ચેન્જર' અને બીજું છે RC16. બંને ફિલ્મોની તૈયારીઓ જોરશોરથી ચાલી રહી છે. જ્યાં હાલમાં RC16માં કલાકારોને ફાઈનલ કરવાનું કામ ચાલી રહ્યું છે. બીજી તરફ 'ગેમ ચેન્જર'ને લઈને મોટા અપડેટ્સ સામે આવી રહ્યા છે. વાસ્તવમાં એસ શંકર પિક્ચરનું દિગ્દર્શન કરી રહ્યા છે. હવે જાણવા મળ્યું છે કે તે હાલમાં એક હાઈ ઓક્ટેન એક્શન સિક્વન્સનું શૂટિંગ કરી રહ્યો છે. આ દ્રશ્યો હેદરાબાદના રામોજી ફિલ્મ સિટીમાં શૂટ થઈ રહ્યા છે. લેટેસ્ટ રિપોર્ટ અનુસાર રામ ચરણ સિવાય એક્શન કોરિયોગ્રાફર અને આર્ટ ડિરેક્ટર અવિનાશ કોલા પણ કામમાં વ્યસ્ત છે. ટીમ વહેલી તકે શૂટિંગ પૂરું કરવા ઝડપ કરી રહી છે. જેથી પોસ્ટ પ્રોડક્શનનું કામ શરૂ કરી શકાય. એક મીડિયાના લેટેસ્ટ રિપોર્ટ અનુસાર આ મુજબ રામ ચરણ ૨ માર્ચ પહેલા 'ગેમ ચેન્જર'ના હેદરાબાદ શેડ્યૂલને સમાપ્ત કરવા માંગે છે. જેથી આપણે ચિત્ર સાથે આગળ વધી શકીએ. એવું જાણવા મળ્યું છે કે નિર્માતા દિલ રાજુ પણ વર્ષ ૨૦૨૪ના છેલ્લા મહિના સુધીમાં ગેમ ચેન્જર રિલીઝ કરવાની યોજના બનાવી રહ્યા છે. જો કે રિલીઝ ડેટની ઓફિશિયલ જાહેરાત કરતા પહેલા તે ઈચ્છે છે કે ફિલ્મનું શૂટિંગ પૂર્ણ થઈ જાય. જેના પર હજુ કામ ચાલુ છે. આ ફિલ્મની જાહેરાત ૨ વર્ષ પહેલા કરવામાં આવી હતી. ત્યારથી શૂટિંગ શિડ્યુલ અને રિલીઝ પ્લાનને લઈને ઘણા ફેરફારો કરવામાં આવ્યા છે. પરંતુ હવે શૂટિંગ લગભગ પૂર્ણ થઈ ગયું છે. તેનું છેલ્લું શેડ્યૂલ હેદરાબાદમાં શૂટ થઈ રહ્યું છે.

## વિક્રાંત અને શીતલે તેમના બાળકનું નામ જાહેર કર્યું


વિક્રાંત મેસી ૨૦૨૩ ના અભિનેતાઓમાંથી એક છે અને ૧૨મી ફેલ માં તેના શાનદાર અભિનય સાથે. તે ૭ ફેબ્રુઆરીએ એક છોકરાના પિતા પણ બન્યા હતા. આજે, અભિનેતા અને તેની પત્ની શીતલ ઠાકુરે તેમના પુત્રનું નામ જાહેર કર્યું. તેઓએ તેનું નામ વરદાન રાખ્યું છે. તેમણે કહ્યું કે બાળક તેમના જીવનમાં આશીર્વાદ બનીને આવ્યું છે. અમે એક તસ્વીર જોઈ શકીએ છીએ જ્યાં દંપતી નવજાતને તેમની બાહોમાં પારણું કરી રહ્યું છે. શીતલ ઠાકુર ગુલાબી સિલ્ક સાડીમાં છે જ્યારે તે મેચિંગ રંગમાં ચિકંકરી કુર્તા પહેરે છે. તેણે એક સુંદર પોસ્ટમાં નામનો ઘટસ્ફોટ કર્યો. અભિનેતા ૧૨મી ફેલમાં તેના શાનદાર કામ માટે એવોર્ડ જીતી રહ્યો છે. તેણે આ ફિલ્મમાં કામ કરવા બદલ ફિલ્મફેર અને દાદાસાહેબ ફાળકે પુરસ્કારો મેળવ્યા છે. વરદાન એક સુંદર નામ છે. સોનમ કપૂર, શિલ્પા શેટ્ટી અને અનુષ્કા શર્માની જેમ તેમને પણ તેમના પહેલા બાળક માટે ફ અક્ષર મળ્યો હતો. વિક્રાંત મેસીએ તેની તાજેતરની મુલાકાતમાં તેની પત્ની શીતલ ઠાકુરને શ્રેય આપ્યો હતો. તેણે કહ્યું કે જ્યારે તેને મહિને ૩૫ લાખ રૂપિયાનો કોન્ટ્રાક્ટ મળ્યો હતો ત્યારે તેણે ટીવીમાં કામ છોડી દીધું હતું. પોતાના પરિવારને સ્થિર કર્યા પછી, તેણે નિયમિત સ્ટ્રગલરની જેમ ફિલ્મના ઓડિશન આપવાનું શરૂ કર્યું. તેણે કહ્યું કે ટીવીમાં કામ કરતી શીતલ ઠાકુરે તેને મુસાફરી અને અન્ય ખર્ચ માટે પોકેટ મની આપી હતી. વિક્રાંત મેસીએ ૨૦૧૮માં એક ટ્વિટ કર્યું હતું જેમાં ભગવાન રામ અને દેવી સીતાનું કાર્ટૂન હતું. તેણે કહ્યું કે તે પોસ્ટ માટે દિલગીર છે અને હિંદુઓને નારાજ કરવાનો ઈરાદો નથી. તે બહુ-ધાર્મિક ઘરનો છે. તેના પિતા ખ્રિસ્તી છે જ્યારે તેની માતા શીખ છે. તેણે કહ્યું કે તેના ભાઈએ ઈસ્લામ અંગીકાર કર્યો છે. તેમની માફી




માં, વિક્રાંત મેસીએ લખ્યું, ''૨૦૧૮ માં મારા એક ટ્વિટના સંદર્ભમાં, હું થોડા શબ્દો કહેવા માંગુ છું: હિંદુ સમુદાયને ઠેસ પહોંચાડવાનો, બદનામ કરવાનો અથવા અનાદર કરવાનો મારો હેતુ ક્યારેય નહોતો. પરંતુ હું પ્રતિબિંબિત કરું છું. મજાકમાં કરવામાં આવેલી ટ્વીટ વિશેની પાછળની દૃષ્ટિએ, હું તેના અણગમતા સ્વભાવને પણ જાહેર કરું છું. વિક્રાંત મેસીએ તાજેતરમાં ભગવાન રામ અને દેવી સીતાનું કાર્ટૂન દર્શાવતી જૂની ટ્વિટ માટે માફી માંગી છે. અભિનેતા, જે હાલમાં તેની છેલ્લી ફિલ્મ, '૧૨મી ફેલ' ની સફળતામાં બેસી રહ્યો છે, તેણે તેની ૨૦૧૮ પોસ્ટ માટે માફી માંગી અને ઉલ્લેખ કર્યો કે લોકો અથવા કોઈપણ સમુદાયની લાગણીઓને ઠેસ પહોંચાડવાનો તેનો કોઈ ઈરાદો નથી.અભિનેતા તાજેતરમાં એક સંપાદકીય કાર્ટૂન દર્શાવતા તેના ટ્વિટ પછી ચર્ચામાં હતો જેમાં સીતાને રામ બપ્ન પર ટિપ્પણી કરતી બતાવવામાં આવી હતી. તે જ શેર કરવા બદલ ટીકાનો ભોગ બનેલા અભિનેતાએ પોસ્ટ કાઢી નાખી અને ઠ પર માફી માંગી. તેણે હવે પોસ્ટ કાઢી નાખી છે.

## એટલી કુમાર શાહરુખ ખાનને લઈને 'જવાન' કરતાં વધુ સારી ફિલ્મ બનાવશે

દિગ્દર્શક એટલા કુમારે કહ્યું છે કે તેઓ શાહરૂખ ખાન સાથે ફરી એક ફિલ્મ બનાવશે. એટલા કુમારે શાહરૂખ ખાન સાથે બ્લોકબસ્ટર ફિલ્મ 'જવાન' બનાવી હતી. બોલિવૂડ ઈન્ડસ્ટ્રીના સુપરસ્ટાર શાહરૂખ ખાને વર્ષ ૨૦૨૩માં ત્રણ બ્લોકબસ્ટર ફિલ્મો આપી છે અને તેમાંથી એક ફિલ્મ 'જવાન' હતી. એટલા કુમાર દ્વારા નિર્દેશિત ફિલ્મ 'જવાન'એ બોક્સ ઓફિસ પર ઘણા રેકોર્ડ બનાવ્યા છે. એટલા કુમારે ઘણી વખત કહ્યું છે કે તે શાહરૂખ ખાનનો મોટો ફેન હતો અને હંમેશા તેની સાથે ફિલ્મ બનાવવા માંગતો હતો. શાહરૂખ ખાન સાથે 'જવાન' જેવી હિટ ફિલ્મો આપનાર એટલા કુમારે તાજેતરમાં એક ઈવેન્ટ દરમિયાન તેની સાથે ફરી કામ કરવાની ઈચ્છા વ્યક્ત કરી હતી. ચાલો જાણીએ કે નિર્દેશક એટલા કુમારે શું કહ્યું, એટલા કુમારે 'ABP કોક્લેવ'માં શાહરૂખ ખાન વિશે કહ્યું, 'મને તેની તમામ ફિલ્મો દિલવાલે દુલ્હનિયા લે જાયેંગે, કુછ કુછ હોતા હૈ, ઓમ શાંતિ ઓમ, ચેન્નાઈ એક્સપ્રેસ ગમે છે... યાદી ઘણી લાંબી છે. મારા માટે તે સમગ્ર વિશ્વમાં ભારતીય સિનેમાનો ચહેરો છે. શાહરૂખ સાથે કામ કરવું એક સપનું હતું. નસીબજોગે મને તેમની સાથે મારી પાંચમી ફિલ્મમાં કામ કરવાનો મોકો મળ્યો. ભગવાન દયાળુ છે અને મને લાગે છે કે મેં તેની સાથે



ન્યાય કર્યો છે. શાહરૂખ ખાન સાથે ફરી કામ કરવાના સવાલ પર એટલા કુમારે કહ્યું, 'ચોક્કસ, હું તેની સાથે ફરી કામ કરીશ. હું જવાન કરતાં વધુ સારો વિષય લઈને આવીશ અને તેની પાસે ચોક્કસ જઈશ. જો શાહરૂખને તે ગમશે તો ચોક્કસ થશે કે અમે બંને ફરી સાથે કામ કરીશું. હું જાણું છું કે તે મને ખૂબ પ્રેમ કરે છે. મેં મારા જીવનમાં તેમના જેવો સારો માણસ ક્યારેય જોયો નથી. આભાર શાહરુખ સર. જ્યારે હું જવાન કરતાં કંઈક મોટી કેક કરીશ ત્યારે હું ફરીથી તમારી પાસે આવીશ. હું ચોક્કસ તમારી પાસે આવીશ.




## કલ્કી ૨૮૯૮ એડી: ફિલ્મ મે ૨૦૨૪માં રિલીઝ થવાની તૈયારીમાં

કલ્કી ૨૮૯૮ એડી એ ૨૦૨૪ ની સૌથી મોટી ફિલ્મોમાંની એક છે. પ્રભાસ, અમિતાભ બચ્ચન, દીપિકા પાદુકોણ અને દિશા પટણી પૌરાણિક કથાઓના સંકેત સાથે ભારતની પ્રથમ મોટી ડિસ્ટોપિયન એક્શન મૂવીના અગ્રણી સ્ટાર્સ છે. અંતમાં, એવી અફવાઓ હતી કે કલ્કિ ૨૮૯૮ એડી ૯ મે, ૨૦૨૪ ની તારીખને પૂર્ણ કરશે નહીં. આ ફિલ્મ જાન્યુઆરી ૨૦૨૪માં આવવાની હતી. પરંતુ હવે, મેકર્સ આવી ગપસપને પ્રોત્સાહન આપવાના મૂડમાં નથી. તેઓએ એક સંદેશ આપ્યો છે કે ફિલ્મ આપેલી તારીખે આવી રહી છે. તેઓએ એક ક્લિપ પણ શેર કરી જેણે પ્રભાસના ચાહકોમાં ઘણી ઉત્સુકતા પેદા કરી છે. કલ્કી ૨૮૯૮ એડી એ અત્યાર સુધીની સૌથી મોંઘી ભારતીય ફિલ્મોમાંની એક માનવામાં આવે છે. કેટલાક દિવસો પહેલા, તેલુગુ ૩૬૦ એ અહેવાલ આપ્યો હતો કે નિર્માતાઓ નવી તારીખ માટે જઈ શકે છે. તેઓએ કહ્યું કે ફિલ્મના ફ઼્લ્ઠ બાકી છે. એવું લાગે છે કે નાગ અશ્વિન એવી પ્રોડક્ટ રજૂ કરવા ઈચ્છતો ન હતો જેમાં સંપૂર્ણ ફિનિશિંગ ન હોય. આ કારણે તેણે ટીમ પાસે થોડો વધુ સમય માંગ્યો હતો. કલ્કિ ૨૮૯૮ એડીનું શૂટિંગ હૈદરાબાદમાં કરવામાં આવ્યું છે. ફિલ્મ તેના સેટ અને વીએફએક્સ પર વધુ છે. પરંતુ નિર્માતાઓએ આ બધાનું ખંડન કરવા માટે ઠ પર એક પોસ્ટ મૂકી છે.

# ભારતનો પ્રથમ સામૂહિક નિકાસ વિકાસ કાર્યક્રમ : પ્રથમ વખત ૨૦૦,૦૦૦ MSME નિકાસકારોને સક્ષમ કરવાનું મિશન



ઈન્ડિયા એસએમઈ ફોરમની અત્યંત મહત્વાકાંક્ષી પહેલ, ઈન્ડિયાએક્સપોર્ટ્સ એ પ્રથમ વખત ૨૦૦,૦૦૦ MSME નિકાસકારોને સક્ષમ કરવાના મિશન સાથેનો ભારતનો પ્રથમ માસ એક્સપોર્ટ ડેવલપમેન્ટ પ્રોગ્રામ છે. આ લક્ષ્યાંક હાંસલ કરવા માટે, ઈન્ડિયા SME ફોરમે પ્રાદેશિક MSME નિકાસ સમિટની શ્રેણી શરૂ કરી છે. અમદાવાદ એડિશન ૨૩મી ફેબ્રુઆરી ૨૦૨૪ના રોજ કોર્ટયાર્ડ બાય મેરિયોટ ખાતે સવારે ૧૦:૦૦ વાગ્યાથી શરૂ કરવામાં આવેલ.

MSME ના કેન્દ્રીય મંત્રી શ્રી નારાયણ તાટુ રાણે અને શ્રી સંતોષ સારંગી, IAS, ડાયરેક્ટર જનરલ ઑફ ફોરેન ટ્રેડ દ્વારા નવેમ્બર ૨૦૨૩ માં મહત્વાકાંક્ષી પહેલ શરૂ કરવામાં આવી હતી, જેનો ઉદ્દેશ્ય ૨૦૦,૦૦૦ MSME નિકાસકારોને તાલીમ દ્વારા અને તેમને શોધવામાં સુવિધા દ્વારા પ્રથમ વખત દિશા આપવાના હેતુ સાથે કરવામાં આવ્યો હતો. તેમના ઉત્પાદનો માટે નિકાસની સંભાવના, નવા નિકાસ બજારોની શોધ, MSME કેન્દ્રિત ઉત્પાદનો માટે ફાયટોસેનિટરી પગલાં, આંતરરાષ્ટ્રીય પ્રમાણપત્રો, ગુણવત્તા ધોરણો વગેરેને આવરી લે છે.

આ પહેલના ભાગ રૂપે, ઈન્ડિયા એસએમઈ ફોરમે સમગ્ર દેશમાં શક્ય તેટલા MSME ને સામેલ કરવા અને આવરી લેવા માટે એક આઉટરીચ રૂટ તૈયાર કર્યો છે. જેના ભાગરૂપે તે જાન્યુઆરી-માર્ચ વચ્ચે રોડ-શો યોજવાનો પ્રયાસ કરે છે, જેમાં ક્ષેત્રીય નિકાસ સંભવિતતા સાથે ક્ષેત્રીય મેટ્રો શહેરો અને ઉદ્યોગ ક્લસ્ટરોને આવરી લેવામાં આવે છે, જેમાં આયાત અવેજી પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવે છે, જેથી MSME સમુદાયમાં પહેલ માટે મહત્તમ એક્સપોઝર અને જાગૃતિ આવે. UPS અને ICICI બેંક લોજિસ્ટિક્સ અને ટ્રેડ ફાઈનાન્સ સંબંધિત બાબતો માટે સ્જીસ્ઈ ને વિષયની કુશળતા અને હેન્ડહોલ્ડિંગ ઓફર કરવાની પહેલ સાથે સંકળાયેલા છે.

અમદાવાદમાં પ્રાદેશિક MSME નિકાસ સમિટમાં ક્ષેત્રીય અને MSME ઉત્પાદનોની નિકાસ સંભવિતતાનું મૂલ્યાંકન કરવા તેમજ નિકાસ સફળતા માટે મુક્ત વેપાર કરારનો લાભ લેવા પર નિષ્ણાતો દ્વારા વિશેષ વાર્તાલાપ દર્શાવવામાં આવ્યો, જેનાથી MSMEsને ચોક્કસ HSN કોડ્સની સંભવિતતા પર. મહત્વાકાંક્ષી નિકાસકારોને જોડવા અને માર્ગદર્શન આપવું. MSMEs માટે ઈન્ટરનેવિચાર વિમર્શ દ્વારા પ્રતેયક્ષ કનેક્ટ અને મહત્વકાંક્ષી નિકાસકારોને માર્ગદર્શન આપવામાં આવ્યુ. જેનો હેતુ MSME માટે ઈન્ટરનેશનલ માર્કેટ નો લેન્ડસ્કેપ દર્શાવવાનો અને MSME સાહસિક નિકાસકરો માટે સફળ રોડમેપ બનાવવાનો હતો.

નિષ્ણાતો દ્વારા કરવામાં આવેલી ચર્ચાઓ નિકાસ માટે MSME દ્વારા સામનો કરવામાં આવતી ચિંતાઓ/પડકારોને પ્રકાશિત કરશે અને તેનું સમાધાન કરશે તેવી અપેક્ષા છે.

# ઝાલોદ નગરપાલિકાને સ્વચ્છ અને કચરા મુક્ત કરવા પાંચ નવા છોટા હાથીની ખરીદી કરી નગરને વધુ સુંદર બનાવવા લક્ષ બનાવ્યું


તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૨૫ ।

ઝાલોદ નગરપાલિકાએ નગરને કચરા મુક્ત કરવા ૧૫.માં નાણાંપંચની ગ્રાન્ટ માંથી છોટા હાથી ૫ નંગની ખરીદી કરી જેથી નગરના દરેક વિસ્તારોમા સફાઈ અને કચરાના નિકાલની વ્યવસ્થા વધુ ઝડપી બને. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના સ્વચ્છ ભારત મિશનને વધુ ઝડપી થી સફળ બનાવવા તેમજ નગરના વિકાશ માટે સહયોગ થાય તેવા નવા વાહનોની ખરીદી અંગે નગરના ચીફ ઓફિસર દીપસિંહ હઠીલા એ વધુ માહિતી આપી હતી કે આગામી સમયમાં પાંચ નવા ટ્રેક્ટર, નગરની લાઈટ વ્યવસ્થા જાળવવા સીડી સાથેનુ નવું વાહન, નવું જે.સી.બી મશીન, પાણી પુરવઠા માટે પાણીની મોટર લાવવા લઈ જવા તેમજ અન્ય પાલિકાને મદદરૂપ થાય તે માટે એક વાહનની ખરીદી થઈ ગયેલ છે જે સાધનો આગામી સમયમાં નગરને મળી જવાના છે.

ઝાલોદ નગરપાલિકા દ્વારા હાલ નગરની ડંપીંગ સાઈડ પર કચરાના શુદ્ધિકરણ માટેની સુંદર કામગીરી હાલ ચાલી રહેલ છે. તેમજ આ કચરા માથી ખાતર બને તે રીતનુ આયોજન હાલ ચાલી રહેલ છે.આમ હાલ ઝાલોદ નગરપાલિકા સુંદર આયોજન હેઠળ નગરને વિકસિત કરવાના પ્રોજેક્ટ પર કામગીરી કરી રહેલ છે. નગરપાલિકા દ્વારા આગામી સમયમાં નગરપાલિકા પાછળ આવેલ મેદાનને વધુ હાઈટેક બનાવી તેને ગાર્ડન સહિતની સુવિધા વિકસાવવામાં આવનાર છે. આવનાર સમયમાં મુવાડા ચોકડી થી વિશ્વકર્મા સુધી, ફતેપુરા ચોકડી થી ઠુઠી સુધીના સ્માર્ટ રોડ બનાવવાની યોજના અને ભોજા તળાવના સુંદર વિકાસ માટે નગરપાલિકાના આયોજન છે તેમજ આગામી સમયમાં અનેક નવા ટેન્ડર નગરના વિકાશ માટે બહાર પડનાર છે. ગુજરાત સરકાર દ્વારા નગર પાલિકાના લાઈટ બીલ માટે ૩.૮૪ કરોડ મળનાર છે જેથી નગર પાલિકાનુ લાઈટ બિલ જીરો થઈ જનાર છે તેથી નગરજનો પણ નગર પાલિકાનો ટેક્સ સમયસર ભરી નગરના વિકાસમાં સહયોગ કરે તેવો આગ્રહ ચીફ ઓફિસર દીપસિંહ હઠીલા દ્વારા કરવામાં આવેલ છે.

# ફ્રીડમ ડે કેર સેન્ટર ધોળકાનાં ૮ દિવ્યાંગ બાળકો જીલ્લા કક્ષાએ રમતોત્સવમાં ઝલક્યા અને ધોળકાનું નામ જીલ્લા કક્ષાએ રોશન કર્યું




। અમદાવાદ, તા.૨૫ ।

જીલ્લા કક્ષાના સ્પે.ખેલ મહાકુંભ ૨.૦માં તા-૨૧/૦૨/૨૪ તથા ૨૨/૦૨/૨૪ ના રોજ યોજાયેલ રમતોત્સવમાં ન્યુ વે એજ્યુકેશનલ એન્ડ રૂરલ ડેવલોપમેન્ટ ટ્રસ્ટ સંચાલિત ફ્રીડમ ડે કેર સેન્ટર ધોળકાનાં દિવ્યાંગ બાળકોએ અમદાવાદ મુકામે ભાગ લીધો હતો. જેમાં સાક્ષી યોગેશ કુમાર મિસ્રી ૨૦૦ મી રનમાં ત્રીજા નંબર પર વિજેતા ૪૦૦ મી રનમાં પ્રથમ સાયકલિંગ ૫૦૦ મી. તથા ૧ દ્વા માં પ્રથમ વિજેતા સનોફરબનું મ. યુસુફ ૨૦૦ મી રનમાં ત્રીજા નંબર પર વિજેતા વીરભદ્ર ભગીરથસિંહ લાંબી કૂદમાં પ્રથમ વિજેતા સાયકલિંગ ૫૦૦ મી. બીજો નંબર વિજેતા નંબર તથા ૧ દ્વા માં ત્રીજા નંબર વિજેતા સુહનાબાનું મ. યુસુફ લાંબી કૂદમાં પ્રથમ વિજેતા બોચી રમતમાં ત્રીજા નંબર પર વિજેતા તેહમીનાબનું યાસીનમિયા લાંબી કૂદમાં બીજા નંબર પર વિજેતા મહેફૂજાબનું ઈબ્રાહીમભાઈ લાંબી કૂદમાં ત્રીજા નંબર પર વિજેતા મહમદ જાબિર મ. યુસુફ ૨૫ મી રન પ્રથમ વિજેતા ૧૦૦ મી વોક ત્રીજા નંબર વિ- જેતા જેનીતા રાવલ સાયકલિંગ ૫૦૦ મી. પ્રથમ વિજેતા સાયકલિંગ ૧ દ્વા પ્રથમ વિજેતા બન્યા હતા અને ધોળકાનું નામ જીલ્લા કક્ષાએ રોશન કર્યું હતું.

સંસ્થા પ્રમુખ શ્રી ભાવિન પરમાર તથા હરીશ પરમાર દ્વારા બાળકો તથા સ્ટાફને ખુબ ખુબ અભિનંદન પાઠવવામાં આવ્યાં હતા.

# ઝાલોદ રોહિત સમાજ દ્વારા સંત શ્રી શિરોમણી રોહિતદાસજીની ૬૪૭મી જન્મ જયંતિની ધામધૂમથી ઉજવણી કરવામાં આવી

## શોભાયાત્રા, મહાઆરતી, મહાપ્રસાદ તેમજ ભવ્ય લોકડાયરાનુ આયોજન કરાયું

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૨૫ ।

પંદરમી સદીમાં જન્મેલ સંત શિરોમણી રવિદાસજી દ્વારા લખાયેલ દોહા આજે પણ લોકોને પ્રેરણા આપી રહેલ છે. સંત રવિદાસનો જન્મ ઉત્તર પ્રદેશના વારાણસીના એક મોચી પરિવારમાં થયેલ હતો. તેમનો જન્મ મહા માસની પૂર્ણિમાના દિવસે થયો હતો. મોચી પરિવાર માથી આવતા સંત રવિદાસ દ્વારા ભક્તિ ચળવળ દ્વારા આધ્યાત્મિક આંદોલન યુગની શરૂઆત કરી જેને લઈ સમાજ મા ઘણા મોટા બદલાવ આવ્યા. તેમણે તેમના જીવન દરમ્યાન ગીતો, સ્રોતો, યુગલોની રચના કરી જેને આજે પણ લોકો યાદ કરે છે. તેમણે જીવનમાં જાતિવાદ, ભેદભાવ જેવા કુરિવાજો બંધ કરવા લોકોને આહવાન કર્યું હતું. સંત રવિદાસ મીરાબાઈના આધ્યાત્મિક ગુરુ માનવામાં આવે છે.

ઝાલોદ નગરના રોહિત સમાજ દ્વારા તારીખ ૨૪-૦૨-૨૦૨૪ શનિવારના રોજ સંત રવિદાસની શોભાયાત્રા નગરના દરેક વિસ્તારો માથી ભજન અને રાસ ગરબાની રમઝટ સાથે કાઢવામાં આવી હતી. દરેક વિસ્તારમાં રવિદાસ ની શોભાયાત્રાનું સ્વાગત કરવામાં આવ્યું હતું. સંત રવિદાસની ૬૪૭ મી જન્મ જયંતિ રોહિત સમાજ દ્વારા ભારે હર્ષોલ્લાસ થી ઉજવવામાં આવી હતી. આ શોભાયાત્રામાં નગરના સામાજિક કાર્યકર્તાઓ પણ જોડાયા હતા. શોભાયાત્રાના રૂટ પર આવતી આંબેડકર તેમજ સરદાર પટેલની પ્રતિમા ઓને રોહિત સમાજ તેમજ નગરના સામાજિક કાર્યકર્તાઓ દ્વારા ફૂલહાર પહેરાવી યાદ કરાયા હતા. રોહિત સમાજ દ્વારા ભવ્ય શોભાયાત્રા પછી મહાઆરતી કરી મહાપ્રસાદનુ પણ આયોજન કરવામાં આવ્યું હતું જેમાં રોહિત સમાજ તેમજ નગરના સામાજિક કાર્યકર્તાઓ જોડાયા હતા. સામાજિક સમરસતા તેમજ સર્વ ધર્મ સમભાવની સંદેશો આપતા નગરના આગેવાનો તેજસ પંચાલ, ચિરાગ કોઠારી, ભરત શ્રીમાળી,અગ્નેશ પંચાલ, દિનેશ પંચાલ, અનુપ પટેલ, મનીષ પંચાલ, ટપુ વસૈયા, બટુલ ડામોર, અલ્કેશ ભાભોર હાજર રહેલ હતા.




તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ

તારીખ ૨૪-૦૨-૨૦૨૪ ના રોજ વિકેશ ગ્રુપ, સંતરામપુર દ્વારા ભવ્ય ભજન સાથે લોક ડાયરાની પ્રસ્તુતિ કરવાના આવી હતી. આ લોકડાયરો ખાંટવાડા વિસ્તારમાં રાત્રીના ૯ વાગ્યાના સમયે યોજાયો હતો. આ લોકડાયરાનુ દીપ પ્રાગટય નગરના પી.એસ.આઈ માળી દ્વારા કરી લોકડાયરાની શરૂઆત કરવામાં આવી હતી. આ લોક ડાયરાની મજા રોહિત સમાજ સાથે નગરના લોકોએ પણ માણી હતી. આ ભવ્ય લોક ડાયરો રાત્રીના મોડે સુધી ચાલ્યો હતો. આમ રોહિત સમાજ દ્વારા સંત રવિદાસની જન્મ જયંતિ નિમિત્તે યોજેલ ધાર્મિક પ્રોગ્રામનો લ્હાવો નગરના સહુ કોઈ એ લીધો હતો.

રોહિત સમાજના પ્રમુખ દિનેશ ભુનાતર, રામચંદ્ર ભુનાતર, બાબુ ભુનાતર, શનીલાલ ભુનાતર, શંકર ભુનાતર, સંતોષ ભગોરા દ્વારા કાર્યક્રમ સફળ બનાવવા સહુનો આભાર માન્યો હતો.

# વાપટેગ ગાંધીનગરમાં ૨૯ ફેબ્રુઆરીથી ૨ માર્ચ સુધી વોટર એક્સપોનું આયોજન કરશે

## મહાત્મા મંદિર ખાતે એક્ઝિબિશનની આઠમી એડિશન સૌથી એડવાન્સ્ડ, સૌથી મોટી અને વધુ સમાવેશક એક્ઝિબિશન હશે



। અમદાવાદ, તા.૨૫ ।

અમદાવાદ – વોટર પ્યુરિફિકેશન અને ટ્રીટમેન્ટ ઉદ્યોગના સૌથી મોટા વિશ્વસનીય અને સૌથી મોટા એસોસિયેશન વોટર પ્યુરિફિકેશન એન્ડ ટ્રીટમેન્ટ એસોસિયેશન ઓફ ગુજરાત (વાપટેગ) ૨૯ ફેબ્રુઆરીથી ૨ માર્ચ સુધી ગાંધીનગરમાં મહાત્મા મંદિર ખાતે દક્ષિણ એશિયાના સૌથી મોટા વોટર એક્સપો વેપટેગ વોટર એક્સપો ૨૦૨૪ની આઠમી એડિશનનું આયોજન કરશે.આઠમી એડિશન એવા વાપ ટેગ વોટર એક્સપો ૨૦૨૪માં વોટર અને વેસ્ટ-વોટર મેનેજમેન્ટ સેક્ટરમાં લેટેસ્ટ ટેક્નોલોજી દર્શાવતી ભારત તથા આંતરરાષ્ટ્રીય સ્તરની અગ્રણી કંપનીઓ ભાગ લેશે. એક્સપો સમગ્ર ઉદ્યોગના લોકોને એકસાથે લાવશે અને બિઝનેસ ડેવલપમેન્ટ, નેટવર્ક શેર કરવા તથા નવીનતમ વોટર સોલ્યુશન્સ શોધવા માટેની અનોખી તક પૂરી પાડશે. વોટર પ્યુરિફિકેશન અને ટ્રીટમેન્ટ ઉદ્યોગ માટે આ એક શ્રેષ્ઠ સ્થળ છે અને ભારતમાં વિશાળ વોટર પ્યુરિફિકેશન અને વોટર ટ્રીટમેન્ટ સેક્ટરમાં પ્રવેશવા માંગતા કંપનીઓ માટે પરફેક્ટ ડેસ્ટિનેશન છે. "વાપટેગ એ કેવળ એક્ઝિબિશન નહીં પરંતુ વોટર પ્યુરિફિકેશન અને ટ્રીટમેન્ટ ઉદ્યોગનો પાયાનો પથ્થર છે. ગત વર્ષે નોઈડામાં ઈન્ડિયા એક્સપો સેન્ટર ખાતે સાતમી એડિશનની સફળતા બાદ અમે વેપટેગની વધુ મોટી અને બોલ્ડ એડિશન સાથે પાછા ફર્યા છીએ. તે ખૂબ જ એડવાન્સ્ડ, સૌથી મોટી, અનોખી તથા સ્થળ, એક્ઝિબિટર્સની પ્રોફાઈલ તેમજ બહોળા ઉદ્યોગ સેગમેન્ટની બાબતે સમાવેશક ઈવેન્ટ હશે જે વોટર અને વેસ્ટવોટર મેનેજમેન્ટ સેક્ટરમાં નવીનતાઓ દર્શાવશે તથા વોટર ઈનોવેશનમાં ભવિષ્યમાં ઝાંખી કરશે", એમ વાપટેગના પ્રેસિડેન્ટ અસિત દોશીએ જણાવ્યું હતું. ઉદ્યોગની કેટલીક મોટી કંપનીઓ સહિત ભારત અને વિદેશોના ૧૫૦થી એક્ઝિબિટર્સ વાપટેગ વોટર એક્સપો ૨૦૨૪માં ભાગ લઈ રહ્યા છે જે લેટેસ્ટ ટેક્નોલોજી બતાવવા તથા નિહાળવા માટેની તથા પોતાની બ્રાન્ડને વૈશ્વિક સ્તરે પ્રમોટ કરવાની અનોખી તક પૂરી પાડે છે. સમગ્ર દેશ-વિદેશના બીટુબી મુલાકાતીઓ સહિત ૧૦,૦૦૦થી વધુ મુલાકાતીઓ આ એક્સપોની મુલાકાત લઈ રહ્યા છે.

# સૌને પરવડે તેવા દરે એઇમ્સમાં થશે બ્લડ, એક્સ-રે સહિતના ૨૦૦ થી વધુ રીપોર્ટ્સ

। (માહિતી) રાજકોટ, તા.૨૫ ।

આરોગ્યની સર્વોત્તમ સેવા આપતી એઈમ્સને પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી રાજકોટ ખાતે રવિવારે ખુલ્લી મુકવા જઈ રહ્યા છે, ત્યારે સામાન્ય પરિવારના દર્દીને પરવડે તે દરે સેવા-સુષુશ્રા કરવાની એઈમ્સની આગવી પરંપરા અહીં પણ સાકાર થશે, જેની પ્રતીતિ રાજકોટ એઈમ્સ ખાતે દાખલ થનાર દર્દીઓને થવા જઈ રહી છે. રાજકોટ એઈમ્સ ખાતે ૨૫૦ બેડના ઈન્ડોર પેશન્ટ વિભાગનો પ્રારંભ થવા જઈ રહ્યો છે, ત્યારે અહીં દાખલ થયેલા દર્દીઓને વિવિધ લેબોરેટરી રીપોર્ટ્સ માટે ઈનહાઉસ સુવિધા પણ શરુ કરવામાં આવશે. એઈમ્સ ડિરેક્ટર ડો. સી.ડી.એસ. કટોચના જણાવ્યા અનુસાર સી.બી.સી, બાયોપ્સી, લિપિડ પ્રોફાઈલ, કિડની ફક્શન સહિતના લોહીના ૧૬૦ જેટલા વિવિધ રીપોર્ટ્સ અને ઍક્સ-રેના અલગ અલગ ૩૦ જેટલા રીપોર્ટ્સ નોમિનલ ચાર્જમાં કરી આપવામાં આવશે. એઈમ્સ અને ખાનગી લેબમાં થતા રિપોર્ટ્સની કમ્પૅરિઝન કરીએ તો અહીં સી.બી.સી.રિપોર્ટનો દર માત્ર ૨૫ રૂ. જે ખાનગીમાં રૂ. ૨૦૦, બાયોપ્સી રૂ. ૩૭૪ જે ખાનગીમાં રૂ. ૧૨૦૦, લિપિડ પ્રોફાઈલ ૨૭૫ સામે ખાનગીમાં ૬૦૦, લીવર ફંક્શન ટેસ્ટના રૂ. ૨૨૫ જે ખાનગીમાં રૂ. ૭૦૦, કીડીની ફંક્સનના રૂ. ૨૨૫ જે ખાનગીમાં રૂ. ૬૦૦ જેટલો ચાર્જ લેવામાં આવે છે. વિવિધ સીરમ ટેસ્ટ રૂ. ૭૫ ની અંદર થશે. આ સાથે ડેન્ગ્યુ, ચિકન ગુનિયાના ટેસ્ટ માત્ર રૂ. ૨૫ માં, મેલેરિયા રૂ. ૫૦, ટાઈફોડનો રૂ. ૮૦ તેમજ સ્ટુલ રૂટિન ટેસ્ટ રૂ. ૩૫ જેવા ન્યુનતમ દરે કરી આપવામાં આવશે. એક્સ-રે માં છાતીના ૭૦ રૂ., ખભ્ભો, ગોઠણ, પગ, કોણી, કરોડરજ્જુ, હથેળી, આંગળી, સ્કલ સહિતના શરીરના બાહ્ય અં- ગોના એક્સ-રેના માત્ર ૧૫૦ રૂ. ચાર્જ કરવામાં આવશે, જેનો ચાર્જ ખાનગી જગ્યાએ સામાન્ય રીતે રૂ. ૫૦૦ જેટલો થતો હોય છે.

# કેબિનેટમંત્રી ભાનુબેન બાબરિયાની ઉપસ્થિતિમાં જામવંથલી ખાતે જામનગર પંચકોશી સમસ્ત ભરવાડ સમાજનો સમૂહ લગ્નોત્સવ યોજાયો

। (માહિતી) જામનગર, તા.૨૫ ।

રાજ્યના મહિલા અને બાળ કલ્યાણ, સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગના મંત્રીશ્રી ભાનુબેન બાબરિયા જામનગર જિલ્લાના જામવંથલી ખાતે યોજાયેલ પંચકોશી સમસ્ત ભરવાડ સમાજના સમૂહ લગ્નોત્સવમાં ઉપસ્થિત રહ્યા હતા. મંત્રીશ્રી તેમજ મહાનુભાવોના હસ્તે પ્રભુતામાં પગલાં માંડનાર ૧૦૦ નવદંપતીઓને સાત ફેરા સમૂહલગ્નોત્સવ યોજના હેઠળ પ્રત્યેક યુગલને રૂ.૧૨૦૦૦, ૧૦૦ કન્યાઓને કુંવરબાઈનું મામેરૂ યોજના હેઠળ પ્રત્યેકને રૂ.૧૨૦૦૦ ની તેમજ સમૂહ લગ્નોત્સવ સમિતિને રૂ.૭૫૦૦૦ હજારની સહાય મળી કુલ રૂ.૨૪લાખ ૭૫હજારની સહાયનો ચેક અર્પણ કરવામાં આવ્યો હતો. કાર્યક્રમમાં મંત્રીશ્રીએ પ્રભુતામાં પગલા માંડનાર ૧૦૦ નવદંપતિઓને આશીર્વચન પાઠવતા જણાવ્યું હતું કે, પ્રત્યેક સમાજને આગળ લાવવા માટે સરકાર તત્પર છે.

# આજનું રાશિ ભવિષ્ય.....

**મેષ (અ,લ,ઇ) :**
આજના દિવસે ગર્ભવતી મહિલાઓ માટે બહુ સારો દિવસ નથી. ચાલતી વખતે તમારે વધારે સાવચેતી રાખવી જોઈએ. ગત દિવસો માં જેટલું ધન તમે પોતાના આજ ને સારું કરવા માટે નિવેશ કર્યું હતું તેનું ફાયદો તમને આજે મળી શકે છે. તમારા માતા-પિતાની તબિયત ચિંતા તથા બેચેની જન્માવશે. તમારા પ્રિયપાત્રને આજે આખો દિવસ તમારી ગેરહાજરી ખૂબ જ ખટકશે.

**વૃષભ (બ,વ,ઉ) :**
આજના દિવસે ઉત્સાહિત કરનારી તથા તમને નિરાંતવા રાખતી પ્રવૃત્તિઓ સાથે સંકળાઓ. તમારી પાસે હંગામી ધોરણે નાણાં ઉછીના લેવા માટે તમારો સંપર્ક કરનારાઓની અવગણના કરો. કેટલાક લોકો પોતે કરી શકે તેનાથી વધુ કામરી બડાઈ ફૂંકશે-જેઓ માત્ર વાતો જ કરે છે અને કોઈ પરિણામ આપતા નથી એવા લોકો વિશે ભૂલી જવામાં જ સાર છે.

**મિથુન (ક,છ,ઘ) :**
આજના દિવસે ધ્યાન તથા યોગ આધ્યાત્મિક તથા શારીરિક લાભ માટે ઉપયોગી સાબિત થશે. આજે શક્યતા છે કે તમને ધન સંબંધી કોઈ મુશ્કેલી હોય પરંતુ તમે પોતાની સમજદારી થી ખોટ ને નફા માં બદલી દેશો? મિત્રો તથા પરિવાર સાથે આનંદદાયક સમય. આજે આંધળો પ્રેમ પ્રાપ્ત કરવાનું તમે શક્યા કરી દેખાડશો.

**કર્ક (ડ,હ) :**
આજના દિવસે તમારૂં સ્વાસ્થ્ય અને દેખાવ સુધારવા માટેની બાબતો હાથ ધરવા માટે અઢળક સમય મળશે. તમે તમારી જાતને નવી રોમાંચક પરિસ્થિતિમાં જોશો- જે તમને આર્થિક લાભ પણ અપાવશે. સંબંધીઓ-મિત્રો એક સુંદર સાંજ માટે તમને મળવા આવશે. પ્રેમનું સંગીત એને જ સંભળાય છે જેઓ તેમાં સતત ખોવાયેલા રહે છે. આજે તમને આ સંગીત સાંભળવા મળશે.

**સિંહ (મ,ટ) :**
આજના દિવસે શારીરિક લાભ અને ખાસ કરીને માનસિક દઢતા માટે ધ્યાન અને યોગ કરવાનું શરૂ કરો. આજે તમારે જમીન, રિયલ એસ્ટેટ અથવા સાંસ્કૃતિક પ્રૉજેક્ટ્સને લગતી બાબતો પર ધ્યાન આપવું જોઈએ. તમારા બાળકોની સમસ્યાઓ સાથે કામ લેવા માટે થોડોક સમય કાઢો. ઉત્સાહજનક દિવસ કેમ કે આજે તમને તમારા પ્રિયપાત્રનો કૉલ આવશે.

**કન્યા (પ,ઠ,ણ) :**
આજના દિવસે શારીરિક લાભ અને ખાસ કરીને માનસિક દઢતા માટે ધ્યાન અને યોગ કરવાનું શરૂ કરો. આજે તમારે જમીન, રિયલ એસ્ટેટ અથવા સાંસ્કૃતિક પ્રૉજેક્ટ્સને લગતી બાબતો પર ધ્યાન આપવું જોઈએ. તમારા બાળકોની સમસ્યાઓ સાથે કામ લેવા માટે થોડોક સમય કાઢો. ઉત્સાહજનક દિવસ કેમ કે આજે તમને તમારા પ્રિયપાત્રનો કૉલ આવશે.

**તુલા (ર,ત) :**
આજના દિવસે આજે તમે જે કંઈ કરશો તેમાં-ઊર્જાથી સભર હશો-તમે દરેક કામ સામાન્યપણે લાગતા સમય કરતાં અડધા સમયમાં પાર પાડી શકશો. વેપારીઓ ને આજ પોતાના વેપાર માં ખોટ આવી શકે છે અને પોતાના વેપાર ને સારો બનાવવા માટે તમારે તમારા પૈસા ખર્ચ કરવા પડી શકે છે. તમારા તરફથી કંઈ વધુ કર્યા વિના અન્યોનું ધ્યાન ખેંચવા માટે આ શ્રેષ્ઠ દિવસ છે.

**વૃશ્ચિક (ન,ય) :**
આજના દિવસે સ્વાસ્થયની સંભાળ લો અને પરિસ્થિતિને થાળે પાડો. આજે તમારું કોઈ નજીકી જોડે ઝગડો થયી શકે છે અને વાત કોર્ટ કચેરી સુધી જયી શકે છે. જેના લીધે તમારું વધારે ધન ખર્ચ થયી શકે છે. તબિયત સારી ન હોય એવા સંબંધીની મુલાકાત લેજો. પ્રેમમાં તમે નિરાશ થયા હશો પણ નાસીપાસ થશે નહીં કેમ કે પ્રેમીઓ ખૂબ જ અધીરા હોય છે.

**ધન (ભ,ધ,ફ) :**
આજના દિવસે બોલતા પહેલા બે વાર વિચાર કરો. જાણતા જ પ્રગટ થયેલા તમારા મંતવ્યો કોઈકની લાગણી દુભાવી શકે છે. પોતાના પૈસા બચાવવા માટે તમારે ઘર ના સભ્યો જોડે આજે વાત કરવાની જરૂર છે. તેમની સલાહ તમને આર્થિક સ્થિતિ સુધારવા માં મદદ કરશે? આજે જો તમે કોઈને સલાહ આપશો-તો તે મેળવવા માટેની તૈયારી પણ રાખજો.

**મકર (ખ,જ) :**
આજના દિવસે મજા માટેની ટ્રીપ તથા સામાજિક મેળાવડા તમને નિરાંતવા તથા ખુશ રાખશે. નવા સંપર્કો કદાચ લાભદાયી લાગશે પણ અપેક્ષા મુજબના લાભ નહીં લાવે- નાણાં રોકવાની વાત આવે ત્યારે ઉતાવળા નિર્ણયો ન લેવામાં જ સાર છે. મહેમાનોની સંગત માણવા માટે અદભુત દિવસ. તમારા સગાં-સંબંધીઓ સાથે કોઈક ખાસ યોજના ઘડો.

**કુંભ (ગ,શ,સ) :**
આજના દિવસે સ્વાસ્થ્યની દૃષ્ટિએ આ સમયગાળો ખરાબ રહેશે આથી તમે શું ખાવ-પીઓ છો તે અંગે સાવચેત રહેજો. તમારું કોઈ મિત્ર આજે તમારા થી મોટી રકમ ઉધાર માંગી શકે છે, જો તમે તેને આ રકમ આપો છો તો તમે નાણાકીય સંકટ માં આવી શકો છો. સૌને તમારી મોટી પાર્ટી માટે બોલાવો-આજે તમારામાં એ વધારાની ઊર્જા હશે.

**મીન (દ,ચ,ઝ,થ) :**
આજના દિવસે આઉટડૉર રમતો તમને આકર્ષશે-ધ્યાન તથા યોગ લાભ લાવશે. મોડી પડેલી લેણી નીકળતી રકમ પાછી મળતા આર્થિક સ્થિતિ સુધરશે. લમે જેમની સાથે રહો છો એ લોકો તમારાથી ખુશ નહીં હોય-પછી ભલેને તમે તેમને ખુશ કરવા ગમે તે કરો. તમારા પ્રેમી અથવા પ્રેમિકા આજે તેમના ઘર ની સ્થિતિ ને કારણે ખૂબ ગુસ્સે દેખાઈ શકે છે.

# ઘણાં યુવાનો એજન્ટોની જાળમાં ફસાઈને ગુમાવે છે લાખો રૂપિયા!

**ગુજરાત, પંજાબ, હરિયાણા સહિત દેશના તમામ રાજ્યોમાં હાજર એજન્ટો પાસે યુવાનોની આ તમામ સમસ્યાઓના ઉકેલ છે**




ઘણા યુવાનો કેનેડામાં નોકરી મેળવવા માટે તેમના દિવસ અને રાત એક કરી દેતા હોય છે, પરંતુ એક નાની ભૂલને કારણે, આ યુવાનોના વિઝા વારંવાર રદ થાય છે. આવી સ્થિતિમાં, યુવાનો એવી વ્યક્તિની શોધ કરે છે જે તેમને માત્ર વિઝા ફાઈલ કરવાની પ્રક્રિયામાં જ મદદ ન કરી શકે પરંતુ તેમને તેમના સપનાના દેશ માટે સરળતાથી વર્ક વિઝા પણ મળી શકે. જો કોઈ કારણસર વર્ક વિઝા ન મળે તો પ્રયાસ એ છે કે કોઈક રીતે તેમને વિઝિટ વિઝા મળે, જેની મદદથી તેઓ કેનેડાની સરહદમાં પ્રવેશી શકે અને સારા જીવન માટે કંઈક કરી શકે. ગુજરાત, પંજાબ, હરિયાણા સહિત દેશના તમામ રાજ્યોમાં હાજર એજન્ટો પાસે યુવાનોની આ તમામ સમસ્યાઓના ઉકેલ છે. આ તમામ એજન્ટોએ દરેક સમસ્યા અનુસાર તેમની ફી નક્કી કરી છે. ઉદાહરણ તરીકે, તમારે કેનેડામાં નોકરીની જરૂર હોય કે વિઝા ફાઈનાન્સ માટે પરિચય આપનારની જરૂર હોય, આ એજન્ટો પાસે તમામ પ્રકારની સુવિધાઓ ઉપલબ્ધ છે અને દરેક સુવિધા માટે અલગથી ફી નક્કી કરવામાં આવી છે. ચાલો આજે તમને જણાવીએ કે આ એજન્ટો વિદેશ જવા ઈચ્છતા યુવાનો સુધી કેવી રીતે પહોંચે છે. યુવાનો અને તેમના પરિવારજનોનો વિશ્વાસ મેળવીને લાખો રૂપિયાની ફી કેવી રીતે વસૂલવામાં આવે છે. વિદેશ જવા માંગતા યુવાનો સુધી એજન્ટો કેવી રીતે પહોંચે છે? એરપોર્ટ સિક્યોરિટી સાથે જોડાયેલા એક સિનિયર ઓફિસરે કહ્યું કે જો પંજાબ અને ગુજરાતની વાત કરીએ તો વિદેશ જવાના નામે યુવાનોમાં સ્પર્ધા ચાલી રહી છે. આ યુવાનોને ફસાવવા માટે એજન્ટોએ લગભગ તમામ ગામડાઓમાં તેમના દલાલો ફેલાવી દીધા છે, જેઓ કમિશનના આધારે કામ કરે છે. આ દલાલોનું કામ એવા લોકોને ઓળખવાનું છે જેઓ વિદેશ જવા માગે છે. બાદમાં આ જ દલાલો આ યુવાનોને મળે છે અને તેમના વિદેશ જવાના સપનાને પાંખો આપે છે. આ યુવાનો પોતે જાણે છે કે તેમની પાસે વિદેશ જવાની ક્ષમતા નથી, તેથી તેઓ વિઝા ફાયનાન્સના નામે તેમની ચુંગાલમાં ફસાઈ જાય છે. એરપોર્ટ પોલીસના એક વરિષ્ઠ અધિકારીના જણાવ્યા અનુસાર, એજન્ટો આ જાળમાં ફસાયેલા યુવાનોને અગાઉથી કહી દે છે કે તેઓ કોઈપણ કિંમતે કાયદેસર રીતે કેનેડા પહોંચવા માટે લાયક નથી. **IELTS** અને **Pearson Test (PTE)** પાસ કરવામાં તેમને આખું જીવન લાગશે. જ્યારે યુવકને સંપૂર્ણ ખાતરી થઈ જાય છે, ત્યારે તેને વિઝિટ વિઝા દ્વારા કેનેડામાં કેવી રીતે પ્રવેશ કરવો અને ત્યાં કેવી રીતે રોજગાર મેળવવો તે જણાવવામાં આવે છે. છેલ્લે, વિઝા દાખલ કરનારની ગોઠવણના નામે મોટી રકમ ટાંકવામાં આવે છે. હાલમાં જે કિસ્સાઓ પ્રકાશમાં આવ્યા છે તેમાં એજન્ટોએ કેનેડા મોકલવાના નામે ૪૦થી ૫૦ લાખ રૂપિયાની માંગણી કરી છે. એક વરિષ્ઠ પોલીસ અધિકારીના જણાવ્યા અનુસાર, ૪૦થી ૫૦ લાખ રૂપિયાની કિંમત સાંભળીને લગભગ તમામ યુવાનોના હોશ ઉડી જાય છે. આવી સ્થિતિમાં, એજન્ટો તેમને હપ્તેથી પૈસા ચૂકવવાનું કહે છે. તમને સંપૂર્ણપણે ફસાવવા માટે એજન્ટો પ્રથમ હપ્તા તરીકે આઠથી દસ લાખ રૂપિયાની માંગણી કરે છે. વિશ્વાસને મજબૂત કરવા માટે, ચુકવણીનો એક ભાગ બેંક ખાતામાં અને બાકીનો રોકડમાં લેવામાં આવે છે. આ સિવાય કેનેડામાં નોકરી મેળવ્યા બાદ બાકીની રકમ હપ્તામાં ચૂકવવાનું કહેવામાં આવે છે.

# UKએ હવે ભારતીયો માટે ૩૦૦૦ વિઝા સ્લોટ ખોલ્યો

**બ્રિટિશ હાઈ કમિશને ઈન્ડિયા યંગ પ્રોફેશનલ્સ સ્કીમની જાહેરાત કરી : આ સ્કીમ ૧૮-૩૦ વર્ષની વયના નાગરિકો માટે છે**

ભારતીયોમાં જે રીતે અમેરિકાના વિઝાની ભારે ડિમાન્ડ રહે છે, તેવી જ રીતે યુકેના વિઝા માટે પણ ભારતીયો બહુ પ્રયાસ કરતા હોય છે. યુકેએ હવે ભારતીયો માટે ૩૦૦૦ વિઝા સ્લોટ ઓપન કર્યા છે. આ વિઝા માટે બેલેટ સિસ્ટમથી પસંદગી કરવામાં આવશે અને તેમાં કોઈ વધારાની ફી ભરવી નહીં પડે. ઈન્ડિયા યંગ પ્રોફેશનલ સ્કીમ હેઠળ આ સ્લોટ ઓપન કરવામાં આવ્યા છે. યુનાઈટેડ કિંગડમ હાલમાં એક નવી બેલેટ સિસ્ટમ દ્વારા ભારતીય પ્રોફેશનલ લોકોને ૩,૦૦૦ વિઝા ઓફર કરી રહ્યું છે. તેની મદદથી યુકેમાં બે વર્ષ સુધી રહેવા, કામ કરવા અથવા અભ્યાસ કરવાની મંજૂરી મળશે. ભારતમાં બ્રિટિશ હાઈ કમિશને ઈન્ડિયા યંગ પ્રોફેશનલ્સ સ્કીમની જાહેરાત કરી હતી. આ સ્કીમ ખાસ કરીને ૧૮-૩૦ વર્ષની વયના ભારતીય નાગરિકો માટે છે. પોત પોતાના પ્રોફેશનલ જીવનમાં જેમણે સિદ્ધિ અને અનુભવ મેળવ્યો હોય તેઓ આના માટે અરજી કરી શકે છે. તેમાં જણાવાયું છે કે બેલેટ સિસ્ટમમાં દાખલ થવા માટે કોઈ ચાર્જ વસુલ કરવામાં આવતો નથી. વ્યક્તિએ માત્ર વિઝાનો ખર્ચ ભરવાનો રહેશે જે ૨૯૮ પાઉન્ડ અથવા આશરે ૩૧,૧૦૦ રૂપિયા થાય છે. યુકે સરકારની વેબસાઈટ પર જણાવાયું છે કે, "૨૦૨૪માં ઈન્ડિયા યંગ પ્રોફેશનલ્સ સ્કીમ વિઝા માટે ૩,૦૦૦ જગ્યાઓ ઉપલબ્ધ છે. મોટા ભાગની જગ્યાઓ ફેબ્રુઆરીના બેલોટમાં ઉપલબ્ધ કરાવવામાં આવશે. બાકીની જગ્યાઓ જુલાઈના બેલોટમાં ઉપલબ્ધ કરાવવામાં આવશે" ભારતમાં બ્રિટિશ હાઈ કમિશને ટ્વિટર પર જણાવ્યું છે કે તમે ભારતીય



ગ્રેજ્યુએટ હોવ, યુકેમાં ૨ વર્ષ સુધી રહેવા, કામ કરવા અથવા અભ્યાસ કરવા માગો છો, તો તમે વિઝા માટે અરજી કરવા બેલેટ એન્ટર કરી શકો છો. યુકે સરકારના નિયમો મુજબ જે ભારતીયો આ વિઝા માટે અરજી કરી શકે છે તેમણે બેલેટ એન્ટર કરવા માટે ચોક્કસ માહિતી આપવાની જરૂર છે. આ ઉપરાંત તેમણે વિઝા માટે અરજી કરતા પહેલાં પોતે નાણાકીય, શૈક્ષણિક અને અન્ય જરૂરિયાતોને પૂર્ણ કરે છે તે વાતની પણ ખાતરી કરવાની રહેશે. સફળ એન્ટ્રીઓને બેલેટમાંથી રેન્ડમલી પસંદ કરવામાં આવશે. આ ઉપરાંત ૨ અઠવાડિયાની અંદર અરજદારોને પરિણામો સાથે એક ઈમેલ મળશે તેમાં જણાવવામાં આવશે કે તેમને આ માટે યોગ્ય ગણવામાં આવ્યા છે કે નહીં. યુકે સરકારની વેબસાઈટ પ્રમાણે લોકો પાસે ઓનલાઈન અરજી કરવા માટે ઈમેઈલની તારીખથી ૯૦ દિવસનો સમય હશે. ત્યાર પછી તમારે ઈમિગ્રેશન હેલ્થ સરચાર્જ સહિત વિઝા એપ્લિકેશન ફી ભરવી પડશે અને પોતાના બાયોમેટ્રિક્સ આપવા પડશે. યંગ પ્રોફેશનલ વિઝા માટેની લાયકાત આ વિઝા મેળવવા માટે વ્યક્તિ ભારતીય નાગરિક હોવી જોઈએ અને તેની ઉંમર ૧૮થી ૩૦ વર્ષની વચ્ચે હોવી જરૂરી છે. જે દિવસે યુકે જવાનો ટ્રાવેલ પ્લાન હોય તે દિવસે ૧૮ વર્ષ પૂરા થયા હોવા જોઈએ. આ ઉપરાંત બેચલર્સ ડિગ્રી અથવા ઉપરની એજ્યુકેશનલ ક્વોલિફિકેશન જરૂરી છે. યુકેમાં તમારી જાતને સપોર્ટ કરવા માટે ઓછામાં ઓછા ૨૫૩૦ પાઉન્ડની બચત હોવી જોઈએ. તમારે તમારી સાથે રહેતા ૧૮ વર્ષથી ઓછી વયના કોઈ બાળકો હોવા ન જોઈએ.

# બ્રિટિશ સરકાર સામે કેમ ૧૦ વર્ષથી લડી રહ્યા છે ઈન્ડિયન સ્ટૂડન્ટ્સ ?

**હવે લાગે છે કે તે આરોપ ખોટો હતો, આ દરમિયાન હજારો સ્ટુડન્ટનું ફ્યુચર ખરાબ થઈ ગયું છે**

UKમાં ભારતીયો સહિતના કેટલાક વિદેશી સ્ટુડન્ટને ૧૦ વર્ષ અગાઉ એક અંગ્રેજીની ટેસ્ટમાં અન્યાય થયો હતો અને તેમના પર ટેસ્ટમાં ચોરી કરવાનો આરોપ લાગ્યો હતો. ત્યાર બાદ ઘણા વિદ્યાર્થીઓ છેલ્લા એક દાયકાથી યુકે સરકાર સામે લડત આપી રહ્યા છે અને ચોરીના આરોપોમાંથી મુક્ત કરીને ન્યાય આપવાની ડિમાન્ડ કરી રહ્યા છે. ૧૦ વર્ષ અગાઉ હોમ ઓફિસે લગભગ ૩૫,૦૦૦ સ્ટુડન્ટ પર અંગ્રેજીની ટેસ્ટમાં ચોરી કરવાનો આરોપ મૂક્યો હતો. હવે નવા મળેલા પૂરાવા પરથી લાગે છે કે તે આરોપ ખોટો હતો. આ દરમિયાન હજારો સ્ટુડન્ટનું ફ્યુચર ખરાબ થઈ ગયું છે. ભારતીયો સહિતના સ્ટુડન્ટ અત્યારે સરકાર સામે આંદોલન કરી રહ્યા છે. તેઓ બેનર લઈને ઉભા રહે છે જેના પર લખ્યું હોય છે કે અમે અમારું ભવિષ્ય પાછું ઈચ્છીએ છીએ જે બરબાદ થઈ ગયું છે. તેઓ એમ પણ કહે છે કે તેમના પર ખોટી રીતે ચોરીનું લેબલ લગાવી દેવાયું છે અને તેમને ન્યાય પણ મળી શકે તેમ નથી. આ સ્ટુડન્ટનું કહેવું છે કે તેમની સામે અત્યાર સુધી જે પૂરાવા એકત્ર કરવામાં આવ્યા તે ખામીયુક્ત છે. હવે નવા પૂરાવામાં જાણવા મળ્યું છે કે સ્ટુડન્ટ પર ચોરીનો આરોપ મૂકવો યોગ્ય ન હતો. વિદ્યાર્થીઓ પર પરીક્ષામાં ચોરીનો નિરાધાર આરોપ મૂકાયો તેના કારણે ઘણાએ અધવચ્ચેથી પોતાના દેશ જતા રહેવું પડ્યું છે. આ કેસને પોસ્ટ ઓફિસ હોરાઈઝન સ્કેન્ડલ સાથે પણ સાંકળવામાં આવે છે જેમાં કોમ્પ્યુટર સિસ્ટમની એક ભૂલના કારણે પોસ્ટ ઓફિસના ખાતામાં લાખો પાઉન્ડની ઘટ પડી અને પછી પોસ્ટ માસ્ટર્સ સામે ચોરીનો આરોપ મૂકીને તેમને પરેશાન કરવામાં આવ્યા હતા. આજથી એક દાયકા અગાઉ એક ટીવી ચેનલે એવો સનસનીખેજ દાવો કર્યો હતો કે હોમ ઓફિસના અંગ્રેજી ભાષાની ટેસ્ટ લેતા સેન્ટર્સમાં વ્યાપક પ્રમાણમાં ચિટિંગ થયું છે.

# મરી જઇશ પણ મસાલો ચોળવાનું નહીં છોડું?

**ગુટખા, તમાકુ અને પાન-મસાલા ખાનારા લોકો જગ્યા નથી જોતા, તેઓ ગમે ત્યાં તમાકુ મસળવા લાગી જાય છે**

ગુટખા, તમાકુ અને પાન-મસાલા ખાનારા લોકો જગ્યા નથી જોતા, તેઓ ગમે ત્યાં તમાકુ મસળવા લાગી જાય છે. લોકોને તમાકુની એવી લત લાગેલી છે કે તેઓ એ પણ નથી જોતા કે તેમની તબિયત ઠીક છે કે કેમ. આમ તો તમાકુના પેકેટ પર લખેલું હોય છે કે તમાકુ જીવલેણ છે, પરંતુ તમાકુનું સેવન કરનારા લોકોને તેની કોઈ પરવા નથી હોતી. આજકાલ સોશ્યલ મીડિયા પર તમાકુ ખાનારના અલગ અલગ વીડિયો વાયરલ થતા રહે છે. ત્યારે આવો જ એક વીડિયો હવે સોશિયલ મીડિયા પર વાયરલ થયો છે. જેમાં જોઈ શકાય છે કે, એક વ્યક્તિ હોસ્પિટલના બેડ પર છે, જેને ઓક્સિજન માસ્ક પહેરાવેલું છે, શરીર પર નળીઓ છે, છતાં તે હાથમાં તમાકુ મસળી રહ્યો છે. ત્યારે સવાલ થાય કે તે ઓક્સિજન માસ્ક લગાવેલું હોવા છતાં તમાકુ કેવી રીતે ખાઈ શકે? જોકે, ઘણી વાર સોશિયલ મીડિયા પર ફેક વિડીયો વાયરલ થતા રહે છે. જેથી ન્યુઝ૧૮ આ વીડિયોની પુષ્ટિ નથી કરતું. ટ્વીટર પર **@AlphaTwt_** એકાઉન્ટ દ્વારા તાજેતરમાં એક પોસ્ટ શેર કરવામાં



આવી હતી, જેમાં એક વ્યક્તિ હોસ્પિટલના બેડ પર છે અને હાથમાં તમાકુ મસળી રહ્યો છે.

વીડિયોને કેપ્શન પણ આપવામાં આવ્યું છે કે કાનપુર ઈઝ નોટ ફોર બીગીનર્સ. એટલે કે વીડિયોમાં દાવો કરવામાં આવ્યો છે કે આ વ્યક્તિ કાનપુરનો છે. જોકે, તેની કોઈ પુષ્ટિ કરી શકાઈ નથી. વીડિયોમાં તમે જોઈ શકો છો કે, આ વ્યક્તિ હોસ્પિટલમાં હોય તેવું લાગી રહ્યું છે. તેના ચહેરા પર ઓક્સિજન માસ્ક લગાવેલું છે. છાતી પર ઈસીજી મશીનના કેબલ છે, હાથમાં નળી લાગેલી છે, તેમ છતાં આ વ્યક્તિ તેના હાથમાં તમાકુ લઈને મસળી રહ્યો છે.

# મેટલ ડિટેક્ટરે બતાવ્યો રસ્તો, વ્યક્તિએ કર્યું ખોદકામ અને નીકળ્યો ખજાનો

**હાલમાં એક વીડિયો વાયરલ થઈ રહ્યો છે જેમાં એક વ્યક્તિ ચટ્ટાન તોડીને તેની અંદરથી ચમકતી વસ્તુને બહાર કાઢે છે**

તમે છુપાયેલા ખજાના વિશે ઘણી વાર્તાઓ સાંભળી હશે. એ અલગ વાત છે કે દરેક વ્યક્તિને આવો ખજાનો નથી મળતો, પરંતુ કેટલીક જગ્યાઓ એવી છે કે જ્યાં ખોદવાથી ખરેખર મૂલ્યવાન વસ્તુ મળી આવે છે. અમુક લોકોને ચટ્ટાનમાં સંતાયેલો આવો જ ખજાનો હાથ લાગ્યો છે, જેને જોતા જ તે ચોંકી ગયા હતાં. હાલમાં એક વીડિયો વાયરલ થઈ રહ્યો છે જેમાં એક વ્યક્તિ ચટ્ટાન તોડીને તેની અંદરથી ચમકતી વસ્તુને બહાર કાઢે છે. તેણે આ વસ્તુ ખોલતા જ અંદરથી જે બહાર આવ્યું તે તેની કિસ્મત ચમકાવવા માટે પૂરતુ હતું. તદમે પણ આ વીડિયો જોઈને કહેશો, કાશપ અમને પણ આવું કંઈક મળી જાય. વીડિયોમાં તમે જોશો કે એક વ્યક્તિ મેટલ ડિટેક્ટર સાથે ચટ્ટાનની નજીક આવે છે. તેમાં કોઈ સિગ્નલ મળતાની સાથે જ વ્યક્તિ તે જગ્યાએ પથ્થર તોડવા લાગે છે. તેની અંદર કેટલાક પથ્થર દેખાય છે. જ્યારે તે ચટ્ટાનને વધુ તોડે છે અને તેને બહાર કાઢે છે, ત્યારે તેમાંથી એક ચમકતી ધાતુની વસ્તુ દેખાય છે. તેને ખોલતા જ તેને અંદર રાખેલા



હીરા દેખાય છે. તે વ્યક્તિ તેનાથી ખુશ થઈ શકે છે, પરંતુ લોકો વીડિયોને લઈને અલગ-અલગ પ્રકારની પ્રતિક્રિયાઓ આપી રહ્યા છે. આ વીડિયો સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ઈન્સ્ટાગ્રામ પર **gooldseeker** નામના એકાઉન્ટથી શેર કરવામાં આવ્યો છે. આ વીડિયોને ૧૦ લાખથી વધુ લોકોએ જોયો છે અને ૨૬ હજારથી વધુ લોકોએ લાઈક કર્યો છે. તેના પર કોમેન્ટ કરતાં લોકોએ કહ્યું કે, વીડિયો સંપૂર્ણ રીતે ફેક છે. કારણકે, એવું નથી હોતું. વીડિયો પણ નકલી છે અને તેમાં હીરા પણ છે. આટલું સરળતાથી આટલા હીરા મળવાનો વીડિયો સત્યતા પર સવાલ ઉભો કરે છે.

# ડાયાબિટીસ રેડ લાઇટ થેરાપીથી કંન્ટ્રોલ થઇ શકે છે

આજના સમયમાં ડાયાબિટીસ એક મોટી સમસ્યા બની ગઈ છે જે સમગ્ર વિશ્વમાં ખૂબ જ ઝડપથી ફેલાઈ રહી છે. આ એક એવો રોગ છે જેમાં આપણા લોહીમાં શુગરનું પ્રમાણ વધી જાય છે કારણ કે આપણું શરીર યોગ્ય રીતે ઈન્સ્યુલિન બનાવી શકતું નથી કે તેનો ઉપયોગ કરી શકતું નથી. તેની પાછળનું કારણ આપણી જીવનશૈલી અને ખોટી ખાવાની આદતો હોઈ શકે છે. પરંતુ તાજેતરમાં એક નવા સંશોધનમાં જાણવા મળ્યું છે કે ડાયાબિટીસના દર્દીઓ માટે આશાનું એક નવું કિરણ ઉભરી આવ્યું છે અને તે છે રેડ લાઈટ થેરાપી. રેડ લાઈટ થેરાપી એ એક ખાસ પ્રકારની થેરાપી છે જેમાં લાલ લાઈટનો ઉપયોગ કરવામાં આવે છે. આ થેરાપીમાં શરીરના ચોક્કસ ભાગો પર લાલ પ્રકાશ ફેંકવામાં આવે છે. આ પ્રકાશ ત્વચાના ઊંડાણ સુધી પહોંચે છે અને ત્યાંના કોષોને સક્રિય કરે છે. તેનાથી શરીરની અંદર એનર્જી પ્રોડક્શન વધે છે, જેનાથી ઘણા સ્વાસ્થ્ય લાભ થાય છે. તાજેતરમાં, "જર્નલ ઓફ બાયોફોટોનિકસ"માં પ્રકાશિત થયેલા સંશોધનમાં દર્શાવવામાં આવ્યું છે કે ૬૭૦ નેનોમીટર લાલ પ્રકાશ માઈટોકોન્ડ્રિયા એટલે કે આપણા કોષોના ઉર્જા કેન્દ્રમાં ઊર્જા ઉત્પાદનને પ્રોત્સાહન આપે છે. આનાથી શરીરમાં ગ્લુકોઝનો વપરાશ વધે છે અને ખાસ કરીને જ્યારે આપણે કંઈક મીઠી વસ્તુ ખાઈએ




છીએ ત્યારે બ્લડ સુગર લેવલ ૨૭.૭ ટકા ઘટે છે અને શુગર લેવલમાં ઉછાળો પણ ૭.૫ ટકા ઘટી જાય છે. "મેડિકલ એક્સપ્રેસ" અનુસાર, આ સંશોધન સૂચવે છે કે બ્લૂ લાઇટના બા સમય સુધી સંપર્કમાં રહેવાથી બ્લડ સુગરના સંતુલનમાં ખલેલ પડી શકે છે, જે એક મોટી સ્વાસ્થ્ય સમસ્યા બની શકે છે. આ અભ્યાસ ૩૦ સ્વસ્થ વ્યક્તિઓ પર કરવામાં આવ્યો હતો. તેમને બે જૂથોમાં વહેંચવામાં આવ્યા હતા. એક ગ્રુપને ૬૭૦ નેનોમીટર લાલ પ્રકાશના સંપર્કમાં રાખવામાં આવ્યું જ્યારે બીજા ગ્રુપને રાખવામા ન આવ્યું. જ્યારે આ લોકોએ ગ્લુકોઝનું સેવન કર્યું ત્યારે રેડ લાઈટ ગ્રુપના લોકોના બ્લડ સુગરનું પ્રમાણ ઓછું જોવા મળ્યું હતું. સંશોધન કરી રહેલા ડૉક્ટરોનું કહેવું છે કે આ ટેકનિક માત્ર બ્લડ શુગર ઘટાડવામાં મદદરૂપ નથી, પરંતુ તે કેન્સરની સારવારમાં નવી શક્યતાઓ પણ ખોલી શકે છે.



**આ અભ્યાસ ૩૦ સ્વસ્થ વ્યક્તિઓ પર કરવામાં આવ્યો હતો, તેમને બે જૂથોમાં વહેંચવામાં આવ્યા હતા**

આ સિવાય પાર્કિન્સન્સ અને ડાયાબિટીક રેટિનોપેથી જેવા રોગોના લક્ષણોને ઘટાડવામાં પણ આ ટેક્નોલોજી મદદરૂપ સાબિત થઈ છે. આજના સમયમાં ડાયાબિટીસ એક મોટી સમસ્યા બની ગઈ છે જે સમગ્ર વિશ્વમાં ખૂબ જ ઝડપથી ફેલાઈ રહી છે. આ એક એવો રોગ છે જેમાં આપણા લોહીમાં શુગરનું પ્રમાણ વધી જાય છે કારણ કે આપણું શરીર યોગ્ય રીતે ઈન્સ્યુલિન બનાવી શકતું નથી કે તેનો ઉપયોગ કરી શકતું નથી. તેની પાછળનું કારણ આપણી જીવનશૈલી અને ખોટી ખાવાની આદતો હોઈ શકે છે. પરંતુ તાજેતરમાં એક નવા સંશોધનમાં જાણવા મળ્યું છે કે ડાયાબિટીસના દર્દીઓ માટે આશાનું એક નવું કિરણ ઉભરી આવ્યું છે અને તે છે રેડ લાઈટ થેરાપી. રેડ લાઈટ થેરાપી એ એક ખાસ પ્રકારની થેરાપી છે જેમાં લાલ લાઈટનો ઉપયોગ કરવામાં આવે છે.

# દેશ મોટી વયની વસતી વધતા જાપાન અન્ય દેશના લોકોને તક આપે છે

વિશ્વમાં કુલ ૧૯૭ દેશ છે. જેમાંથી અમુક દેશની અર્થવ્યવસ્થા ખૂબ જ સારી છે તો અમુકની કફોડી હાલત છે. જો દેશની અર્થવ્યવસ્થા સારી હોય તો તે દેશનો વિકાસ થઈ રહ્યો છે એમ કહી શકાય છે. તેમજ જો દેશની અર્થવ્યવસ્થા ખોરવાઈ છે તો દેશમાં ગરીબીની સ્થિતિ સર્જાય છે. પરંતુ શું તમે જાણો છો કે જ્યારે અર્થવ્યવસ્થા જૂની થશે ત્યારે શું સ્થિતિ હશે અને ક્યાં દેશની અર્થવ્યવસ્થા ખૂબ જૂની છે. વૃદ્ધાવસ્થા તરફ આગળ વધતો દેશ જાપાન છે. જાપાનની મોટાભાગની વસ્તી વધતી ઉંમરના સંકટનો સામનો કરી રહી છે. જેની અસર દેશના આર્થિક વિકાસ પર પડી રહી છે. તેમજ જાપાનના લોકોની વધતી ઉંમર પણ એ દર્શાવે છે કે જાપાનની અર્થવ્યવસ્થા સૌથી જૂની અર્થવ્યવસ્થા છે. હાલમાં જ જાપાનમાં આવેલી મંદીના કારણે જાપાને વિશ્વની ત્રીજી સૌથી મોટી અર્થવ્યવસ્થા તરીકેનું પોતાનું સ્થાન પણ ગુમાવ્યું હતું. આઈએમએફના આંકડા અનુસાર ૨૦૧૨માં જાપાનનું અર્થતંત્ર ૬.૩ લાખ કરોડ ડોલર હતું જે હવે ઘટી



રહ્યું છે. સ્થાનિક ચલણ યેન અમેરિકન ડોલર સામે ૮૦ની સપાટીથી નબળો પડી અત્યારે ૧૪૦ પટકાતા, સરકાર અને સેન્ટ્રલ બેંકની નેગેટીવ વ્યાજ દર, એટલે કે બેંકમાં નાણા જમા કરાવવા માટે થાપણદારને ખર્ચ થાય એવી હોવાથી યેન સતત નબળો પડી રહ્યો છે. યેનની નબળાઈથી નિકાસ આધારિત અર્થતંત્ર ચાલી રહ્યું છે. જાપાનમાં વસતી ઘટી રહી છે, જન્મદર એકદમ નબળો છે એટલે વયસ્કની વસતી વિશ્વમાં સૌથી વધુ છે. દેશની ત્રીજા ભાગની વસતી ૬૫ વર્ષથી વધારે ઉંમર ધરાવે છે એટલે સ્થાનિક ખરીદી અને લોકોની ખરીદશક્તિ એકદમ ઓછી હોવાથી અર્થતંત્ર છેલ્લા એક દાયકાથી લગભગ ૦.૨ ટકાથી ૧ ટકા વચ્ચે જ વિકસી રહ્યું છે અને તેના કારણે અર્થતંત્રનું કદ ઘટયું છે.

ન્યૂઝ બ્રિફ

## એરપોર્ટ પરથી બનાવટી પોર્ટુગીઝ પાસપોર્ટ સાથે યુવક ઝડપાયો

। (એજન્સી) અમદાવાદ, તા.૨૫ ।

અમદાવાદ એરપોર્ટ પરથી પોરબંદરનો એક યુવક નકલી પાસપોર્ટ સાથે ઝડપી લેવામાં આવ્યો છે. યુવક પાસે બનાવટી પોર્ટુગીઝ પાસપોર્ટ હતો અને જે દરમિયાન તેને ઈમિગ્રેશન વિભાગે ઝડપી લીધો હતો. અમદાવાદ એરપોર્ટના ઈમિગ્રેશન વિભાગે યુવકને ઝડપી લઈને તપાસ શરુ કરી છે. પ્રાથમિક તપાસમાં આ પાસપોર્ટ અમદાવાદના એજન્ટે તૈયાર કરી આપ્યો હતો. આ માટે યુવકે તેને ૮ લાખ રુપિયા આપ્યા હતા. ઈમિગ્રેશન વિભાગે પોરબંદરના યુવક અરજણ છેલાર અને એજન્ટ સામે કાર્યવાહી કરી છે. પોલીસે યુવક અરજણ છેલાર અને તેને નકલી પાસપોર્ટ તૈયાર કરી આપનાર એજન્ટ સામે પણ ગુનો નોંધ્યો છે અને તપાસ શરુ કરી છે. આરોપી યુવક સામે પોલીસે પ્રાથમિક તપાસ શરુ કરવા સાથે હવે એજન્ટની પણ ધરપકડ કરવા માટે કાર્યવાહી શરુ કરી છે.

## સલુનમાંથી હીરો બનીને ચોરી કરવા જતો હાઈપ્રોફાઈલ ચોર

। (એજન્સી) અમદાવાદ, તા.૨૫ ।

દિન-પ્રતિદિન ચોરીનું અને ગુનાઈત પ્રવૃત્તિઓનું પ્રમાણ વધી રહ્યું છે. એવું પણ કહેવાય છેકે, જ્યાં લોભિયા વસતા હોય ત્યાં ધુતારા ભુખે નથી મરતા. કંઈક આવી જ ઘટના એક ચોરની કહાનીમાં જોવા મળી. જે મોંઘી ટિકિટ ખર્ચીને મુંબઈથી ગુજરાત આવતો અને વિવિધ શહેરોમાં હાઈફાઈ હોટલોમાં રૂમ રાખીને રહેતો અને ત્યાર બાદ જેતે શહેરના પોશ વિસ્તારમાં જઈને જેતે ઘરને ટાર્ગેટ બનાવીને રૂપિયા-દાગીનાની ચોરી કરી ફરાર થઈ જતો. ગાંધીનગરના શાહપુરમાંથી૩૮ લાખની મતા ચોરનાર હાઈપ્રોફાઈલ ચોર આખરે મહારાષ્ટ્રથી ઝડપાયો છે. ગાંધીનગર તાલુકાના શાહપુરમાં ૩૮ લાખની ચોરી કરનાર આરોપીને મહારાષ્ટ્રથી દબોચ્યો તેની સાથે અનેક સનસનીભરી વિગતો સામે આવી છે. જે જાણી પોલીસ પણ માથું ખંજવાળતી થઈ ગઈ છે. આ હાઈફાઈ ચોર મુંબઈથી ચોરી કરવા બાય પ્લેન ગુજરાત આવતો અને ચોરી પણ નાની સૂની નહી, લાખોમાં જ હાથ મારતો હતો. મોંઘી-મોંઘી હોટલોમાં ઉતરતો અને મુંબઈમાં પણ તે વૈભવી લાઈફસ્ટાઈલ જીવતો હોવાની વિગતો જાણીને પોલીસની આંખો પણ ચાર થઈ ગઈ છે. આરોપી સામે મહારાષ્ટ્રમાં ૩૩ જેટલા ગુના નોંધાયેલા છે, ગુજરાતમાં ઘણાં સ્થળે ચોરી કર્યાનું ખુલે તેવી શક્યતા છે. અમદાવાદ ઉપરાંત ગાંધીનગર, આણંદ, વડોદરા, સુરત, નવસારી સહિતના શહેરોમાં હાઈફાઈ હોટલોમાં આ ચોર કરી ચુક્યો છે રોકાણ.

# ગુજરાતની પ્રથમ AIIMSનું રાજકોટમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીના હસ્તે લોકાર્પણ

। (એજન્સી) રાજકોટ, તા.૨૫ ।

દેશના પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના વરદહસ્તે રાજકોટમાં રૂ. ૧૧૯૫ કરોડના ખર્ચે બનેલી ગુજરાતની પ્રથમ એઈમ્સ, રૂ. ૧૨૦ કરોડના ખર્ચે બનેલી રાજ્યની સૌથી ઊંચી મેટરનિટી એન્ડ ચાઈલ્ડ હોસ્પિટલનું લોકાર્પણ કર્યું હતું. આ સાથે તેઓ ગુજરાત તેમજ દેશના વિકાસને વેગ આપતા વિવિધ વિભાગો-મંત્રાલયોના કુલ મળીને રૂ. ૪૮ હજાર કરોડથી વધુના વિકાસ પ્રકલ્પોના લોકાર્પણ-ખાતમુહૂર્ત કરીને લોકોને ભેટ આપી છે.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી રાજકોટની એઈમ્સના ૨૫૦ બેડ વાળા IPD વિભાગનું લોકાર્પણ કર્યું છે. છેલ્લા ૨ વર્ષથી એઈમ્સ હોસ્પિટલમાં ૫૦ બેડની સુવિધા સાથે OPD બાદ હવે એઈમ્સમાં ૨૫૦ બેડનો IPD વિભાગ બનીને તૈયાર થયો છે. જેનું વડાપ્રધાન મોદીના હસ્તે લોકાર્પણ કરવામાં આવ્યું છે. IPD



વિભાગમાં ૨૫૦ બેડની સુવિધા સાથે ૨૫ બેડ ICU વાળા રાખવામાં આવ્યા છે. જેમાં ૧૯૦ ડોક્ટર્સ અને ૩૧૮ નર્સિંગ સ્ટાફ્સ દર્દીઓની સેવા અને સારવારમાં તૈનાત રહેશે. જ્યારે હાર્ટ એટેક, અકસ્માત, સહીત ઈમરજન્સીમાં ડોક્ટરોની ટીમ હાજર રહેશે. સાથે સાથે IPD વિભાગમાં ૪ ઓપરેશન થિયેટર પણ તૈયાર થઈ જતા તેનો પણ ઉપયોગ કરવામાં આવશે. બે વર્ષથી ચાલી રહેલ રાજકોટ એઈમ્સનું લોકાર્પણ થયું છે. ત્યારે ૨૫૦ બેડની મલ્ટીસ્પેશ્યાલિટી સુવિધા સાથે તૈયાર થયેલી એઈમ્સનો રાજકોટ સહિત સમગ્ર સૌરાષ્ટ્રનાં દર્દીઓને તેનો સીધો લાભ થશે. એઈમ્સમાં ઓપરેશનથીયેટર, સીટીસ્કેન, એક્સ-રે, એમઆરઆઈ જેવી મશીનરી પણ ઉબલબ્ધ હોવાથી લોકોને તેઓનાં રોગનું નિદાન ઝડપી મળી શકશે. પરાપીપળિયા ગામ નજીક ૧૨૦૦ કરોડના ખર્ચે AIIMSનું નિર્માણ થયું છે. AIIMSમાં ૪ ઓપરેશન થિયેટરની સુવિધા, ઈમરજન્સી વોર્ડમાં ૩ ઝોન ૨૦ જેટલા વિભાગ અને ૨૩ જેટલી મલ્ટિસ્પેશિયાલિટી સારવાર ઉપલબ્ધ છે. આજે પ્રધાનમંત્રી બપોરે હવાઈ માર્ગે રાજકોટ એઈમ્સ ખાતે પધાર્યા હતા. અહીં એઈમ્સનું લોકાર્પણ કર્યા બાદ તેઓ હોસ્પિટલનું નિરીક્ષણ પણ કર્યું હતું. જુના એરપોર્ટ થી રોડ શોમાં નાગરિકોનું અભિવાદન ઝીલતા તેઓ રેસકોર્સ ગ્રાઉન્ડ ખાતે પહોંચ્યા હતા.

## રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસ નિમિત્તે ગુજરાત સાયન્સ સિટી ખાતે સાયન્સ કાર્નિવલનું ભવ્ય આયોજન કરાશે




। અમદાવાદ, તા.૨૫ ।

ભારત સતત વિકાસશીલ દેશ રહ્યો છે. વર્તમાન સમયમાં ભારત દેશ વિકાસની જે હરણફાળ ભરી રહ્યો તેમાં વિજ્ઞાનનો મહત્વનો ફાળો રહ્યો છે. વિજ્ઞાન આપણા રોજિંદા જીવનનો એક મહત્વનો ભાગ છે. આપણા હાથમાં રહેલા અવનવા ગેજેટ્સથી લઈને અવકાશ વિજ્ઞાન સુધીની સતત વિકસતી ટેક્નોલોજી એ વિજ્ઞાનની અને માનવ જીવનના સતત પ્રયત્નોની સમગ્ર માનવ સમુદાયને મળેલી ભેટ છે.

ફેબ્રુઆરી મહિનાની ૨૮મી તારીખ સમગ્ર દેશવાસીઓ માટે ખાસ કરીને વિજ્ઞાન જગતમાં ઘણી મહત્વની ગણાય છે. ૨૮મી ફેબ્રુઆરી, ૧૯૨૮ના રોજ ડૉ. ચંદ્રશેખર વેંકટરમને (સર સી.વી. રમન) 'રમન ઈફેક્ટ'ની શોધ પૂરી કરી હતી. તેમની યાદમાં આ દિવસ 'રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસ' તરીકે ઊજવાય છે. આ મહામૂલી શોધ બદલ ૧૯૩૦માં તેમને નોબેલ પારિતોષિકથી સન્માનિત કરવામાં આવ્યા હતા.

વિજ્ઞાનના વિકાસ માટે નવી ટેકનોલોજીનો અમલ કરવા, દેશમાં વૈજ્ઞાનિક અભિગમ ધરાવતા નાગરિકોને મહત્તમ તક મળે, વધુમાં વધુ લોકો વિજ્ઞાન તરફ આકર્ષાય તે માટે પ્રોત્સાહન આપવા તેમજ વિજ્ઞાન અને ટેકનોલોજીને લોકપ્રિય બનાવવા માટે દર વર્ષે 'રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસ' ઉજવવામાં આવે છે.

ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનૉલોજી (GUJCOST) અને ગુજરાત સાયન્સ સિટીના સંયુક્ત ઉપક્રમે રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસ નિમિત્તે 'સાયન્સ કાર્નિવલ -૨૦૨૪'નું આયોજન કરવામાં આવી રહ્યું છે. સાયન્સ સિટી અમદાવાદ ખાતે ૨૮ ફેબ્રુઆરી થી ૩ માર્ચ સુધી દરરોજ સવારે ૧૦ વાગ્યાથી રાતના ૮ વાગ્યા સુધી વિવિધ કાર્યક્રમો જેવા કે, સાયન્ટિફિક એક્ઝિબિશન, સાયન્સ ડેમોન્સ્ટ્રેશન, પોપ્યુલર સાયન્સ લેક્ચર, સાયન્સ વર્કશોપ, સેન્ટર ફોર ક્રીએટિવ લર્નિંગ, નેચર ક્લબ એક્ટિવિટી, ઊર્જા લર્નિંગ લેબ, ક્લાઈમેટ ચેન્જ લર્નિંગ લેબ, સાયન્ટિફિક કોમ્પિટિશન, હોલ ઓફ મેથ્સ, થીમ પેવેલિયનની શૈક્ષણિક મુલાકાત, સાયન્ટિફિક ફિલ્મોનું સ્ક્રીનિંગ, સાયન્સ બુક ફેર, હોલ ઓફ ફેમ અને સેલ્ફી પોઈન્ટ, સાયન્ટિફિક ગેમ્સ, અવકાશ દર્શનનું આયોજન કરવામાં આવશે. જેમાં મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ ભાગ લેશે.

### ઠંડીની સિઝન હવે પુરી થવાને આરે છે

## ફેબ્રુઆરી મહિનો પુરો થતાં થતાં વાતાવરણમાં થશે ઊથલપાથલ!

### હવામાન વિભાગે ૨૬ ફેબ્રુઆરીથી જમ્મુ-કાશ્મીરમાં ભારે વરસાદ અને હિમવર્ષાની આગાહી કરી છે

। (એજન્સી) અમદાવાદ, તા.૨૫ ।

છેલ્લાં કેટલાંક દિવસોથી વાતાવરણમાં સતત થઈ રહ્યો છે બદલાવ. બદલાઈ રહી છે હવામાનની પેટર્ન. આ સંકેતો છે કંઈક નવાજૂનીના એંધાણ. શિયાળો પુરો થતો નથી, ઉનાળો આવતો નથી અને આ સ્થિતિની વચ્ચે દસ્તક દઈ રહ્યું છે ચોમાસું! આને કઈ સિઝન કહેવી એ હવામાન શાસ્ત્રીઓ માટે પણ એક કોયડું છે. ઠંડી પડી રહી છે અને આ દરમિયાન વરસાદ મુશ્કેલીમાં વધારો કરી રહ્યો છે. વરસાદના કારણે લોકોને મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. ખાસ કરીને ઉત્તર ભારતમાં હવામાનની પેટર્ન બદલાઈ ગઈ છે.

એક તરફ લોકો ગરમ કપડાં હવે કપાટમાં મુકીને પેકિંગ કરી રહ્યાં છે અને ઉનાળાની તૈયારીઓ કરી રહ્યાં છે. એવામાં શિયાળા અને ઉનાળાની સંતાકુકડી વચ્ચે ચોમાસું વચ્ચે વચ્ચે રમત રમી રહ્યું છે. હાલ દેશભરમાં કંઈક આજ પ્રકારનું વાતાવરણ ઉભું થયું છે. આ વાતાવરણ અને હવામાનની બદલાયેલી પેટર્ન એવા સંકેતો આપે છેકે, આજે ફરી હવામાનમાં પલટો આવવાની આગાહી કરવામાં આવી છે. તેની અસર ઘણા રાજ્યોમાં જોવા મળી શકે છે. છેલ્લા કેટલાક દિવસોથી દિલ્હીનું આકાશ સ્વચ્છ છે. પરંતુ અરુણાચલ પ્રદેશ, સિક્કિમ અને મણિપુરમાં હળવોથી મધ્યમ વરસાદ થયો હતો. તે જ સમયે, કોસ્ટલ ઓડિશા અને ઉત્તર-પૂર્વ ભારતમાં હળવો વરસાદ થયો હતો. અરુણાચલ પ્રદેશ, લદાખ, જમ્મુ અને કાશ્મીર, મુઝફ્ફરાબાદ, ગિલગિટ બાલ્ટિસ્તાન અને હિમાચલ પ્રદેશમાં છૂટાછવાયા સ્થળોએ હળવી હિમવર્ષા થઈ. ફેબ્રુઆરી મહિનામાં હિમવર્ષાના કારણે જમ્મુ-કાશ્મીરથી હિમાચલ પ્રદેશ સુધીના હિલ સ્ટેશનો ધમધમી રહ્યા છે. હિમવર્ષાના કારણે ઉધમપુરના પર્યટન સ્થળ પટનીટોપમાં પ્રવાસીઓ આવવા લાગ્યા છે. બીજી તરફ પ્રવાસીઓ પણ ગુલગારમમાં બરફવર્ષાની મજા માણી રહ્યા છે. હવામાન વિભાગે ૨૬ ફેબ્રુઆરીથી જમ્મુ-કાશ્મીરમાં ભારે વરસાદ અને હિમવર્ષાની આગાહી કરી છે. હિમાચલ પ્રદેશમાં પણ હિમવર્ષાના કારણે વિસ્તારોમાં સફેદ ચાદર જોવા મળી રહી છે. હિમવર્ષાનો આનંદ માણવા મોટી સંખ્યામાં પ્રવાસીઓ મનાલી પહોંચ્યા છે. ઉત્તરાખંડના ચમોલીમાં પણ આવું જ દ્રશ્ય છે. ચારે બાજુ માત્ર બરફ જ દેખાય છે. પહાડોમાં હિમવર્ષાના કારણે તાપમાનનો પારો પણ ગગડી રહ્યો છે. હવામાન વિભાગની આગાહી મુજબ સિક્કિમ અને અરુણાચલ પ્રદેશમાં આગામી ૨૪ કલાકમાં હળવોથી મધ્યમ વરસાદ અને હિમવર્ષા થઈ શકે છે. તે જ સમયે, જમ્મુ-કાશ્મીર, ગિલગિટ બાલ્ટિસ્તાન, લદાખ, મુઝફ્ફરાબાદ અને હિમાચલ પ્રદેશમાં છૂટાછવાયા સ્થળોએ હળવા વરસાદની સંભાવના છે. તે જ સમયે, પૂર્વ આસામ, બિહાર, પશ્ચિમ બંગાળ, ઝારખંડ, તટીય આંધ્રપ્રદેશ, ઓડિશા અને દક્ષિણ છત્તીસગઢમાં હળવો વરસાદ પડી શકે છે.

### સિંહોની અવર-જવરથી સ્થાનિકોમાં ફફડાટ

## રાજકોટના ગોંડલમાં વધી ગયા વનરાજના આટાંફેરા

### જે સ્થળે સિંહોની અવરજવર થતી રહે તે સ્થળને ત્યાર બાદ તે પોતાનું વસવાટ બની દેતા હોય છે : વનવિભાગ

। (એજન્સી) અમદાવાદ, તા.૨૫ ।

દુનિયાભરમાં ગુજરાત સહિત ભારતની આન બાન અને શાન કહેવાય છે એશિયાટિક સિંહો. એ એશિયાટિક સિંહોની રહેણાંક સ્થાન એટલે આપણું ગુજરાત. ગિરના જંગલોમાં આ સાવજોની ગર્જના સંભળાતી રહે છે. જોકે, હવે સિંહો પોતાના રહેણાંકનો વ્યાપ વધારી રહ્યાં છે. જે સ્થળે સિંહોની અવરજવર થતી રહે તે સ્થળને ત્યાર બાદ તે પોતાનું વસવાટ બની દેતા હોય છે. વનવિભાગના સૂત્રો પણ આ અંગે અગાઉ પુષ્ટી કરી ચુક્યા છે. છેલ્લા કેટલાંક સમયથી રાજકોટ જિલ્લામાં સતત અવર-જવર કરી રહેલા ગિરનાર અને કુંકાવાવ રેવન્યુ વિસ્તારમાં સિંહોનો હવે વધીને એકાદ વર્ષમાં જ રાજકોટ જિલ્લાનાં ગોંડલ પંથકમાં કાયમી વસવાટ થઈ જાય તેવા નિર્દેશો રાજકોટ વન વિભાગનાં સૂત્રોએ આપ્યા છે. અત્રે ઉલ્લેખનીય છે કે તાજેતરમાંજ સરકાર દ્વારા રાજકોટ જિલ્લાનાં અમૂક તાલુકાઓનો બ્રૂહદ ગીરમાં સમાવેશ કરાયો છે.

જેમાં ગોંડલ તાલુકાનો પણ સમાવેશ થાય છે. ખાસ કરીને ગોંડલનાં રેવન્યુ ખંભાલીડા, ધરાળા, દેરડી, કુંભાજી વિસ્તારમાં વારંવાર સિંહો આવી રહ્યા છે. હાલમાં જ છેલ્લા એકા'દ માસ દરમ્યાન ગોંડલનાં આ વિસ્તારોમાં સિંહોની અવર-જવર ખૂબજ સક્રિય બની છે ત્યારે વન વિભાગનાં સૂત્રો એવો નિર્દેશ આપી રહ્યા છે.કે ગોંડલ પંથકમાં વાતાવરણ ઉપરાંત સિંહોને પૂરતા પ્રમાણમાં ખોરાક પાણી ઉપલબ્ધ થઈ રહ્યા છે.

## માતાએ ફૂલ જેવી ૨ દીકરીઓને ઝેર પાઈ જિંદગી ટૂંકાવી લીધી

। (એજન્સી) કામરેજ, તા.૨૫ ।

સુરતના કામરેજ તાલુકામાં હૃદય કંપાવનારી ઘટના સામે આવી છે. એક પરપ્રાંતીય મહિલાએ પોતાની માસૂમ ફૂલ જેવી ૨ દીકરીઓને ઝેર પીવડાવી મારી નાખી અને બાદમાં પોતે પણ ગળે ફાંસી ખાઈ આત્મહત્યા કરી લીધી. મહિલાના પરિવારજનો દ્વારા દહેજ માટે ત્રાસ આપતા હોવાના ગંભીર આક્ષેપ કરવામાં આવ્યા છે. પોલીસે સમગ્ર મામલે હાલ હત્યા અને આત્મહત્યાનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

કામરેજ તાલુકાના હલદરૂ ગામે કળિયુગની ક્રૂર માતાએ પોતાનું ધાવણ લજવ્યું છે. હલદરૂના શુભમ રો-હાઉસમાં રહેતી અનન્યા મિશ્રાએ ગઈકાલે પોતાના ઘરે સાંજના સમયે એકલી હતી. તે દરમ્યાન પોતાની બે માસુમ દીકરીઓ વૈષ્ણવી મિશ્રા ૨ વર્ષ ૭ માસ અને વિધિ મિશ્રા ૧૧ માસને કોઈ ઝેરી પ્રવાહી પીવડાવી મોટને ઘાટ ઉતારી દીધી હતી અને ત્યારબાદ પોતે પણ પંખા સાથે લટકી ફાંસો ખાઈ આત્મહત્યા કરી લીધી હતી. જોકે પડોશમાં રહેતો ઈસમ ઈલેક્ટ્રીક મીટર પેટીની ચાવી લેવા ગયો ત્યારે ઘટનાની જાણ થતાં મહિલાના પતિ તેમજ પોલીસને જાણ કરી હતી. કળિયુગની ક્રૂર માતાએ આ પગલું કેમ ભર્યું એ સૌથી મોટો સવાલ છે કે માસૂમ બાળકીઓને મારી નાખતા પહેલા શું માને એક ક્ષણ માટે પણ વિચાર ના આવ્યો હોય કે આ માસૂમનો શુ ગુનો કે વાંક છે? મૃતકના બાળકીઓના પિતા અને મહિલાના પતિનું માનીએ તો ઘરમાં શુભ પ્રસંગ હોવાને લઈ ઘરમાં તૈયારીઓ ચાલી રહી હતી. ગઈકાલે મૃતક મહિલાએએ ૫૦૦ રૂપિયા પોતાના પતિ પાસે માંગ્યા હતા, પરંતુ પતિએ પૈસાની શું જરૂર છે કહેતા માઠું લાગી આવતા મહિલાએ પગલું ભર્યું હોવાનું અનુમાન લગાવવામાં આવી રહ્યું છે. ઘટનાની જાણ થતાં મુંબઈ ખાતે રહેતા મૃતક મહિલાના પરિવારજનો પણ કામરેજ ખાતે પહોંચ્યા હતા.

## નર્મદ યુનિ.ના ઈતિહાસમાં પહેલી વખત મરણોપરાંત ડિગ્રી અપાશે

। (એજન્સી) સુરત, તા.૨૫ ।

દક્ષિણ ગુજરાતના જાણીતી વીર નર્મદ યુનિવર્સિટી તેના ૫૫ વર્ષના ઈતિહાસમાં પહેલીવાર મરણોપરાંત ડિગ્રી આપવા જઈ રહી છે. નર્મદ યુનિ.ના ૫૫માં પદવીદાન સમારોહમાં ૧૭,૩૭૫ વિદ્યાર્થીઓને ડિગ્રી એનાયત થશે. જેમાં મૃત પ્રોફેસરને મરણોપરાંત ડિગ્રી આપવામાં આવશે. તેમના જુડવા દીકરાઓના આ ડિગ્રી એનાયત કરાશે. નર્મદ યુનિવર્સિટીના કુલપતિ ડૉ. કે.એન.ચાવડાના માર્ગદર્શન હેઠળ વર્ષ-૨૦૨૦ માં મોહિતકુમાર પ્રકાશચંદ્ર પીએચ.ડીનો અભ્યાસ કરી રહ્યા હતા. સુરતની બરફીવાલા કોલેજના આસિસ્ટન્ટ પ્રોફેસર પ્લાસ્ટિક વિષય પર ખાસ રિસર્ચ કરી રહ્યા હતા. અભ્યાસ દરમ્યાન તમામ સંશોધન પૂર્ણ કરીને પીએચ.ડીનો થીસીસ પણ તૈયાર કરી લીધો હતો. આ દરમ્યાન જ તેમને બ્રેઈન સ્ટોક આવતા સારવાર દરમ્યાન અવસાન થયુ હતુ. પ્રોસેફરે થીસીસ તૈયાર કર્યો હોવાથી આખી બાબત એકેડમીક કાઉન્સીલમાં લઈ જવાઈ હતી. અને એકેડમીક કાઉન્સીલની બેઠકમાં આ વિદ્યાર્થીને મરણોતર પીએચ.ડીની ડિગ્રી એનાયત કરવાનો નિર્ણય લેવાયો હતો. આગામી ૨૬ મી ફેબ્રુઆરીના રોજ યોજનારા પદવીદાન સમારંભમાં વિદ્યાર્થીના બે સંતાનોને સ્ટેજ પર બોલાવીને પિતાની ડિગ્રી એનાયત કરવામાં આવશે. આમ, જીવતા પ્રોફેસરે જોયેલું ડૉક્ટર બનવાનું સપનું અધુરું રહી ગયું હતું. ત્યારે યુનિવર્સિટી દ્વારા તેમના પરિવારને મણોપરાંત ડિગ્રી આપવાનું નક્કી કરાયું છે. યુનિવર્સિટીના પદવીદાન સમારોહમાં તેમના આખા પરિવારને આમંત્રિત કરાયો છે. તેમના જુડવા દીકરાઓના આ ડિગ્રી સમર્પિત કરાશે. આવુ પહેલીવાર હશે કે યુનિવર્સિટી મરણોપરાંત ડિગ્રી આપવા જઈ રહી છે. સુરતની વીર નર્મદ યુનિવર્સિટી દ્વારા એક મહત્વનો નિર્ણય લેવામાં આવ્યો છે.વાત જાણે એમ છે કે, તાજેતરમાં યોજાયેલ યુનિવર્સિટીની એકેડેમિક કાઉન્સિલની બેઠકમાં નવી શિક્ષણ પોલીસીમાં પાસિંગ માર્કસ ૩૬ કરાયા છે. એટલે કે હવે વીર નર્મદ યુનિવર્સિટીમાં પાસ થવા વિદ્યાર્થીઓએ ૩૬ માર્ક્સ મેળવવા પડશે.

## અંકલેશ્વરમાં બીજા યુવક સાથે ઝડપાઇ ગઇ પ્રેમિકા

। (એજન્સી) ભરૂચ, તા.૨૫ ।

ભરૂચનાં અંકલેશ્વરમાં ડબલ મર્ડરની ઘટના બનવા પામી હતી. જેમાં પરિણીતાને ૨ પ્રેમી સાથે સબંધ હોવાની જાણ પ્રેમીને થઈ જતા પ્રેમીએ બંનેને મોતને ઘાટ ઉતારી દીધા બાદ પોલીસ સ્ટેશન જઈ હત્યાની કબુલાત કરી હતી. ભરૂચનાં અંકલેશ્વરમાં ડબલ મર્ડરની ઘટનાં સામે આવી છે.

અંકલેશ્વરમાં ડબલ મર્ડરની ઘટના સામે આવી છે. સારંગપુરના યોગેશ્વર નગરમાં યુવક અને યુવતીની હત્યા કરવામાં આવી હતી. પ્રેમ પ્રકરણમાં પ્રેમીએ પ્રેમિકા અને યુવાનની હત્યા કરી હતી. તિક્ષણ હથિયારના ઘા મારી હત્યા કરી હતી. પ્રેમિકાને અન્ય યુવાન સાથે જોઈ જતા હત્યા કરવામાં આવી હતી. જીઆઈડીસી પોલીસે તપાસ શરૂ કરી છે. પરિણીતાને બે પ્રેમીઓ સાથે સંબંધ રાખવો ભારે પડ્યો હતો. પ્રેમિકા અને તેના પ્રેમીને અન્ય પ્રેમીએ મોતને ઘાટ ઉતારી પોતે પોલીસ સમક્ષ હાજર થઈ હત્યા કર્યાની કબૂલાત કરી હતી.

અંકલેશ્વરના સારંગપુરમાં ખૂની ખેલ ખેલાયો છે. એક પરિણીત યુવતીને ૨ પ્રેમીઓ સાથે સંબંધ રાખવો ભારે પડ્યો છે. મીડિયા અહેવાલ અનુસાર, ઝઘડિયાના રાણીપુરાના રહેવાસી હિતેશ વસાવા અને રાણીપુરાના રોહન વસાવાના અંકલેશ્વરમાં રહેતી એક પરિણીતા સાથે પ્રેમસંબંધ હતો.










માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા.લિ. ૧૪/૨, કાલીદાસ મીલ કમ્પાઉન્ડ, ગોમતીપુર, અમદાવાદ-૨૧. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨